ISSN 2319-3522

સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે
વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક

# સમાજકારણ

વર્ષઃ ૭ જુલાઈ, ૨૦૧૩ અંકઃ ૨

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | ગાંધીના આર્થિક વિચારોના તાર્કિક પાયાની શોધ | ડૉ. કે. કે. ખખ્ખર | ૧ |
| ૨. | સામાજિક શાસ્ત્રો અને વૈજ્ઞાનિક પદ્ધતિ-કેટલાંક નિરીક્ષણો | ધવલ મહેતા | ૯ |
| ૩. | બહુસાંસ્કૃતિકતા | યોગેન્દ્ર માંકડ | ૧૪ |
| ૪. | મૂળસોતાં ઉખડેલાં : પંચમહાલના નાયક આદિવાસીઓના વિસ્થાપનની સંઘર્ષકથા | ડૉ. અરુણ વાઘેલા | ૨૨ |
| ૫. | ગ્રાહક-સંસ્કૃતિના સંસ્થાન તરીકે ડેરી મિલ્કની જાહેરખબરનો અભ્યાસ | ડૉ. પુનિતા હર્ણે | ૨૭ |
| ૬. | નર્મદા જિલ્લાના દરેક આદિવાસી કુટુંબનું સર્વેક્ષણ | ડૉ. ધનજી બી. પટેલ<br>શ્રી પરેશ ચૌહાણ | ૩૪ |
| ૭. | પુસ્તક પરિચય : સમકાલીન ગુજરાતી સમાજ | પ્રા. રમેશભાઈ શાહ | ૪૦ |
| ૮. | પ્રવૃત્તિ-અહેવાલ : | ડૉ. સારિકા દવે | ૪૩ |


ગુજરાત સામાજિક સેવામંડળનું મુખપત્ર

સમાજકારણ (અર્ધવાર્ષિક)
સંપાદનઃ
**નલિની કિશોર ત્રિવેદી**
**હેમન્તકુમાર શાહ**

પરામર્શનઃ
**વિદ્યુત જોષી**
**રમેશ બી. શાહ**
**યોગેન્દ્ર માંકડ**
**પ્રશાંત દવે**
**અરુણ વાઘેલા**

**લેખ મોકલવા માટેનું સરનામુંઃ**
**(૧) વિદ્યુત જોષી**, પ્રમુખ, સામાજિક સેવા મંડળ
૪૪, સાકેત-૩, નંદીશ્વર મહાદેવ સામે,
બકેરી સિટી, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૧૫
મો. ૯૮૨૫૦૬૪૭૪૮

વાર્ષિક લવાજમઃ **રૂ. ૧૦૦-૦૦**
**પ્રકાશક : ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમરોડ,
અમદાવાદ - ૩૮૦૦૦૯

**સમાજકારણની લેખનસામગ્રી**

(૧) ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલાં વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ કે સંશોધનો, સામાજિક પ્રશ્નોમાં રાજકીય અને આર્થિક પ્રશ્નોનો સમાવેશ થાય તેવા લેખો.
(૨) સામાજિક સેવાકાર્યોની કે સામાજિક પ્રશ્નોના નિરાકરણ માટે લેવાતા ઉપાયોની વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચકાસણીરૂપ અભ્યાસો અને છણાવટ કરતા લેખો.
(૩) આવો અભ્યાસ કે વિવેચનો કરતાં પુસ્તકો કે અહેવાલોનો તથા શ્રેષ્ઠ કોટિના ઠરેલા અભ્યાસ સાહિત્ય (Classics)નો સાર-સંક્ષેપ તથા વિવેચન.
(૪) સામાજિક સંશોધનપદ્ધતિઓ અંગેની સરળ સમજ આપતા અને તેમની ઉપયોગિતા દર્શાવતા લેખો.

## લેખક-પરિચય

૧. ડૉ.કે.કે. ખખ્ખર :
નિવૃત્ત પ્રાધ્યાપક, અર્થશાસ્ત્ર વિભાગ
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

૨. પ્રા. ધવલ મહેતા :
પૂર્વ નિયામક, બી.કે. સ્કૂલ ઑફ મેનેજમેન્ટ,
ગુજરાત યુનિવર્સિટી.

૩. પ્રા. યોગેન્દ્ર માંકડ :
નિવૃત્ત પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર વિભાગ,
ગુજરાત યુનિવર્સિટી.

૪. ડૉ. અરુણ વાઘેલા :
એસો. પ્રોફેસર, ઇતિહાસ વિભાગ,
ગુજરાત યુનિવર્સિટી.

૫. ડૉ પુનિતા હર્ણે :
એસો. પ્રોફેસર, પત્રકારિત્વ વિભાગ,
ગુજરાત વિદ્યાપીઠ.

૬. ડૉ ધનજી બી. પટેલ :
આસી. પ્રોફેસર, તાલીમ રીસર્ચ ફાઉન્ડેશન,
બોપલ, અમદાવાદ
શ્રી પરેશ ચૌહાણ :
વ્યાખ્યાતા, તાલીમ રીસર્ચ ફાઉન્ડેશન,
બોપલ, અમદાવાદ.

૭. પ્રા. રમેશભાઈ શાહ :
નિવૃત્ત પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ,
શ્રી એચ. કે. આર્ટસ કૉલેજ, અમદાવાદ.

૮. ડૉ. સારિકા દવે :
એસો. પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ,
સી.યુ.શાહ આર્ટ્સ કૉલેજ,
લાલદરવાજા, અમદાવાદ.

મુદ્રકઃ **અર્થ કોમ્પ્યુટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઇન્કમટેક્સ, અમદાવાદ-૧૪. મો. ૯૩૨૭૦૩૬૪૧૪

# ગાંધીના આર્થિક વિચારોના તાર્કિક પાયાની શોધ

- ડૉ. કે.કે. ખખ્ખર

**પ્રારંભિક :**

એ ખરું છે કે ગાંધી અર્થશાસ્ત્રી ન હતા અને તેમણે અર્થશાસ્ત્ર વિષયનાં પાયાનાં પુસ્તકો વાંચ્યાં ન હતાં. ૧૯૧૬માં અલાહાબાદની એક કૉલેજની ઈકોનોમિક સોસાયટીની સભા સમક્ષ વ્યાખ્યાન આપતી વખતે તેમણે આવી કબૂલાત કરી હતી.(૧) તેમના કેટલાક આર્થિક વિચારો આ વ્યાખ્યાનમાં વ્યક્ત થયા હતા. આ પૂર્વે ૧૯૦૯માં ગાંધીએ હિન્દ સ્વરાજ લખ્યું.(૨) તેમના ઘણાખરા આર્થિક વિચારોને સાંકળતું આ પુસ્તક ખૂબ ચર્ચામાં રહ્યું. તે આજે પણ બૌદ્ધિકોને આકર્ષી રહ્યું છે. ઉપરાંત ગાંધીએ સંખ્યાબંધ લેખો, પત્રો, વક્તવ્યો તથા મુલાકાતો દ્વારા તેમના આર્થિક વિચારો સ્પષ્ટ કર્યા છે. વખત જતાં ગાંધીના આ વિચારોનું વિશ્લેષણ કરતાં પુસ્તકો પણ લખાયાં. ટૂંકમાં, ગાંધીના આર્થિક વિચારોને પુનઃ એકત્રિત કરીને તેની રજૂઆત અને સમીક્ષા માટે જરૂરી સામગ્રીની ખોટ નથી.

એ જાણીતું છે કે ગાંધી તેમના આર્થિક વિચારોને વાદનું સ્વરૂપ આપવાની વિરુદ્ધ હતા. તેમણે કહેલું : '' ગાંધીવાદ જેવી કોઈ વસ્તુ છે જ નહીં અને મારે મારી પાછળ કોઈ સંપ્રદાય મૂકી જવો નથી. મેં કોઈ નવું તત્ત્વ કે નવો સિદ્ધાંત શોધી કાઢ્યો છે એવો મારો દાવો નથી. મેં તો માત્ર જે શાશ્વત સત્યો છે તેને આપણા નિત્યજીવનને લાગુ કરવાનો મારી ઢબે પ્રયાસ કર્યો છે.''(૩)

ગાંધીએ તેમના આર્થિક વિચારો અંગે નમ્ર ભાવે જે કહ્યું તે છતાં તે સંબંધી શાસ્ત્રીય ચર્ચા માટે પૂરો અવકાશ છે. અલબત્ત, આવા કોઈ પ્રયાસ દ્વારા આપણો હેતુ ગાંધીને ફરજિયાત અર્થશાસ્ત્રી ઠરાવવાનો નથી. પરંતુ ગાંધીના આર્થિક વિચારોના તાર્કિક પાયાની શોધ રસપ્રદ અને ઉપયોગી નીવડવા સંભવ છે. આ સંબંધી કોઈપણ બૌદ્ધિક વ્યાયામ ગાંધીના વિચારોને વધુ સ્પષ્ટ સ્વરૂપે સમજવામાં સહાયભૂત થશે.

**ગાંધીનું જીવનદર્શન અને તેમના આર્થિક વિચારો :**

બૃહદ્ સ્વરૂપમાં ગાંધીવિચાર અને કાર્ય તેમના જીવનદર્શનનો અભિન્ન હિસ્સો છે. આગળ જણાવ્યા મુજબ, તેમણે ચોક્કસ શાશ્વત મૂલ્યોને તેમના જીવનમાં લાગુ કરવાનો પ્રયાસ કર્યો હતો. સૌની જાણકારી મુજબ આ મૂલ્યો એટલે સત્ય અને અહિંસા. ગાંધી-પ્રબોધિત 'એકાદશવ્રત'(૪) તરીકે જાણીતાં થયેલાં મૂલ્યોમાં સત્ય અને અહિંસા પ્રમુખ હતાં. આ મૂલ્યો તેમના જીવન-દર્શનનો સાર છે.

ગાંધીના આર્થિક વિચારોના તાર્કિક પાયાની શોધ કરનારાઓ સામે તાતો પ્રશ્ન એ છે કે શું ગાંધીના જીવનદર્શનને તેમના આર્થિક વિચારોના તાર્કિક પાયા તરીકે પ્રયોજી શકાય ? આ પ્રશ્નનો ઉત્તર સરળ નથી. પરંતુ તે માટેનો પ્રયાસ મુલતવી રાખી શકાય નહીં.

**ગાંધીની સત્યલક્ષિતા એટલે તેમની ખરી આત્મલક્ષિતા :**

ગાંધીવિચારનું સૌથી પ્રાણવાન તત્ત્વ એટલે સત્ય. તેમણે સત્ય અને અહિંસાને અભિન્ન અને એક જ સિક્કાની બે બાજુઓ સમાન ગણ્યાં છે.(૫) તેમને માટે સત્યની ખોજ એ આત્મખોજનો વિષય હતો. તેમણે ઉઠાવેલા આર્થિક પ્રશ્નોનાં મૂળ પણ તેમની સત્યલક્ષિતા કે આત્મલક્ષિતાના પ્રદેશમાં હતાં. ભારતના આર્થિક ઈતિહાસસંબંધી આર.સી. દતે લખેલા પુસ્તકમાં ભારતના ગ્રામીણ કારીગરોની દુર્દશાનું વર્ણન વાંચીને તેઓ રડી પડેલા.(૬) બુદ્ધ થતાં પહેલાં રાજકુમાર સિદ્ધાર્થે બીમાર, વૃદ્ધ અને મૃતકને જોઈને વ્યથિત હૃદયે પ્રશ્ન કરેલો કે શું જીવન આટલું બધું કરુણ હોઈ શકે ? બંગાળના ભયાનક દુષ્કાળ દરમ્યાન ભૂખમરાથી ટપોટપ મરતા લોકોને જોઈને બાળક અમર્ત્ય સેનના હૃદયમાં પણ આવો જ સવાલ ઊઠેલો. ગાંધીની વિશેષતા એ છે કે તેઓ કર્મશીલ પણ હતા. ગરીબ સ્ત્રીના અંગને ઢાંકવા પોતાનું વસ્ત્ર આપી દઈને ગાંધી બેસી રહ્યા નહીં. ખાદીને તેમણે જીવનમંત્ર

બનાવ્યો. તેઓ કર્મઠ હતા. હૃદયના ઊંડાણમાંથી ઊઠેલા પ્રશ્નનો ઉત્તર તેમણે બુદ્ધિના પ્રદેશમાંથી શોધ્યો અને કાર્યસ્વરૂપે આપ્યો. ગાંધીએ આત્મલક્ષી સત્યને પ્રયોગોની મદદથી પરલક્ષી બનાવ્યું. ગાંધી માટે આત્મલક્ષિતા અને પરલક્ષિતાની સામગ્રી એક જ હતી.

**ગાંધી અર્થવિચાર : આદર્શલક્ષી તેમજ વાસ્તવલક્ષી :**

જો ગાંધીવિચારમાં આત્મલક્ષિતા તથા પરલક્ષિતાની સામગ્રી એક જ હોય તો તે આદર્શલક્ષી હોવા છતાં વાસ્તવલક્ષી બની રહે છે. આ સંદર્ભમાં રમેશભાઈ શાહ લખે છે : ''વૈજ્ઞાનિકતાની કોઈ પણ વ્યાખ્યા પ્રમાણે જીવન તથા જીવનના પ્રશ્નો પરત્વેનો ગાંધીનો અભિગમ વૈજ્ઞાનિક હતો.''[૭] તેમણે આ વિધાનની પુષ્ટિ માટે કેટલાંક દૃષ્ટાંતો તેમના લેખમાં ટાંક્યાં છે. ગાંધીએ જેને સત્ય કહ્યું તેને તેમણે પ્રયોગોના અંતે સ્વીકૃત ગણ્યું. આથી જ ગાંધીવિચાર આજે પણ કલ્યાણલક્ષી આર્થિક નીતિના ઘડતર માટે માર્ગદર્શક બની રહ્યો છે.

**નૈતિકતાનો મુદ્દો :**

ગાંધીએ આર્થિક વર્તણૂકની નૈતિક બાજુ પર અસાધારણ ભાર મૂક્યો હતો. આ બાબતમાં તેઓ મુખ્ય ધારાના અર્થશાસ્ત્રથી સ્પષ્ટપણે અલગ પડે છે. તેમણે લખ્યું છેઃ'' મારે કબૂલ કરવું જોઈએ કે હું અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર વચ્ચે સ્પષ્ટ અથવા કોઈ પણ પ્રકારની ભેદરેખા દોરતો નથી.''[૮] ગાંધીના મતે નૈતિક બાબતોથી અલગ પડી જઈને અર્થશાસ્ત્રે તેનું વજૂદ મહદ્-અંશે ગુમાવી દીધું હતું. આથી સામાન્યપણે સ્વીકૃત ગણાતા આર્થિક સિદ્ધાંતો નીતિઘડતર માટે અપ્રસ્તુત બની ગયા હતા. તેમણે એમ પણ ઉમેરેલું કે ખરેખર આ સિદ્ધાંતોનો વ્યવહારમાં અમલ કરવામાં આવે તો લોકો દુઃખી થશે.[૯]

ગાંધીએ નૈતિકતાના પરિમાણને વ્યવહારુ અભિગમથી સ્વીકાર્યો હતો. તેઓ સામાન્ય આર્થિક અને ધંધાકીય વ્યવહારો માટે પણ નૈતિકતાને પ્રસ્તુત ગણતા. ખાસ તો જ્યારે લોકો પાસે સાધનો મર્યાદિત હોય ત્યારે વિકલ્પોની પસંદગી સમયે નૈતિકતા વધુ પ્રસ્તુત બની રહે છે તેમ ગાંધી માનતા હતા.[૧૦]

નૈતિક ધોરણોના અનુસરણની બાબતમાં તેમણે વ્યક્તિને મહત્ત્વની ગણીને જણાવેલું કે જો વ્યક્તિ નૈતિક સિદ્ધાંતોનું અનુસરણ ન કરી શકે તો રાષ્ટ્ર શી રીતે નૈતિક બની શકે ? તેમણે માનવ-વર્તણૂકની તપાસ માટે વ્યક્તિનો એકમ તરીકે સ્વીકાર કર્યો હતો. પરંતુ તેમણે વ્યક્તિને સમાજથી અલગ ગણી ન હતી.[૧૧]

**ગાંધીવિચારમાં નૈતિકતા પાછળનો તર્ક :**

ગાંધીના આર્થિક વિચારોમાં પાયામાં નૈતિકતાનું તત્ત્વ કેન્દ્રસ્થ હોવા છતાં તે તાર્કિકતાથી પર નથી. ગાંધીએ પ્રયોજેલા નૈતિકતાના ખ્યાલને પરિણામલક્ષી તર્કનો ટેકો મળી રહે છે. ગાંધી-પ્રબોધિત સત્ય અને તેની સાથે અભિન્ન રીતે જોડાયેલી અહિંસા પરિણામલક્ષી તર્કની મદદથી ખુદ ધર્મ - પ્રબોધિત સત્યની સામે પણ જબરો પ્રતિવાદ કરે છે.[૧૨] વ્યક્તિ અને સમાજનું ધ્યેય સુખ-શાંતિ મેળવવાનું હોય, અને તે અહિંસાથી મળી શકે તેમ હોય તો તે મેળવવાનાં સાધનો પણ અહિંસક હોવાં ઘટે તે ગાંધીનો સાધન-શુદ્ધિનો ખ્યાલ છે. આ ખ્યાલને હેતુઓ અને સાધનો વચ્ચેના 'તાલમેળના તર્ક' (correspondence rationality)નો આધાર પ્રાપ્ત છે. આ સંદર્ભમાં ગાંધીએ લખ્યું છે કે આપણે જે કંઈ મેળવવા ઈચ્છતા હોઈએ તે પહેલાં સ્પષ્ટપણે નક્કી કરી લેવું જોઈએ કે આપણે ખરેખર શું ઈચ્છીએ છીએ.[૧૩]

એક તરફ ગાંધી સંભવિત પરિણામના પરિપ્રેક્ષ્યમાં સાધન-પસંદગી સંબંધી આગોતરો વિચાર કરે છે તો બીજી તરફ પરિણામ મળી ગયા બાદ તેમાં મૂલ્યાંકનના આધારે, લેવામાં આવેલા નિર્ણય અંગે ફેરવિચારણા જરૂરી હોય તો તેઓ તે માટે તુર્ત જ તૈયાર થઈ જાય છે. ગાંધીનો આ વિરોધાભાસ નથી પરંતુ તે તેમની 'ફેરવિચારની તાર્કિકતા' (reflection rationality)[૧૪] છે. ગાંધી આ તાર્કિકતાની મદદથી બદલાતા જતા સંજોગોમાં હેતુઓ અને સાધનો વચ્ચેની સુસંગતતા (consistency) ની જાળવણી કરવા પ્રયાસ કરે છે. પરંતુ, આમ કરવા જતાં ગાંધી ખૂબ ગતિશીલતા દાખવે છે અને મુખ્ય વિચારધારાના અર્થશાસ્ત્રમાં વર્તનની સુસંગતતાની પૂર્વશરત તરીકે પરિકલ્પિત 'અસંક્રમકતા' (intransitivity)ના ખ્યાલનો પ્રતિવાદ કરે છે. મુખ્ય

અર્થશાસ્ત્ર વર્તનની સુસંગતતા માટે વ્યક્ત પસંદગીઓમાં ફેરબદલાવને નકારે છે. ગાંધી માને છે કે સ્વીકારવામાં આવેલાં મૂળ ધ્યેયો કે હેતુઓની પરિપૂર્તિ માટે જરૂર પડ્યે પસંદગીઓના ક્રમમાં બદલાવ લાવવો જરૂરી છે. અન્યથા, મૂળ ધ્યેય કે હેતુને નુકસાન થઈ શકે છે. ગાંધીએ યંત્રો અને ટેકનોલોજી સંબંધી અગાઉ સૂચવેલી પસંદગીઓને વખત જતાં બદલી હતી. ગાંધીના આ ફેરફારને 'ફેરવિચારની તાર્કિકતા'ની મદદથી સમજાવી શકાય છે. આથી જ ગાંધીએ બહુ સ્પષ્ટ રીતે કહેલું : ''મેં જે અભિપ્રાયો બાંધ્યા છે અને હું જે નિર્ણયો પર આવ્યો છું તે છેવટના નથી. હું તો કાલે એ બદલું.''[૧૫]

**ધ્યેય અથવા હેતુલક્ષિતા અને ગાંધીવિચાર :**

ગાંધીવિચાર અંતર્ગત નૈતિકતાનો મુદ્દો માનવ-વર્તણૂકની સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલો છે. આથી જ તેમણે અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્રને અભિન્ન ગણ્યા હતા. પરંતુ, હેતુલક્ષિતાના મુદ્દા પર ગાંધીવિચાર મુખ્ય ધારાના અર્થશાસ્ત્રથી તદ્દન અલગ પડે છે અને તેની સામે સીધો પ્રતિવાદ કરે છે. ગાંધીના મતે જો અર્થશાસ્ત્રને નીતિશાસ્ત્રથી અલગ પાડી શકાય તેમ ન હોય તો અર્થશાસ્ત્ર હેતુનિરપેક્ષ હોઈ શકે નહીં, સ્વાભાવિક રીતે જ ગાંધી **અર્થશાસ્ત્રમાં બહુચર્ચિત રોબિન્સની વ્યાખ્યા સામે ઊભા રહી જાય છે. આમ, ગાંધીના આર્થિક** વિચારોને જો શાસ્ત્રના સ્વરૂપમાં સુગ્રથિત કરવા હશે તો તેની શરૂઆત વ્યાખ્યાથી જ કરવી પડશે. પરંતુ, આગળ કરેલી સ્પષ્ટતા મુજબ આપણો ઈરાદો ગાંધીને અર્થશાસ્ત્રી ઠરાવવાનો નથી. કેમકે તે એક રીતે તેમને વ્યાખ્યાબદ્ધ કરવાનો પ્રશ્ન છે તેવી મહત્ત્વની સમજણ પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી જે. જે. અંજારિઆએ આપેલી.[૧૬] ગાંધીવિચાર ખુદ એટલો ગતિશીલ અને ખુલ્લો છે કે તેને વ્યાખ્યાબદ્ધ કરવા જતાં તે સીમાબદ્ધ કે સાંપ્રદાયિક બની જશે. ગાંધીએ આમ ઈચ્છેલું નહીં તે સુવિદિત છે.

**ગાંધી અર્થવિચાર અને નિર્ણયીકરણની સમસ્યા :**

ગાંધીના આર્થિક વિચારોને વ્યાખ્યાબદ્ધ ન કરીએ તો પણ ગાંધીના દૃષ્ટિબિંદુથી આર્થિક નિર્ણયીકરણના પ્રશ્નને સમજવો રહ્યો. મુખ્ય ધારાનું અર્થશાસ્ત્ર તેને પસંદગીની સમસ્યા તરીકે ઓળખે છે. ગાંધી પાસે આ સમસ્યાનો ઉકેલ હોય તો તેની ચર્ચા અહીં પ્રસ્તુત છે. મુખ્ય ધારાના અર્થશાસ્ત્ર અનુસાર પસંદગીની સમસ્યાના મૂળમાં અમર્યાદિત જરૂરિયાતો અને તેને પૂરી કરવા માટેનાં સાધનો મર્યાદિત અને વૈકલ્પિક ઉપયોગો ધરાવતાં હોવાનું જણાવાયું છે.

ગાંધી મુખ્ય ધારાના અર્થશાસ્ત્રની એ વાતનો સ્વીકાર કરે છે કે જરૂરિયાતો પૂરી કરવાનાં સાધનો અછત ધરાવે છે તથા તેના વૈકલ્પિક ઉપયોગો હોય છે પરંતુ ગાંધીનો પ્રતિવાદ અમર્યાદિત જરૂરિયાતોના સંદર્ભમાં વધુ સ્પષ્ટ રીતે વ્યક્ત થયો છે. તેઓ મુખ્ય ધારાના અર્થશાસ્ત્રની એ વાત સાથે સંમત થતા નથી કે જરૂરિયાતો અમર્યાદિત હોય છે અને તેમાં નિરંતર વૃદ્ધિ થયા કરે છે.

આર્થિક નિર્ણયીકરણ કે પસંદગીનો પ્રશ્ન વ્યક્તિની જીવનશૈલી સાથે જોડાયેલો છે તેમ ગાંધીવિચારમાં અભિપ્રેત છે. ધ્યેય-નિષ્ઠ કે હેતુ-નિષ્ઠ જીવન જીવતા લોકો માટે હેતુને અનુરૂપ સાધનોની પસંદગી આપોઆપ થઈ જશે. આપવામાં આવેલા સાધનના વૈકલ્પિક ઉપયોગોમાંથી શ્રેષ્ઠ ઉપયોગની પસંદગી ગાંધીવિચાર હેતુઓ અને સાધનો વચ્ચેના તાલમેળના તર્કથી નક્કી કરી આપશે. વ્યક્તિ પોતાની જીવનશૈલી એવી નક્કી કરી શકે છે કે જેથી અમર્યાદિત જરૂરિયાતોની સમસ્યા તેને પરેશાન કરે નહીં. અલબત્ત ટીકાકારો એમ કહી શકે કે ગાંધી-પ્રબોધિત જીવનશૈલી આર્થિક નિર્ણયીકરણની સમસ્યાનું અતિસરળીકરણ છે. પરંતુ આવી ટીકાના યોગ્ય પ્રત્યુત્તર માટે ગાંધીના આર્થિક વિચારોના વધુ સંગીન તાર્કિક પાયાની શોધ અનિવાર્ય છે.

**ઉપયોગિતાવાદ અને ગાંધીવિચાર :**

ઉપયોગિતાવાદે મુખ્ય ધારાના અર્થશાસ્ત્રના સૈદ્ધાંતિક પાયાની રચનામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી છે. ગાંધીના આર્થિક વિચારોના તાર્કિક પાયાની શોધ માટે ઉપયોગિતાવાદ મદદ કરી શકે ખરો ? જો તેનો જવાબ 'હા' હોય તો બન્ને વિચાર - પ્રવાહો ક્યા મુદ્દે અલગ પડે છે તે શોધવું રહ્યું.

ઉપયોગિતાવાદ તેના મૂળરૂપમાં તત્ત્વજ્ઞાનની વિચારશાખા છે અને તે 'સુખ'ની સંકલ્પનાને સાંકળે છે. બેન્થામે[૧૭] આ સંકલ્પનાને વ્યક્તિની સ્વાર્થપૂર્ણ વર્તણૂકનો પર્યાય ગણી કાઢી, જેના પર મુખ્યધારાના અર્થશાસ્ત્રના સૈદ્ધાંતિક માળખાનું ઘડતર થયું. ગાંધીવિચાર પણ ઉપયોગિતાવાદના મૂળ તત્ત્વ, અર્થાત્ સુખના ખ્યાલનો જરૂર સ્વીકાર કરે છે. પરંતુ તેમાં વ્યક્તિની સ્વાર્થ-રહિત વર્તણૂકનો પણ સમાવેશ થાય છે. વળી, ઉપયોગિતાવાદનો એક અગત્યનો આધાર-સ્તંભ પરિણામલક્ષી નીતિશાસ્ત્ર છે, જેનો સ્વીકાર બેન્થામ કરતા નથી પરંતુ ગાંધી કરે છે. બેન્થામ માત્ર વ્યક્તિના કાર્ય કે તેના વ્યવહારની ચર્ચા કરે છે. જ્યારે ગાંધી કાર્યના પરિણામની પણ ચર્ચા કરે છે. આથી જ વ્યક્તિની માત્ર સ્વાર્થપૂર્ણ વર્તણૂકની ચર્ચા કરતું આધુનિક અર્થશાસ્ત્ર આર્થિક નીતિઓના ઘડતરની બાબતમાં કાચું પડ્યું હોવાનું માનવામાં આવે છે. તેથી જ આધુનિક અર્થશાસ્ત્રે ''ભૂલ્યા ત્યાંથી ફરી ગણવું'' હોય તો ઉપયોગિતાવાદની ફેરતપાસ થવી જોઈએ અને તેને ગાંધીવિચારના પ્રકાશમાં વધુ અર્થસંગત બનાવવાની કોશિશ કરવી જોઈએ.

**બેન્થામ પૂર્વેનો ઉપયોગિતાવાદ અને ગાંધીવિચાર :**

ગાંધીવિચારના પ્રકાશમાં ઉપયોગિતાવાદની ફેરતપાસ માટે આપણે બેન્થામની પહેલાના સમયમાં પાછા જવું રહ્યું. આવી તપાસ આપણને સુખની સંકલ્પનાના મૂળ સુધી લઈ જાય છે. એવું જણાવાયું છે કે એરિસ્ટોટલે તેમના પુસ્તક Nicomachean Ethics [૧૮]માં પ્રયોજેલી પરિભાષા Eudaimonia (યુડેઈમોનિઆ) નું અંગ્રેજી ડિક્ષનેરી ભાષાંતર Happiness અર્થાત્ 'સુખ' કરવામાં આવ્યું, અલબત્ત આ બન્નેની અર્થચ્છાયાઓમાં તફાવત હોવાનું કેટલાક નિષ્ણાતોનું માનવું છે, ગ્રીક શબ્દ અનુસાર Eudaimoniaનો અર્થ 'સુખી હોવું' (being happy) અને અંગ્રેજી શબ્દ Happiness નો અર્થ 'સુખનો અનુભવ' (feeling happy) એવો કરવામાં આવે છે. ગ્રીક શબ્દ વસ્તુલક્ષી સ્થિતિ (Objective conditions) પર ધ્યાન આપે છે. જ્યારે અંગ્રેજી શબ્દ સુખની માનસિક સ્થિતિનું બયાન કરે છે.

ઉપર્યુક્ત બન્ને શબ્દોના અર્થ વચ્ચેના તફાવતની અતિશયોક્તિ કર્યા વગર એટલું સમજવું જરૂરી છે કે આવક, સંપત્તિ અને ચીજવસ્તુઓની સતત જમાવટ થવા છતાં વ્યક્તિ સુખી ન હોય તેવું બની શકે છે. આ દૃષ્ટિએ સુખ એટલે આનંદ એમ માની લેવું યથાર્થ નથી. તમામ આનંદી વ્યક્તિઓ સુખી હશે જ તેમ કહી શકાય નહીં. પરંતુ, સુખી વ્યક્તિ આનંદનો અનુભવ કરતી હોવાનું માની શકાય. લાંચ-રુશ્વત લેનારી વ્યક્તિ આનંદનો અનુભવ કરતી હશે. પરંતુ તેથી તે સુખી હશે તેમ માનવું વધુ પડતું છે. આમ, સુખને આવક સાથે હંમેશાં સીધો કે પ્રત્યક્ષ સંબંધ હોય છે તેમ ધારી શકાય નહીં.

**આર્થિક કલ્યાણ કે આર્થિક સુખાકારી ? :**

ઉપયોગિતાવાદ આધારિત મુખ્ય ધારાનું અર્થશાસ્ત્ર આર્થિક કલ્યાણને વ્યક્તિના જીવનધોરણ સાથે સાંકળે છે, નહીં કે તેની જીવનશૈલી સાથે. વ્યક્તિની આવક, સંપત્તિ અને ઉપભોગમાં વધારો થવાથી તેનો આર્થિક ઉત્કર્ષ થયો જણાશે. પરંતુ, તેથી તેની સુખાકારીમાં વધારો થશે જ તેમ માની શકાય નહીં. બેન્થામનો ઉપયોગિતાવાદ આર્થિક કલ્યાણને જીવન-ધોરણ અને આર્થિક ઉત્કર્ષની સાથે જોડે છે, વ્યક્તિની સુખાકારીની સાથે નહીં. એ સ્પષ્ટ છે કે ગાંધીના આર્થિક વિચારો આપણને એરિસ્ટોટલની સુખની સંકલ્પનાની નજીક લઈ જાય છે, જ્યારે મુખ્ય ધારાનું અર્થશાસ્ત્ર બેન્થામની સ્વાર્થ-પ્રેરિત સુખની સંકલ્પના પાસે અટકીને ઊભું રહી જાય છે.

**ઉપભોક્તાવાદ અને નીચા સુખનું પિંજર :**

ગાંધીવિચાર દ્વારા ખુલ્લા થતા માર્ગ પર આગળ ચાલતાં સીટોવસ્કીનો 'નીચા સુખના પિંજર'નો ખ્યાલ સ્પષ્ટ બને છે.[૧૯] સીટોવસ્કીના જણાવવા પ્રમાણે, આવકમાં વૃદ્ધિ થતાં લોકો તેમની ચીજવસ્તુની માંગમાં યંત્રવત્ વધારો કરે છે અને તેઓ વખત જતાં ખરીદીના 'વ્યસની' બની જાય છે. આવા લોકોને ભાગ્યે જ ખ્યાલ આવે છે અથવા ખૂબ મોડો ખ્યાલ આવે છે કે તેમના ઉપભોગમાં વધારો થવા છતાં તેમના સુખમાં વધારો

થયો નથી. સીટોવસ્કી તેમને 'નીચા સુખના પિંજર'માં ફસાયેલા લોકો તરીકે ઓળખાવે છે. લોકોને આવા પિંજરમાંથી મુક્ત કરવાનો ગાંધીવિચાર અનુસારનો ઉપાય જીવનનાં ચોક્કસ ધ્યેયો કે હેતુઓ નક્કી કરવામાં અને તે મુજબ જીવન-શૈલી અપનાવવામાં રહેલો છે. મુખ્ય ધારાના અર્થશાસ્ત્રમાં કથિત, સતત વધતી જતી જરૂરિયાતોની પરિકલ્પના સામે ગાંધીવિચાર ઉપભોક્તાવાદનાં પરિણામોના સંદર્ભમાં વધુ સ્પષ્ટરૂપે સમજી શકાય છે.

**સુખનો વિરોધાભાસ અને ગાંધીવિચાર :**

સીટોવસ્કીના નીચા સુખના પિંજરના ખ્યાલને કેટલાક મનોવિજ્ઞાનીઓ દ્વારા હાથ ધરાયેલા અભ્યાસોનું સમર્થન મળ્યું છે.[૨૦] 'ટ્રેડમીલ' અને 'સેટ-પોઈન્ટ'ના ખ્યાલો રજૂ કરીને આ નિષ્ણાતોએ એમ જણાવ્યું કે આવક અને સંપત્તિમાં વધારો થવા સાથે વ્યક્તિના સુખમાં હંમેશાં વધારો થતો નથી. બલ્કે, ઘણાખરા કિસ્સાઓમાં તે સ્થિર રહે છે. ટ્રેડમીલ પર ઊભેલી વ્યક્તિ ગમે તેટલું આગળ ચાલવા કોશિશ કરે છતાં તે એક જ સ્થાન પર સ્થિર રહે છે. આવું જ સુખની બાબતમાં પણ બને છે. તેમના કહેવા મુજબ સુખનું આ સ્થાયી બિન્દુ છે.[૨૧]

નીચા સુખનું પિંજર, ટ્રેડમીલ કે સુખના સ્થાયીબિન્દુના ખ્યાલોનો સમાવેશ 'સુખના વિરોધાભાસ' (Paradox of Happiness) તરીકે જાણીતી ચર્ચા અંતર્ગત કરવામાં આવે છે. તેઓ એમ સમજાવે છે કે આવક અને ઉપભોગના વધારા સાથે લોકોનું જીવનધોરણ અનુકૂલન સાધી લે છે. આથી લોકોની ચીજવસ્તુઓ માટેની માંગ અને આ વસ્તુઓ પરની તેમની માલિકીમાં વધારો થયો છે એટલું જ. પરંતુ, નીચી આવકે પ્રાપ્ત વસ્તુઓ અને અપેક્ષિત વસ્તુઓ વચ્ચે જે પ્રમાણ-સંબંધ (Ratio) જોવા મળે છે તે ઊંચી આવકે પણ જળવાઈ રહે છે. આથી એમ સૂચિત થાય છે કે કોઈ એક તબક્કે પ્રાપ્ત વસ્તુઓ સામે અપેક્ષિત વસ્તુઓની માંગ અંકુશિત થઈ શકે તો જ સુખના વિરોધાભાસને આગળ વધતો અટકાવી શકાય અને નીચા સુખના પિંજરમાંથી મુક્ત થવાનો માર્ગ મળી શકે. ગાંધીવિચાર આવો માર્ગ પ્રશસ્ત કરવાની ક્ષમતા ધરાવે છે.

**વર્તનની તાર્કિકતા અને સુખનો વિરોધાભાસ :**

બેન્થામના ઉપયોગિતાવાદ પરિકલ્પિત ગ્રાહકના વર્તનની તાર્કિકતા સુખના વિરોધાભાસના સંદર્ભમાં સમજાવવી મુશ્કેલ બની જાય છે. આ અંગેની સેનની દલીલ ધ્યાન ખેંચે તેવી છે. તેમણે કહ્યું કે જો લોકો ખરેખર તર્કબદ્ધ વર્તન કરતા હોય તો સુખનો વિરોધાભાસ સર્જાય જ નહીં.[૨૨] તેમણે સ્પષ્ટ કર્યું કે તાર્કિકતાનો સબળ સિદ્ધાંત તર્કબદ્ધ વ્યક્તિના વર્તનને જીવનના હેતુઓ અને મૂલ્યોની સાથે જોડી આપે છે. આથી એમ પણ સૂચિત થાય છે કે ગાંધીવિચાર અનુસારનું, જીવનના ચોક્કસ હેતુઓ અને મૂલ્યો તરફ લઈ જતું લોકોનું વર્તન વધુ તર્કબદ્ધ છે. લોકોની જીવનશૈલી પણ આ હેતુઓ અને મૂલ્યો નક્કી કરી આપે છે. સેન વધુ સ્પષ્ટતા કરે છે કે ખુદ જીવનધોરણનું મૂલ્ય જીવનશૈલીમાં છે, ચીજવસ્તુઓ પરના અધિકારમાં નહીં. તેમના મત અનુસાર જીવન જીવવાના ચોક્કસ ધ્યેયો અને તે સંદર્ભમાં કરવામાં આવેલો સંઘર્ષ કે આપવામાં આવેલ અંગત બલિદાનો જીવનનું મૂલ્ય નક્કી કરે છે.[૨૩] ગાંધીનું સમગ્ર જીવન આ બાબતની પુષ્ટિ કરે છે.

**ઉપભોક્તાવાદની બાહ્ય અસરો અને ગાંધીવિચાર :**

ગાંધીવિચાર અંતર્ગતનું, જીવનધોરણના સ્થાને જીવનશૈલીનું મહત્ત્વ આધુનિક ઉપભોક્તાવાદની બાહ્ય અસરોના સંદર્ભમાં વધુ સ્પષ્ટ બને છે. આધુનિક યંત્રવાદના પ્રવાહમાં ઉત્પન્ન થતી સંખ્યાબંધ પેદાશો નકારાત્મક બાહ્ય અસરો ધરાવતી જોવા મળે છે. આવી ચીજવસ્તુઓનું વધુ ઉત્પાદન અને ઉપભોગ લોકોને ભોગવાદી સંસ્કૃતિનાં વિનાશક પરિણામો તરફ લઈ જાય છે તેમ ગાંધીવિચારનું માનવું છે. ખુદ મુખ્ય ધારાના અર્થશાસ્ત્ર અનુસાર નકારાત્મક બાહ્ય અસરો ધરાવતી વસ્તુઓ (ડી-મેરિટ ગુડ્ઝ)નું વધુ ઉત્પાદન 'પેરેટો-બિનકાર્યક્ષમ' સાબિત થાય છે અને તે બજારોની નિષ્ફળતાનું મહત્ત્વનું કારણ બની રહે છે.[૨૪] ઉપરાંત, અનિયંત્રિત ઉપભોગવાદની પર્યાવરણીય સંસાધનો પરની નકારાત્મક બાહ્ય અસરોએ ગાંધીવિચારને વધુ પ્રસ્તુત બનાવ્યો છે. આવી અસરોને કેટલાક પર્યાવરણવિદોએ

'હિંસક' ગણાવી ગાંધીવિચારને વધુ પ્રસ્તુત બનાવવામાં મદદ કરી છે.[૨૫]

**ગાંધીવિચારમાં લોભવૃત્તિ સામે જરૂરિયાતોનો પ્રશ્ન :**

ગાંધી જ્યારે ભોગવાદી સમાજ સામે લાલબતી ધરે છે ત્યારે તેમનો વિરોધ ચીજવસ્તુઓ માટેની લોકોની લોભવૃત્તિ સામે છે. તેઓ લોકોની જરૂરિયાતોની અવગણના કરતા નથી. ગાંધીનું એ વિધાન કહેવતરૂપ બની ગયું છે કે તમામ લોકોની જરૂરિયાતો સંતોષી શકાય. પરંતુ, કોઈ એક વ્યક્તિના લોભને પોષી શકાય નહિ.

આ તકે માંગ અને જરૂરિયાતોની વચ્ચે તફાવત કરવો જરૂરી છે. લોકો તેમની વધતી આવકો સાથે વસ્તુઓની માંગમાં વધારો કરે છે ત્યારે તે બજારમાંગનો વિષય બને છે. પરંતુ, લોકોની એવી કેટલીક પાયાની અથવા મૂળભૂત જરૂરિયાતો હોય છે, જેને સમાજના કેટલાક લોકો ખરીદશક્તિના અભાવમાં બજારમાં વ્યક્ત કરી શકતા નથી. પરંતુ આવી જરૂરિયાતો બજારમાં વ્યક્ત ન થઈ શકે એટલે તે જરૂરિયાતો મટી જતી નથી. વળી, આ જરૂરિયાતો વ્યક્તિની ક્ષમતાઓ અને કામગીરીને ખૂબ નજીકથી અસર કરતી હોઈ શકે છે. ગાંધી અહીં પ્રસ્તુત બને છે અને તેમનો વિકેન્દ્રિત અને સ્વનિર્ભર ગ્રામ-અર્થવ્યવસ્થાનો ખ્યાલ મહત્ત્વનો બની રહે છે.

ઉપરાંત વ્યક્તિની જરૂરિયાતો માત્ર ભૌતિક જ હોતી નથી. કેટલીક અભૌતિક જરૂરિયાતોની પૂર્તિ તેને વધુ સુખી બનાવી શકે છે. આ માટે વ્યક્તિએ ધનિક હોવું જરૂરી નથી. આદમ સ્મિથે તેની ચર્ચા વિશદ રીતે કરી છે.[૨૬] પારસ્પરિક સહાનુભૂતિ, સમ-સંવેદના અને સાથીભાવ ઈત્યાદિ અભૌતિક જરૂરિયાતો વિકેન્દ્રિત સમાજોના નાનાં-મોટાં લોકવર્તુળોમાં સહજ રીતે પૂરી થાય છે. આવા સમાજોમાં સામાજિક આંતરક્રિયાનું પ્રમાણ વધુ હોવાનું સ્વાભાવિક છે.

**ગાંધીવિચારમાં જરૂરિયાતોની પૂર્તિ સાથે માનવવિકાસ :**

ગાંધીવિચાર અંતર્ગત લોકોની જરૂરિયાતો પૂરી કરવાનો મુદ્દો માત્ર પાયાની જરૂરિયાતો પૂરી કરવા પૂરતો જ મર્યાદિત નથી, પરંતુ તેથી કંઈક વિશેષ છે. જો ગાંધીનું જીવન એ જ તેમનો સંદેશ હોય તો તેમના જીવનનો ઝીણવટથી અભ્યાસ કરવાથી માનવવિકાસ સંબંધી અનેક મથામણો પર વિશેષ પ્રકાશ પડી શકે તેમ છે. પરંતુ આ માટે આપણે ફરીથી એરિસ્ટોટલના સુખની સમજણના પ્રદેશમાં જવું પડશે.

એરિસ્ટોટલે સુખ માટે ગ્રીક પરિભાષા Eudaimonia પ્રયોજી જેમાં Eudaimonism નો અર્થ One's daimon અર્થાત્, વ્યક્તિની મૂળ પ્રકૃતિ કે તેનો 'સ્વભાવ' એવો થાય છે. આ અર્થમાં એરિસ્ટોટલે એમ કહેલું કે વ્યક્તિ માટે સુખ એટલે તેનું મનુષ્ય તરીકે સંપૂર્ણ ખીલવું, ફૂલનું તેની પ્રકૃતિ અનુસાર ખીલવું જેટલું કુદરતી છે તેટલું જ કુદરતી મનુષ્યનું તેની મૂળ પ્રકૃતિ અનુસાર ખીલવું છે. બેન્થામે સુખની સંકલ્પનાને મનુષ્યના નિજી સ્વાર્થ પૂરતી મર્યાદિત બનાવી અને તે માટે સુખને 'ઉપયોગિતા'ના રૂપમાં ઢાળવા પ્રયાસ કર્યો. પરંતુ, આવા મર્યાદિત અર્થ ધરાવતા ઉપયોગિતવાદના માર્ગે વ્યક્તિ આર્થિક દૃષ્ટિએ ગમે તેટલી સમૃદ્ધ થાય તો પણ તે સુખી થઈ શકે નહીં તેની ચર્ચા આગળ કરી છે.

મનુષ્યની એક અન્ય, કહેવતરૂપ સમજૂતી એ છે કે તે સામાજિક પ્રાણી છે. એરિસ્ટોટલ-પંથીઓ મનુષ્યને સંબંધોના જગતમાં જન્મ લેતી અને વિકાસ પામતી વ્યક્તિ તરીકે જુએ છે. એટલું જ નહીં, તેઓ મનુષ્યને સંબંધોનો પર્યાય કે સમાનાર્થી ગણે છે. આ દૃષ્ટિએ મનુષ્યનો ખરો વિકાસ અન્ય વ્યક્તિઓથી અલગ રહીને થઈ શકે નહીં. ગાંધી પૂર્ણ-સ્વરૂપે સામાજિક વ્યક્તિ હતા. તેમના અંગત જીવન અને સામાજિક જીવન વચ્ચે ભાગ્યે જ તફાવત કરી શકાય તેમ છે. તેઓ સક્રિયતાથી ભરપૂર સામાજિક અને રાજકીય કર્મશીલ હતા. આ અર્થમાં ગાંધીનું જીવન જીવનતત્ત્વથી છલોછલ માનવ જીવન હતું. આવી વ્યક્તિ સંઘર્ષો અને યાતનાઓ વચ્ચે પણ 'દુઃખી' હોવાનું કલ્પી શકાય તેમ નથી. આથી વિરુદ્ધ, જીવનની તમામ જરૂરિયાતો કશું જ કામ કર્યા વગર માત્ર સૂતાં-બેઠાં પૂરી કરી શકનાર વ્યક્તિ સુખી હોવાનું ભાગ્યે જ કહી શકાશે.

**ગાંધીવિચાર, સુખાકારી અને વિકાસ-આંકો :**

સુખાકારીના સંદર્ભમાં જરૂરિયાતોની પૂર્તિનો વ્યાપક અર્થ છે. આ અર્થ મુજબ, પાયાની જરૂરિયાતોમાં માત્ર

અન્ન-વસ્ત્ર અને રહેઠાણનો જ સમાવેશ થતો નથી. વ્યક્તિ-સ્વાતંત્ર્ય, તકોની વિશાળતા અને તેની પસંદગી માટે પૂરતો અવકાશ, આત્મસન્માન અને ગૌરવપૂર્ણ જીવન જીવવા માટે જરૂરી સામાજિક અને રાજકીય પર્યાવરણ, અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય, ઈત્યાદિનો પણ તેમાં સમાવેશ થવો જોઈએ. ગાંધીની સ્વરાજની કલ્પનામાં આ બાબતોનો સમાવેશ થાય છે.

વિકાસના અર્થશાસ્ત્રમાં, વિકાસને નક્કી કરતી બાબતોમાં હવે આવક ઉપરાંત જીવનની ભૌતિક ગુણવત્તા નક્કી કરી આપતી બાબતો અને તેથી પણ આગળ માનવ-વિકાસના આંકો ઘડાઈ રહ્યા છે. ગાંધીવિચારને યથાર્થરૂપે સમજવામાં આવે તો માનવ-વિકાસના આંકોમાં માનવ-સુખાકારી નક્કી કરી આપતી અનેક બાબતો ઉમેરવા માટે અવકાશ છે.

**ગાંધીવિચારમાં સર્વલક્ષિતા :**

બેન્થામનો ઉપયોગિતાવાદ વપરાશના અનુભવને ધ્યાનમાં લે છે. આથી લાંબા સમય સુધી ઉપયોગિતા આધારિત માંગનો નિયમ તેના આત્મલક્ષિતાના મુદ્દા પર વિવાદનો વિષય રહ્યો. માંગના નિયમને માપનના હેતુ માટે આત્મલક્ષિતાની મર્યાદામાંથી બહાર કાઢવા મુખ્ય ધારાના અર્થશાસ્ત્રીઓએ ભારે મથામણ કરી હોવાનું જાણીતું છે. માનવવિકાસના આંકોને માનવ-સુખાકારીના સંદર્ભમાં પુનઃતૈયાર કરવાની કોઈ પણ પ્રક્રિયા એરિસ્ટોટલની સુખની મૂળ સંકલ્પનાને ઉજાગર કરશે. જ્યારે આવી પ્રક્રિયા આધારિત માનવ-વિકાસના આંકોને આર્થિક સિદ્ધાંતના ઘડતર સાથે સંયોજવામાં આવશે ત્યારે મુખ્ય ધારાના અર્થશાસ્ત્રની અનેક મથામણો હળવી થશે. આર્થિક સૈદ્ધાંતીકરણની નૂતન દિશાઓ ખુલ્લી કરવામાં ગાંધીવિચાર તેના નક્કર પ્રયોગો-આધારિત પુરાવાઓ સાથે સૌથી ઉપયોગી સાબિત થશે તેમાં શંકા નથી. કેમકે, ગાંધીવિચાર આત્મલક્ષિતા અને વસ્તુલક્ષિતાના ગુણોના સમન્વયસ્વરૂપ સર્વલક્ષી (Omnijective) હોવાના ગુણો ધરાવે છે અને તેથી તે સર્વસ્વીકાર્ય બની રહેવાનું સામર્થ્ય ધરાવે છે તેમ કહી શકાય.

**સારાંશ**

ગાંધીના આર્થિક વિચારોના તાર્કિક પાયાની શોધના હેતુથી હાથ ધરેલા ઉપર મુજબના પ્રાથમિક પ્રયાસના અંતે કેટલાક સાર-રૂપ મુદ્દાઓ ઊપસી આવે છે.

૧. ગાંધીના આર્થિક વિચારો તેમના જીવન-દર્શનનો હિસ્સો છે. સત્ય અને અહિંસા તેમના જીવન-દર્શનનાં પ્રાણતત્ત્વો છે. ગાંધી માટે સત્ય એ આત્મખોજનો વિષય હતો. પરંતુ તેમણે તેમને લાધેલા સત્યને પ્રયોગોના અંતે જ સ્વીકાર્ય ગણ્યું હતું. આમ, ગાંધી માટે જે આત્મલક્ષી હતું તે પરલક્ષી પણ હતું.

૨. ગાંધીએ નૈતિકતાને અર્થશાસ્ત્રથી અભિન્ન ગણીને તેને મૂલ્ય-નિષ્ઠ અથવા ધ્યેયનિષ્ઠ જીવનશૈલીનો વિષય બનાવ્યો, મુખ્ય ધારાના આર્થિક નિર્ણયીકરણ અથવા આર્થિક પસંદગીના પ્રશ્નને ગાંધીએ ઉચિત જીવનશૈલીની મદદથી ઉકેલવાનો માર્ગ સૂચવ્યો.

૩. ગાંધીવિચારના તાર્કિક પાયાની શોધ આપણને ઉપયોગિતાવાદની મૂળ સંકલ્પના સુધી દોરી જાય છે, અને એરિસ્ટોટલની સુખની સંકલ્પનાનો વર્તમાન સંદર્ભ ખુલ્લો કરવામાં મદદ કરે છે. આમ કરવાથી ભોગવાદી સમાજ સામે ગાંધીએ રજૂ કરેલી દલીલો પાછળનો તર્ક વધુ સ્પષ્ટ સ્વરૂપે સમજાય છે.

૪. ગાંધીના આર્થિક વિચારોને હેતુઓ અને સાધનો વચ્ચેના તાલમેળના તર્ક (Correspondence rationality) તથા ફેરવિચારણાના તર્ક (reflection rationality) ની મદદથી વ્યક્તિની વર્તણૂકને સમજાવવા માટે પ્રયોજી શકાય તેમ છે. ગાંધીવિચાર સુખના વિરોધાભાસને વધુ સારી રીતે સમજવામાં મદદ કરે છે.

૫. ગાંધીવિચાર વિકાસના અર્થશાસ્ત્ર માટે જીવન-ધોરણ, જીવનની ભૌતિક ગુણવત્તા અને માનવ-વિકાસના આંકોની શૃંખલામાં સુખાકારીના આંકો ઉમેરવાનો માર્ગ સૂચવે છે. આમ થવાથી આર્થિક સૈદ્ધાંતીકરણની પુનઃરચના અને આર્થિક નીતિઓના ઘડતર માટે નૂતન દિશાઓ ખુલ્લી કરી શકાશે.

## : સંદર્ભનોંધ :


1. વિગત માટે જુઓ : Collected works of Mahatma Gandhi, Vol. 15, 4th revised ed. GOI, New Delhi, 2000
2. હિન્દ-સ્વરાજના સંપૂર્ણ અંગ્રેજી પાઠ તથા તેના ઈતિહાસ અંગે જુઓ : Parel, Anthony, J., 1997 (ed.) Gandhi : Hind Swaraj and other writings, Foundation Books, New Delhi
3. નરહરિ પરીખ, માનવ અર્થશાસ્ત્ર, પાનઃ૫૦૮
4. સ્વયં શિસ્ત અને સ્વ-નિયમન માટે ગાંધી-પ્રબોધિત એકાદશ વ્રતમાં સમાવિષ્ટ સિદ્ધાંતો : સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્વાદ, અપરિગ્રહ, અભય, અસ્પૃશ્યતાનિવારણ, જાતમહેનત, સર્વ-ધર્મ સમભાવ તથા સ્વદેશી.
5. મોહનદાસ ગાંધી, The Teaching of the Gita, સંપાદક, પ્રકાશકઃ આનંદ હિંગોરાની, ભારતીય વિદ્યાભવન, મુંબઈ, ૧૯૬૨.
6. જુઓ : બી. આર.નંદા, Gandhi and his Critics, Oxford University Press, (આઠમી આવૃત્તિ),૨૦૦૭, પાન.૧૨૩
7. બુદ્ધિપ્રકાશ, ઓક્ટોબર, ૨૦૦૨
8. Young India, Oct.-3, 1921
9. Collected works of Mahatma Gandhi, Vol. 8, P. 372
10. Collected works of Mahatma Gandhi, Vol. 41:449-50, Vol. 51:428, Vol.52 : 373
11. Collected works of Mahatma Gandhi Vol. 8:372, Vol. 85 : 32-33
12. શું ભગવદ્ગીતા હિંસા શીખવે છે કે અહિંસા ? આ સંબંધી ગાંધીને પૂછાયેલા પ્રશ્નો અને ઉત્તરો માટે જુઓ : ગાંધી એમ. કે. The Teaching of the Gita, (સંપાદક) આનંદ હિંગોરાની, ભારતીય વિદ્યાભવન, મુંબઈ, ૧૯૬૨.
13. Collected works of Mahatma Gandhi, Vol. 85:33
14. Correspondence rationality અને reflection rationality અંગે અમર્ત્યસેને આપેલી સમજૂતી અંગે જુઓ : Amartya Sen, On Economics and Ethics, Oxford Univrsity Press, 1987, P. 12-14
15. હરિજનબંધુ, તા. ૨૯-૩-૧૯૩૬
16. અંજારિઆ જે. જે. ''The Gandhian Approach to Indian Economics'', in Indian Journal of Economics, 1941-42, Vol. 22:357-66
17. બેન્થામ જે. ૧૭૮૯ ''An Introduction to the Principles of Morals and Legislation, J.H. Burns and H.L.A. Hart (eds), Athtone, P.London.
18. જુઓ ''Aristotle : The Rationality of the Emotions'', Ch. 3, in Richard Norman, The Moral Philosophers : An Introducton of Ethics, Oxford University Press, 1998, P. 27-40.
19. સીરોવસ્કી, ટી. ''The Joyless Economy : An Inquiry into Human Satisfaction and Consumer Dissatisfaction, Oxford University Press 1976.
20. ''Easterlin, R., "Does Economic Growth Impoore Human Lot ? Some Empirical Evidence'', in P.A. Davis and M.W. Reder (eds), Nation and Households in Economic Growth, Newyouk, 1974, also : "Income and Happiness : Towards a United Theory'' in the Economic Journal 111 : 465-484,2001, and Happiness in Economics, the International Library of Critical writings in Economics, Edward Elgar.
21. જુઓ : Kahneman, D,Diener and Schwarz, (eds), Well-Being : The foundations of Hedonic Psychology, Russell Sage Foundation, New York, 1999.
22. સેન એ. કે., ''Rational Fools'' in Philosophy and Public affairs, 6,P.317-44, also published in Sen, A.K. (ed) Choice, Welfare and Measurement, Oxford University Press, 1983. ❑

# સામાજિકશાસ્ત્રો અને વૈજ્ઞાનિક પદ્ધતિ-કેટલાંક નિરીક્ષણો

- ધવલ મહેતા

## સમાજવિજ્ઞાનો અને વૈજ્ઞાનિક પદ્ધતિ

પશ્ચિમ જગતના ૧૭મા સૈકામાં વૈજ્ઞાનિક વિચાર-પદ્ધતિનો જન્મ થયો. તેનો સૌ પ્રથમ ઉપયોગ પદાર્થવિજ્ઞાનમાં થયો અને તે પછી રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાનમાં થયો. આ પદ્ધતિ કુદરત વિષેનાં રહસ્યો ખોળવામાં સફળ થઈ તેથી ૧૯ મી અને ૨૦ મી સદીઓનાં સામાજિક શાસ્ત્રોએ વૈજ્ઞાનિક પદ્ધતિને રોલ મોડેલ તરીકે અપનાવવા માંડી સામાજિક શાસ્ત્રનું કામ સામાજિક સંબંધો, સામાજિક બદલાવો અને સામાજિક પ્રક્રિયાઓ સમજાવવાનું હતું. આ સામાજિક શાસ્ત્રોમાં સામાજિક મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સાંસ્કૃતિક માનવશાસ્ત્ર, ઈતિહાસ વગેરેનો સમાવેશ થાય છે. સામાજિક શાસ્ત્રોમાં જેને આપણે વૈજ્ઞાનિક જ્ઞાન કહીએ છીએ તે મંત્ર, તંત્ર, જાદુ, કિંવદંતીઓ, કથાવાર્તા, લોકકથાઓ, પુરાણકથાઓ વગેરેથી જુદું પડે છે. મંત્ર, તંત્ર, જાદુ, લોકકથાઓ લોકોનું મનોરંજન કરે છે ચમત્કારો કરી બતાવે તેવો હેતુ સમાજશાસ્ત્રનો હોતો નથી. સામાજિક શાસ્ત્રોનું કામ અને એકમાત્ર કામ, સામાજિક સત્યને શોધવાનું છે. તે સત્ય, ધાર્મિક કે આધ્યાત્મિક નથી. આ સત્ય હકીકતો અને તર્ક આધારિત હોવું જરૂરી છે. આ પ્રકારનું સત્ય કદાચ સમાજના લોકોની સુખાકારી વધારે તેને આપણે મુખ્ય ફાયદો ગણતા નથી પણ ગૌણ ફાયદો ગણીએ છીએ. સામાજિક નીતિ - ઘડતરમાં (પોલીસી ફોર્મ્યુલેશન)માં સત્ય - આધારિત સામાજિક જ્ઞાન ઉપયોગી થાય છે. તે હવે સત્તાધારીઓ સ્વીકારે છે. કુદરતી વિજ્ઞાનો અને સમાજવિજ્ઞાનોમાં કેન્દ્રીય પ્રશ્ન છે કે સત્તાધારીઓ વિજ્ઞાન દ્વારા મેળવાયેલા જ્ઞાનને સ્વીકારે છે. કુદરતી વિજ્ઞાનો અને સમાજવિજ્ઞાનીઓનો કેન્દ્રીય પ્રશ્ન એ છે કે સત્તાધારીઓ વિજ્ઞાન દ્વારા મેળવાયેલા જ્ઞાનને કૃતક (સ્યુડો) જ્ઞાન અને લોકોમાં પ્રવર્તતા સામાન્ય જ્ઞાનથી કેવી રીતે છૂટા પાડવું ? આને અંગ્રેજીમાં 'પ્રોબ્લેમ ઓફ ડીમાર્કેશન' કહે છે. જેને આપણે કુદરતી વિજ્ઞાનો (નેચરલ સાયન્સીઝ) કહીએ છીએ તેમાં સમજાવવાનો અર્થ સ્પષ્ટ થાય છે. આ વિજ્ઞાનો કાર્યકારણના સંબંધો સમજાવે છે જેને માટે તેઓ બહુધા પ્રયોગશાળામાં પ્રયોગો કરે છે. આ પ્રયોગો કરતી વખતે એનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે કે કાર્ય અને કારણની શૃંખલા કોઈ ત્રીજું અસંબંધિત પરિબળ (ઈન્ટરવેનીંગ વેરીએબલ) દાખલ થઈ ના જાય. કુદરતી વિજ્ઞાનો જે નિયમો સ્થાપે છે તેમાં કયો ચલ અથવા ચલો (વેરીએબલ્સ) સ્વતંત્ર છે અને ક્યા ચલો તેના પર આધારિત (ડિપેન્ડેન્ટ છે) તેનો સ્પષ્ટ ખ્યાલ હોય છે. આ બાબતને કારણે કુદરતી વિજ્ઞાનોનાં ભવિષ્યકથન બહુધા સાચાં પડે છે. અલબત્ત અહીં એક અપવાદ નોંધવો પડે તે જીવશાસ્ત્રના કેન્દ્રમાં રહેલ ડાર્વિનનો ઉત્ક્રાંતિના સિદ્ધાંતનો આધાર પ્રયોગશાળા ન હતી. કુદરત જ ડાર્વિનની પ્રયોગશાળા હતી અને આ સિદ્ધાંતને એટલા માટે સાચો માનવામાં આવે છે કે તેમાં સૂચિતાર્થ-રૂપે જે હજારો નિરીક્ષણો કરવામાં આવ્યાં છે. તે ઉત્ક્રાંતિના નિયમની પુષ્ટિ કરે છે. હમણાં જ શોધાયેલી જીવંત પદાર્થના ડીએનએના પૃથક્કરણની પદ્ધતિ પણ જે નિરીક્ષણો કરવામાં આવ્યાં છે તે ઉત્ક્રાંતિના નિયમની પુષ્ટિ કરે છે. ઉત્ક્રાંતિનો નિયમ ચાર્લ્સ ડાર્વિનના શિસ્તબદ્ધ નિરીક્ષણોને આભારી છે.

આની સાથે જો સામાજિક શાસ્ત્રોના નિયમોને તપાસીએ તો તેમાં પ્રયોગોને અવકાશ ઓછો રહે છે. અલબત્ત હવે સામાજિક શાસ્ત્રોમાં અમુક પ્રયોગો થવા માંડ્યા છે. પણ તેની બાહ્ય આધારભૂતતા વિષે શંકા રહે છે. સમાજશાસ્ત્રમાં અમુક બાબત સમજાવવામાં કાર્ય કારણની શૃંખલા રચવાનું કઠિન છે કારણ કે માનવસમાજ જીવંત વ્યક્તિઓનો બનેલો છે અને જીવેત વ્યક્તિઓને પોતાની ઈચ્છાશક્તિ અને સ્વચેતના (self awareness) હોવાથી તેઓ પર પ્રયોગો કરવાનું મુશ્કેલ બને છે. માનવીની વર્તણૂકને કાર્યકરણ દ્વારા સમજાવવાનું કાર્ય

જટિલ છે. આથી ઘણાં સામાજિક શાસ્ત્રો અમુક બનાવ બનવા પાછળ ઘણા ચલો (વેરીએબલ્સ) ને જવાબદાર ગણે છે. અને દરેક ચલનું તેમાં કેટલું વજન છે તે કહી શકતા નથી. દા.ત. કોઈ વ્યક્તિ અપરાધી હોય તો તેની પાછળ નીચેનાં કારણો જવાબદાર માનવામાં આવે છે. (૧) તેના ભાઈ-ભાંડુ અને માતા-પિતા (૨) તે જે જ્ઞાતિનો છે તેનું કલ્ચર (૩) તેના મિત્રો (૪) તેનો પડોશ (૫) તેનું ભણતર (૬) તેની શાળા અને શિક્ષકો (૭) તેનો જેનેટીક વારસો (૮) નાનપણમાં તેને થયેલા અનુભવો (૯) તેને બાળપણમાં થયેલી માંદગીઓ અને તેના પ્રકારો (૧૦) તેણે કેટલી હિંસક ફિલ્મો જોઈ અને તેની તેના પર કઈ અસરો પડી (૧૧) તેને જીવનમાં કેટલી નિરાશાઓ (ફ્સ્ટ્રેશન્સ) આવી. વગેરે ઉપરની યાદીને હજી લંબાવી શકાય. આ યાદીમાં કયું પરિબળ કેટલું મહત્ત્વનું છે તે કહી શકાતું નથી. અર્થશાસ્ત્ર પોતાને વિજ્ઞાન ગણે છે. તે જણાવે છે કે તેનો માંગનો નિયમ વૈજ્ઞાનિક છે. આ નિયમ મુજબ ભાવ વધે તો માંગ ઓછી થાય અને જો ભાવ ઘટે તો માંગ વધે. પરંતુ જો ભાવ વધે તેની સાથે ગ્રાહકની આવક વધે તો તેની માંગ ઘટવાને બદલે વધે. વળી જો ભાવ વધે તે દરમ્યાન ગ્રાહકને થાય કે ભાવ હજી વધવાના છે તો જેમ-જેમ ભાવ વધે તેમ તેમ તે ઓછું નહીં પણ વધારે ખરીદે. વળી ભાવ ઘટે પણ તે દરમ્યાન કોઈ એવા વિકલ્પની શોધ થાય કે જે મૂળ ચીજવસ્તુઓ ખૂબ ઓછી કિંમતે મળે તો ગ્રાહક નવી શોધાયેલી ચીજવસ્તુને પસંદ કરે પછી ભલેને મૂળ ચીજવસ્તુનો ભાવ ઘટ્યો હોય. અર્થશાસ્ત્રીઓએ આ સુવિધા રાખવા રેશનલ એક્સેપ્ટન્સનો ખ્યાલ (કન્સેપ્ટ) શોધ્યો છે. પણ તે વિચાર પણ નીતિઘડતરમાં ઉપયોગી જણાયો નથી. અર્થશાસ્ત્ર સિવાયનાં સામાજિક શાસ્ત્રો ઘણીવાર વર્ગીકરણ દ્વારા તેમના વિષયો સમજાવવા પ્રયત્ન કરે છે. દા.ત. સમાજશાસ્ત્રીઓ જ્ઞાતિ અને વર્ગોના ભાગ પાડે છે, સોશીયો-ઈકોનોમિક ક્લાસીઝના વર્ગો પાડી તે દ્વારા મેળવેલી હકીકતોનું વર્ગીકરણ કરીને નિરીક્ષણો કરે છે, ઈતિહાસકારો મોગલયુગ, મરાઠાયુગ, બ્રિટિશયુગ એવા ભાગલા પાડીને વિચારે છે અને અર્થશાસ્ત્રીઓ આંકડાકીય મોડેલોની રચના કરે છે. સમાજશાસ્ત્રીઓની વિચારપદ્ધતિ ઉપયોગી છે. પરંતુ તેઓ જે નિરીક્ષણ કરીને અમુક નિયમો ઘડે છે તેને આપણે પ્રોબેબીલીસ્ટીક (સંભવિત) કહી શકીએ. દા.ત. અર્થશાસ્ત્રીઓ આર્થિક વિકાસ માટે બચતમાં મૂડીરોકાણના દરને ચાવીરૂપ પરિબળ ગણે છે. પરંતુ અમુક મૂડીરોકાણ કેટલો આર્થિક વિકાસ કરશે તેનો આધાર તેના ભણતર અને અનુભવ પર છે. અર્થશાસ્ત્રના બધા જ મોડેલો સંભાવનાત્મક છે અને સંભાવના ૨૦% છે, ૫૦% છે, કે ૯૦% છે. તે જાણવાની કોઈ ચાવી હાથવગી નહીં હોવાથી માત્ર અર્થશાસ્ત્રમાં જ નહીં પણ તમામ સામાજિક શાસ્ત્રોમાં જ્યારે ભવિષ્યકથન કરવા માંગીએ ત્યારે બધાએ એક જ ભાષા-પ્રયોગ કરવો પડે છે. - well, it depends. અત્યારે એક સમાજવિજ્ઞાન તરીકે અર્થશાસ્ત્રીઓ તેની પદ્ધતિઓની પ્રતિષ્ઠા તળિયે બેઠી છે, કારણ કે તેણે ઇ.સ. ૨૦૦૮ ના 'ગ્રેટ રીસેશન'ની આગાહી કરી ન હતી અને ૨૦૦૮ની સદી પછીના પાંચ વર્ષમાં પણ પશ્ચિમ જગતનું અર્થકારણ પહેલાની તંદુરસ્ત સ્થિતિમાં નથી. દા.ત. અત્યારે (ઈ.સ.૨૦૧૩માં) બ્રિટનનો આર્થિક વિકાસદર એક ટકાથી પણ ઓછો છે અને સમગ્ર યુરોપિયન યુનિયન આર્થિક મુશ્કેલી (ઊંચો બેકારીદર અને નીચો આર્થિક વૃદ્ધિદર)માં છે છતાં અર્થશાસ્ત્રમાં કોઈ એવી થીયરીઝ નથી કે તેનું અર્થકારણ ઝડપથી ઊંચું લાવી શકાય. એનું એક કારણ એ છે કે માનવસમાજમાં કોઈ બનાવ બને તેમાં એકથી અધિક કારણો - જેને આપણે ઈન્ડીપેન્ડેન્ટ વેરીએબલ્સ કહીએ છીએ. તે હોવાથી અને આ વેરીએબલ્સ પણ અંદરઅંદર જોડાયેલા હોવાથી તે અંગેનું નીતિઘડતર કે ભવિષ્યકથન મુશ્કેલ બને છે.

**પોઝીટીવીઝમનો ઉદય**

છેલ્લાં બસો વર્ષમાં સમાજવિજ્ઞાનોની જે કાંઈ પ્રગતિ થઈ તેમાં પોઝીટીવીઝમ દૃષ્ટિબિંદુનો મોટો ફાળો છે. ભારતમાં સમાજવિજ્ઞાનનો જે વિકાસ થયો છે. તે પણ આ દૃષ્ટિબિંદુને જ આભારી છે. પોઝીટીવીટીને

કારણે સમાજવિજ્ઞાનોમાં નક્કર જ્ઞાન ઊભું થયું છે. ૧૯મી સદીમાં ઓગસ્ટ કોમ્ટ, હર્બર સ્પેન્સર અને દર્ખાઇમે આ પરંપરા ઊભી કરી. બીજા વિશ્વયુદ્ધ બાદ કાર્લ હેમ્પલે આ પરંપરાને વધુ પુષ્ટ કરી. તેથી પોઝીટીવીઝમ એટલે શું તે જાણવું (શબ્દનો અર્થ) જરૂરી છે. આપણે પોઝીટીવ શબ્દનો અર્થ હકીકતલક્ષી, અનુભવલક્ષી, વિજ્ઞાનલક્ષી, વૈજ્ઞાનિક અભિગમના પહેલા થાય છે જેનાં લક્ષણો નીચે મુજબ છે અને જેને લીધે સમાજવિજ્ઞાનો કે સામાજિક શાસ્ત્રોનો છેલ્લાં બે વર્ષમાં વિકાસ થયો છે. અહીં એ નોંધાવું જરૂરી બને છે કે અર્થશાસ્ત્રના પિતા આદમ સ્મીથે ઇ.સ. ૧૭૭૬માં તે અંગેનું પુસ્તક લખ્યું ત્યારે અર્થશાસ્ત્ર નેચરલ ફિલોસોફી ગણાતું હતું.

**પોઝીટીવીઝમની માન્યતાઓ**

પોઝીટીવીઝમનું દ્દષ્ટિબિંદુ અમુક માન્યતાઓ પર રચાયેલું છે. સૌ પ્રથમ માન્યતા તો એ કે હકીકતો અને મૂલ્યો અલગ અલગ બાબત છે. માત્ર હકીકતોને જ વૈજ્ઞાનિક કહી શકાય. હકીકતોનું નિરીક્ષણ કરી શકાય, તેની ચકાસણી થઈ શકે અને તેને માપી શકાય. હકીકતોનો પુરાવા તરીકે પણ ઉપયોગ થઈ શકે. આની સરખામણીમાં મૂલ્યો સમાજગત કે વ્યક્તિગત હોય છે. તે શું હોવું જોઈએ તેનો આદર્શ રજૂ કરે છે. મૂલ્યોને જોઈ શકાતાં નથી. માપી શકાતો નથી કે તેનો સરવાળો-ભાગાકાર થઈ શકતો નથી. આથી પોઝીટીવીસ્ટો વૈજ્ઞાનિક વિધાનોને મૂલ્યલક્ષી વિધાનોથી જુદાં પાડે છે. જો કોઈ શહેરમાં પુષ્કળ લોકો બેકાર હોય તો તેની બરાબર માપણી થાય તો તે બેકારીની ટકાવારી હકીકત બને છે. પણ બેકારી એ સામાજિક કલંક છે તે મૂલ્યલક્ષી વિધાન થયું. પોઝીટીવીઝમ હકીકતો ને મૂલ્યોથી જુદી પાડે છે. હકીકતોની રજુઆતમાં મૂલ્યો આવી જાય તો તેને તેઓ પૂર્વગ્રહ (bias) ગણે છે. શું છે અને શું હોવું જોઇએની વચ્ચે ભેદ કરે છે. વિજ્ઞાનનું મુખ્ય કામ સિદ્ધાંતો (laws) શોધવાનું છે. આ સિદ્ધાંતોનું સર્જન કરવા તમારે ખાસ નિરીક્ષણો કરવાં પડે છે. આ હકીકતો વચ્ચે કોઈ પ્રકારની નિયમિતતાઓ (કાર્યકારણની કે સહસંબંધની) છે કે નહીં તે સમાજવિજ્ઞાને ખોળી કાઢવાની હોય છે. દરેક નિરીક્ષણ બાદ આવા સહસંબંધો, અનુક્રમના સબંધો કે કાર્યકારણના સંબંધો મળે તો તે વૈજ્ઞાનિક સિદ્ધાંતને સ્થાપવાની નજીકનું પગલું છે સિદ્ધાંતસ્થાપના માટે વૈજ્ઞાનિકે ઘણી ચકાસણી કરવી પડે. સમાજવિજ્ઞાનીઓ ગરીબી અને અપરાધો, શાળાના વર્ગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા અને તેમની શૈક્ષણિક સફળતા, નાણાંકીય પુરવઠો અને ભાવવધારો, વરસાદ અને ખેત-ઉત્પાદન વગેરે વચ્ચે સહસબંધો સ્થાપવાના પ્રયત્નો કરતા હોય છે. કેટલીક વાર ત્રણ કે ચાર પરિબળો વચ્ચે પણ સહસંબંધો સ્થાપવા પ્રયત્નો કરતા હોય છે. પોઝીટીવીઝમ એમ માને છે કે કુદરતી વિજ્ઞાનો (ભૌતિક વિજ્ઞાનો, રસાયણશાસ્ત્ર વગેરે) જે વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરે છે તે પદ્ધતિનો ઉપયોગ કરીને સમાજવિજ્ઞાનો પોતાના સિદ્ધાંતો ખોળી શકે છે. સામાજિક પરિબળોનો પણ વસ્તુલક્ષી (ઓબ્જેક્ટીવ) અભ્યાસ થઈ શકે છે. અને તેમાંથી સિદ્ધાંતો તારવી શકાય છે. તે માટે કુદરતી વિજ્ઞાનની પદ્ધતિ રોલ મોડેલ છે. જે જ્ઞાન, અનુભવ અને નિરીક્ષણ પર આધારિત હોય તેને જ ગંભીરતાથી લઇ શકાય. જે માનવની અનુભવક્ષમતાની અને ઓબ્જેક્ટીવ નિરીક્ષણની બહાર હોય તે આધ્યાત્મિક (મેટાફિઝીકલ) ગણાય. જે નિરીક્ષકો ઇન્દ્રિયગણ્ય ન હોય તેની વિજ્ઞાનને જરૂર નથી.

**કુન્હનો વૈજ્ઞાનિક રેશનાલીટીને પડકાર**

કાર્લ પોપર અને રૂડોલ્ફ કાર્નેપની માન્યતા મુજબ આપણું વિજ્ઞાન રેશનલ ચિંતનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે તેઓ નિરીક્ષણો અને સિદ્ધાંત (થીયરી) વચ્ચે સ્પષ્ટ ભેદરેખા દોરે છે. બંને ચિંતકો એમ માને છે કે ઉત્તરોત્તર વધતી જતી (ક્યુમ્યુલેટીવ) પ્રક્રિયા છે. કાર્લ પોપર વિજ્ઞાનને ઉત્ક્રાંતિરૂપે જુએ છે. એટલે કે વિજ્ઞાન ઉત્તરોઉત્તર વિકાસ પામે છે અને તે બ્રહ્માંડ માટે એક સાચી થીયરીની શોધમાં છે. બ્રહ્માંડ માટે જુદી જુદી સાચી થીયરીઝ હોઈ શકે નહીં તેમ તેઓ માનતા હતા. બન્ને વિજ્ઞાનની એકતા (યુનિટી ઑફ સાયન્સ)માં માનતા હતા. વિજ્ઞાનની એકતાનો અર્થ એ કે બધાં વિજ્ઞાનો માટે એકસમાન

વૈજ્ઞાનિક પદ્ધતિ હોય છે. કુદરતી વિજ્ઞાનો અને સમાજવિજ્ઞાનો માટે જુદી જુદી વૈજ્ઞાનિક પદ્ધતિ હોઈ શકે નહીં કારણ કે દરેક જીવન પદાર્થમાં જીવરાસાયણિક પ્રક્રિયા ચાલતી હોય છે. અને તેના જીવરાસાયણિક તત્ત્વો ખોળી શકાય. આ તત્ત્વો ભૌતિક હોય છે. અને તે અણુ અને પરમાણુના બનેલાં હોય છે. આથી તમામ જૈવિક પ્રક્રિયાઓને અંતે જીવરસાયણો દ્વારા અને જીવરસાયણોએ અણુ અને પરમાણુ ને ભાષામાં સમજાવી શકાશે. રસાયણશાસ્ત્રનો પાયો પદ્ધતિવિજ્ઞાનમાં છે તે હવે સ્થાપિત થઈ ચૂક્યું છે. એટલે આખરી વાસ્તવિકતા ભૌતિક છે. આમ હોવાથી સામાજિક શાસ્ત્રો આખરે ભૌતિક શાસ્ત્રોનો એક ઉપવિભાગ બની જાય તેવી શક્યતા છે. જેને આપણે ચેતના કહીએ છીએ તે આખરે તો અણુપરમાણુની અમુક પદ્ધતિઓની ગોઠવણી જ છે રૂડોલ્ફ કાર્નેપ આમ માનતા પણ કાર્લ પોપર આ બાબતમાં થોડોક સંદિગ્ધ અભિપ્રાય ધરાવતા હતા. તેઓને મતે મનોવિજ્ઞાન અને સમાજવિજ્ઞાનના અમુક અંશોને પદાર્થવિજ્ઞાનમાં ફેરવી શકાય નહીં પરંતુ ઉપરની તમામ દલીલો કુદરતી વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનો વચ્ચે ઐક્ય સ્થાપવામાં કરવામાં આવી હતી. આ માન્યતાથી પ્રેરણા લઈને રૂડોલ્ફ કાર્નપે 'ધ એનસાયક્લોપીડીયા ઓફ યુનિફાઇડ સાયન્સ'ના શીર્ષક હેઠળ અનેક પુસ્તકોની હારમાળાનું સંપાદન કર્યું છે. કુદરતી વિજ્ઞાન અને સમાજવિજ્ઞાનોના આ પોઝીટીવીસ્ટ દૃષ્ટિબિંદુને પડકારતાં થોમસ કુન્હ નીચેનાં વિધાનો કરે છે :

(૧) નિરીક્ષણો અને થીયરી (સિદ્ધાંત) વચ્ચે સ્પષ્ટ તફાવતો નથી.

(૨) જે વિજ્ઞાન પ્રવર્તે છે તેની પાસે ચુસ્ત ડીડક્ટીવ માળખું હોતું નથી. તેથી ડીડક્ટીવ માળખું ફ્લેક્સીબલ (લવચીક) હોય છે.

(૩) જીવંત વૈજ્ઞાનિક વિચારો (કન્સેપ્ટસ) બહુ જ ચોક્કસ (પ્રીસાઈઝ) હોતા નથી. તેમાં અર્થો બદલાયા કરે છે.

(૪) વિજ્ઞાનની પદ્ધતિ અંગેનું ઐક્ય એક મિથક છે.

વિજ્ઞાન સત્ય પામવા અનેકાનેક પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. વિજ્ઞાનો અનેક છે. તેઓ ઐક્ય ધરાવતા નથી. તેઓ ઐક્ય તો શું એકબીજાને સમજી શકતા પણ નથી, એકબીજાની સરહદો પણ સ્પષ્ટ નથી.

કુન્હનાં ઉપરનાં વિધાનોનો અર્થ એ થતો નથી કે તેઓ વિજ્ઞાનને ઈરેશનલ ગણે છે. તેઓ આ બાબતમાં અભિપ્રાય આપવા માંગતા ન હતા. તેમને વિજ્ઞાન રેશનલ છે કે ઈરેશનલ એ પ્રશ્નમાં રસ જ ન હતો. તે તેમની ચિંતાનો વિષય ન હતો તેથી તે અંગે તેમણે અભિપ્રાય આપ્યો નથી. તેઓ એમ માનતા હતા કે જેને આપણે ચીલાચાલુ (નોર્મલ) વિજ્ઞાન કહીએ છીએ તે માત્ર કોયડો જ ઉકેલે છે. માટે તેમણે puzzle solving કહ્યું છે. આ ચીલાચાલુ વિજ્ઞાન ક્રાંતિકારી હોતું નથી તેમાં માત્ર સ્વીકૃત થીયરીઝનો ઉપયોગ કરવામાં આવે છે. આ ચીલાચાલુ વિજ્ઞાનમાં અસમંજસતા જણાતી નથી. નવી ક્રાંતિકારી વૈજ્ઞાનિક થીયરી ઊભી થાય છે. કુન્હ આને પેરેડાઈમીક ફેરફાર કહે છે. એક પેરેડાઈમની માન્યતાઓ, પૂર્વધારણાઓ, વ્યવહારો, વ્યાપ્તિઓ, બીજા પેરેડાઈમને લાગુ પડતી નથી. દા.ત. અર્થશાસ્ત્રમાં મોનીટરીપંથના અર્થશાસ્ત્રીઓ અને કેઈન્સને અનુસરનારા અર્થશાસ્ત્રીઓના પેરેડાઈમ જુદા છે. ન્યૂટનના પેરેડાઇમ કરતાં આઇનસ્ટાઇનનો પેરેડાઇમ જુદો હતો. કુન્હનો અહીં મુખ્ય મુદ્દો એ છે એક પેરેડાઇમમાંથી બીજા પેરેડાઇમમાં ફેરફાર રેશનાલીટીના આધાર પર થતો નથી. બીજો પેરેડાઇમ તદ્દન જુદી જ સમસ્યાઓને ઓળખે છે. અને તેના પર વિચાર કરે છે. એક પેરેડાઈમમાંથી બીજા પેરેડાઈમમાં જવાનું પગલું માણસ પોતાનો ધર્મ બદલે અને તેને માનસિક આઘાત લાગે કે વ્યથા થાય તે ઊંડાઇનું હોય છે.

માનવસમાજમાં જે સામાજિક શાસ્ત્રોમાં પણ પેરેડાઈમિક પરિવર્તનો આવ્યાં છે તે પણ ઘણીવાર જુનવાણીઓને આઘાત આપનારાં હોય છે. દા.ત. કલાસીકલ અર્થશાસ્ત્રીઓના પેરેડાઇમને માર્કસના પેરેડાઇમે અત્યંત આઘાત આપ્યો હતો અને જુદી રીતે કોઈએ પણ ક્લાસીકલ અર્થશાસ્ત્રીઓના પેરેડાઈમને કાર્લ

માર્ક્સે જુદું પેરેડાઈમ રચીને આઘાત પમાડ્યો અને જુદી રીતે કેઈન્સે પણ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓથી જુદું પેરેડાઈમ રચીને આઘાત પમાડ્યો કુન્હ ભારપૂર્વક જણાવે છે કે નવા પેરેડાઈમની ભાષા અને વિચારો (કન્સેપ્ટસ) જ જુદા હોય છે. અને તે જૂના પેરેડાઈમના અનુસરનારાઓને સમજાતા નથી. થોમસ કુન્હે તેમના આ વિચારો The Structure of Scientific Revolution (1962)માં જણાવ્યા છે.

### અર્થશાસ્ત્રમાં મેથોડોલોજીની ચર્ચા

ઈ.સ. ૧૯૩૧માં ઈકોનોમીક સોસાયટીની સ્થાપના થઈ. તેના હાર્દમાં સ્ટેટીસ્ટીક્સ અને મેથેમેટીક્સ હતાં અને તેનું મુખ્ય કામ અર્થશાસ્ત્રની થીયરીઝને આંકડાશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રની મદદથી ચકાસવાનું હતું. કોઈપણ અર્થશાસ્ત્રની થીયરી તે જો આંકડાશાસ્ત્રનું કે ગણિતશાસ્ત્રનું સમર્થન ના હોય તેનો થીયરી તરીકે અસ્વીકાર થઈ શકે તેમ આ સોસાયટીના સ્થાપકોનું માનવું હતું તે વખતના પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી કેઈન્સે આ પદ્ધતિનો વિરોધ કરતાં કહ્યું કે અર્થશાસ્ત્રની અમુક બાબતો (વેરીએબલ્સ)ની માપણી જ શક્ય નથી અથવા અમુક બાબતો પરસ્પર આધારિત હોવાથી કયો ચલ (વેરીએબલ) સ્વતંત્ર બને કયો ચલ આધારિત (dependent) એ પણ કહી શકાતું હોત. ન્યૂટન પ્રસિદ્ધ વિજ્ઞાની હતો પણ તેને આલ્કેમી એટલે કે હલકી ધાતુમાંથી લોઢું બનાવવામાં રસ હતો તેમ ઈકોનોમેટ્રિક્સની પદ્ધતિ પણ સ્ટેટીસ્ટીકલ આલ્કેમી ગણી શકાય. હજી આ સંઘર્ષ ચાલુ છે. અર્થશાસ્ત્રના સ્ટેન્ડર્ડ પાઠ્યપુસ્તકોમાં ઈકોનોમેટ્રીક્સનો ઉલ્લેખ ભાગ્યે જ જોવા મળે છે.

અર્થશાસ્ત્રની મેથોડોલોજીને લગતો અન્ય મુદ્દો અર્થશાસ્ત્રના સિદ્ધાંતોને લગતો છે. આ સિદ્ધાંતો જે પૂર્વધારણાઓ ઉપર ઊભા કરવામાં આવ્યા છે. તેને વાસ્તવિક્તાનો કોઈ આધાર નથી અને આથી આ સિદ્ધાંતોને આધારે કોઈ ભવિષ્યકથન થઈ શકતું નથી એમ ઘણા અર્થશાસ્ત્રીઓ માને છે. આનો જવાબ આપતાં મોનેટરીસ્ટ પરંપરાના અર્થશાસ્ત્રી ફ્રીડમેન દલીલ કરે છે કે જે પૂર્વધારણાઓ પર સિદ્ધાંતો ઘડાય છે તે વાસ્તવિક હોય તે જરૂરી નથી. જો તે માત્ર અર્થશાસ્ત્રના અમુક અંશોને સમજાવી શકે તો તે પૂરતું છે. અત્યારે એમ મનાય છે કે અર્થશાસ્ત્રના સિદ્ધાંતો અમુક પૂર્વધારણાઓ હશે તો તે તદ્દન સાચા ના પડે પણ સંભવિત સાચા પડે છે. આ મોડેલ સંભાવનાત્મક છે.

### ઉપસંહાર

સામાજિક શાસ્ત્રોને વિજ્ઞાન કહી શકાય નહીં કારણ કે તેઓના સિદ્ધાંતોને આધારે ભવિષ્યકથન થઈ શકતું નથી. તેઓને સમાજવિજ્ઞાન ગણવાને બદલે સમાજ-અભ્યાસો ગણવા વધુ વાજબી છે, કારણ કે તેઓ પોતાના વિષયવસ્તુઓનો અભ્યાસ વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા કરે છે. તેઓ ભવિષ્યકથન કરી ના શકે પરંતુ તેમના અભ્યાસોનો સરકાર કે બિનસરકારી સંસ્થાઓ નીતિઘડતરમાં ઉપયોગ કરે છે અને ઘણીવાર સફળતા પણ મેળવે છે. સામાજિક શાસ્ત્રોમાં હવે પ્રયોગશાળાલક્ષી પ્રયોગો થવા માંડ્યા કે સ્ટેનલી મીલગ્રામનું આજ્ઞાંકિતતા અને આજ્ઞાપાલનનું સંશોધન અગત્યનું માનવામાં આવે છે. મનોવિજ્ઞાનના પ્રયોગોને ૧૩૦ વર્ષથી પણ વધુ સમય થયો છે પણ તેને આપણે સમાજવિજ્ઞાન ગણતા નથી. અર્થશાસ્ત્રમાં પણ બીહેવીઅરલ ઈકોનોમીક્સ અને બીહેવીયરલ ફાયનાન્સ દાખલ થયા છે. પરંતુ અહીં મુખ્ય પ્રશ્ન એ છે કે આ પ્રયોગો ચુસ્ત રીતે થાય અને તેમની ઈન્ટર્નલ વેલીડીટી હોય પરંતુ શું તેની એક્સર્ટનલ વેલીડીટી થઈ શકે છે ? શું પ્રયોગશાળા પ્રયોગોને આધારે ઘડાયેલા સિદ્ધાંતની જગતમાં વ્યાપ્તિ થઈ શકે ? આ પ્રશ્નનો જવાબ પામવો હજી બાકી છે. વળી જો એ વિધાન સાચું હોય તો તે વેરીફાયનીલીટીના આધારે સાચું ગણવું કે કાર્લ પોપરના ફોલ્સીફાયેબીલીટીના આધારે સાચું ગણવું ? કાર્લ પોપર મનોવિશ્લેષણ અને કાંઈક અંશે ઉત્કાંતિના સિદ્ધાંતને પણ ફોલ્મીફાયેબીલીટીની કસોટીમાંથી ઉત્તીર્ણ ન થતાં હતા. તેઓ વિજ્ઞાન માનવા તૈયાર ન હતા. ❑

# બહુસાંસ્કૃતિકતા

- યોગેન્દ્ર માંકડ

વિશ્વના મોટાભાગના સમાજો આજે વત્તેઓછે અંશે ભાતીગળ સમાજો છે. ઔદ્યોગિકીકરણ, ચીજ-વસ્તુઓની સરળ આવનજાવન અને આંતરરાષ્ટ્રીય સમૂહ સંચારમાધ્યમો વગેરેને કારણે પરંપરાગત અને સાપેક્ષ રીતે એકલાઅટૂલા સમાજો સુધી પણ નવા વિચારો અવિરત રીતે પહોંચતા રહે છે. આ બધાંની અસર તેમના સમૂહજીવન, ભાષા, આકાંક્ષાઓ, ઉપભોગની ભાત વગેરેને એટલી સૂક્ષ્મ અને ઘેરી રીતે પ્રભાવિત કરે છે કે આ બાબત સહેલાઈથી ધ્યાન પર આવતી નથી. આજે એવી પરિસ્થિતિ છે કે એક સમાજના બધા જ સભ્યો એક જ મૂલ્યપ્રથામાં માનતા હોય કે એકસરખું જીવન જીવતા હોય તેવું માની શકાય તેવું નથી.

કેટલાક સમાજોમાં સાંસ્કૃતિક ભાતીગળપણાનાં મૂળ બાહ્ય પરિબળોમાં નહિ પણ સમાજમાં પોતાનામાં રહેલાં હોય છે. આવા સમાજોમાં સુસંગઠિત સમૂહો હોય જેના પોતાના મહત્ત્વના સામાજિક સંબંધો અને ઓળખ અંગેના આગવા ખ્યાલો હોય છે અને જેને આધારે તે પોતાનું સામાજિક અને સામૂહિક જીવન વ્યતીત કરે છે. આવા સમાજોને સામાન્ય રીતે બહુસાંસ્કૃતિક સમાજો કહેવામાં આવે છે.

કોઈપણ સમાજની અધિકૃતતા (Legitimacy) જુદાજુદા સ્રોતોમાંથી આવે છે જેમાં બે સ્રોતો સૌથી મહત્ત્વના છે : કેટલીક સંસ્કૃતિઓમાં અધિકૃતતા ધર્મમાંથી આવે છે અને તેમાં તેના સન્માન અને ગૌરવની લાગણી પડેલી હોય છે. તો બીજા કેટલાકમાં તેનો આધાર વંશ હોય છે કારણકે તે જે તે સમૂહના જીવન, ઈતિહાસ અને પરંપરા સાથે જોડાયેલા હોય છે અને તેની લેજિટિમસીનો સ્રોત પ્રમાણમાં સંકુલ હોય છે. આનો અર્થ એવો થાય કે બહુસાંસ્કૃતિક સમાજો બહુધાર્મિક અથવા બહુવંશીય અથવા બન્ને હોઈ શકે અને તેથી બન્નેના પ્રશ્નો પણ જુદા હોઈ શકે.

પૂર્વ આધુનિક સમાજોમાં પણ એક પ્રકારની બહુસાંસ્કૃતિકતા હતી. પરંતુ આધુનિક બહુસાંસ્કૃતિક સમાજનાં કેટલાંક આગવાં લક્ષણો છે :

સૌ પ્રથમ, આધુનિક બહુસાંસ્કૃતિકતા પ્રમાણમાં વ્યાપક છે. અને એક પ્રકારનું ઊંડાણ ધરાવે છે કારણ કે મનુષ્ય અસ્તિત્વના ઘણા મોટા વિસ્તારને તે આવરી લે છે. તેની પોતાની એક આગવી સંકુલતા છે કારણ કે સારું જીવન કોને કહેવાય તે અંગેના વિચારો વિશે જુદી જુદી સંસ્કૃતિઓ વચ્ચે તીવ્ર મતભેદો છે. બીજું, આધુનિક બહુસાંસ્કૃતિકતાને સહેલાઈથી નમાવી શકાય તેમ નથી. પૂર્વ-આધુનિક સમાજમાં સાંસ્કૃતિક રીતે લઘુમતી સમુદાયો ફરિયાદ કર્યા વગર પોતાનું પ્રમાણમાં ગૌણ સ્થાન સ્વીકારી લેતા, એટલું જ નહિ, તેમનો વિસ્તાર પણ સામાજિક અને ભૌગોલિક રીતે મર્યાદિત હતો અને તે વર્ચસ્ ધરાવતા જૂથ દ્વારા નક્કી કરવામાં આવતો. પરંતુ આજે લોકશાહી અને ઉદારવાદી વિચારોના પ્રભાવ અને પ્રસારને કારણે સમાન દરજ્જા અને અધિકારો તેમ જ સત્તા અને સામુદાયિક જીવનમાં ભાગીદારી માટે અને તેને પોતાની રીતે પ્રભાવિત કરવા માટેની તેમની માંગ વધી છે. બળજબરીપૂર્વક એક જ સમૂહમાં અને એક જ સ્થળે રહેવાની ફરજ પાડવા સામે તેમનો મોટો વિરોધ છે અને એવી અપેક્ષા સેવવામાં આવે છે કે બાકીનો સમાજ તેમને સમાન તરીકે સ્વીકારે અને તેને અનુરૂપ સંસ્થાગત પ્રતિનિધિત્વના પણ તેઓ અધિકારી બને.

ત્રીજું, વધતું જતું આર્થિક અને સાંસ્કૃતિક વૈશ્વિકીકરણ પણ તેને મહત્ત્વનો સંદર્ભ પૂરો પાડે છે. પરંતુ એ જાણીતી બાબત છે કે વૈશ્વિકીકરણ અનેક પ્રકારના વિરોધાભાસોથી ભરેલું છે. એક તરફ વિચારો, સંસ્થાઓ, આદર્શો અને સામાજિક/સાંસ્કૃતિક તેમ જ આર્થિક વ્યવહારોનું જાણે કે ''સમરૂપીકરણ'' થઈ રહ્યું છે જ્યારે બીજી તરફ તે સ્થળાંતર અને ભાતીગળપણાને પણ જન્મ આપે છે.

ચોથું, અને અત્યંત મહત્ત્વનું, આધુનિક બહુ-સાંસ્કૃતિકતા ત્રણ સદીઓથી ચાલી આવતા અને સાંસ્કૃતિક સમરૂપીકરણની અગાધ ક્ષમતા ધરાવતા રાષ્ટ્ર-રાજ્યની પૃષ્ઠભૂમિમાં આકાર લઈ રહી છે. પૂર્વ-આધુનિક સમાજોમાં સંસ્કૃતિ વ્યક્તિની ઓળખનો એક ભાગ હતી અને સાંસ્કૃતિક સમૂહોને તેના એક વાહક તરીકે માનવામાં આવતા હતા તેમ જ પોતાના વ્યવહારો અને પ્રણાલિઓ પ્રમાણે તેમને વર્તવાની છૂટ હતી. પરંતુ આધુનિક રાજ્ય એક જુદા જ પ્રકારની એકતાનું પ્રતિનિધિત્વ કરે છે. ઉદારવાદી વ્યક્તિવાદના સ્પિરિટ સાથે તેનું સહઅસ્તિત્વ રહ્યું અને એક સમયે તે ઉદારવાદી સંસ્થા પણ બન્યું. આથી તેણે સુપ્રસ્થાપિત સમૂહોનું ધીરેધીરે ધોવાણ કર્યું અને કેન્દ્રીય સત્તા-માળખું અને કેટલાક કિસ્સાઓમાં રાષ્ટ્રીય રાજકીય સંસ્કૃતિ ઊભી કરીને તેને આધારે ''મુક્ત'' વ્યક્તિઓમાં ઐક્ય ઊભું કર્યું. તેણે માત્ર વ્યક્તિને જ હક્કોના અધિકારી તરીકે માન્યતા આપી; તેમનું ''રાષ્ટ્રીયકરણ'' કર્યું અને સમાનતાનો આગ્રહ રાખ્યો (જેને તેણે એકસરખાપણા (uniformity) સાથે મૂક્યું). સાથે સાથે તેણે સમરૂપ કાનૂની સ્પેસના પ્રતિનિધિ હોવાનો દાવો પણ કર્યો જેમાં એકસરખાં રાજકીય ઘટકો હોય અને તેવી જ રાજકીય સંસ્થાઓ હોય. આથી બધી વ્યક્તિઓ સરખી અને બધાને અધિકારો પણ સરખા. આ બાબત રાજ્યનાં ઘટકોને પણ લાગુ પડે. જો કોઈ ઘટક તરફથી વિશિષ્ટ હક્ક માગવામાં આવે અથવા તેની વિશિષ્ટ આવશ્યકતા હોય તો તેની પૂર્તિ સમાનતાના સિદ્ધાંતનું ઉલ્લંઘન ગણવામાં આવે અથવા તે માગણી આનાકાની સાથે સંતોષવામાં આવે. આધુનિક રાજ્યનું વલણ રાષ્ટ્ર-રાજ્ય બનવા તરફનું પહેલેથી જ રહ્યું છે તે જોતાં આ મુદ્દો ખાસ મહત્ત્વ ધારણ કરે છે. આ ઉપરાંત સમાનતાનો ખ્યાલ મહદ્ અંશે અમૂર્ત હોવાથી સંગઠિત ધાર્મિક, વંશીય કે તેવા પ્રકારના સમૂહોની હાજરી રાજ્ય માટે કંઈક અંશે અકળાવનારી બની રહે છે કેમકે તેમાં વફાદારીનાં પ્રતિસ્પર્ધી કેન્દ્રો ઊભાં થવાની શક્યતા પડેલી છે. તેમ જ તેમાંથી નવા મતભેદો પણ ઊભા થાય અને તેથી સમાનતાના સિદ્ધાંતનું ધોવાણ થાય. મોટાભાગના બહુસાંસ્કૃતિક સમાજોમાં ગર્ભિત રીતે આ પરિસ્થિતિ ઊભી થવાની શક્યતા પડેલી છે. આથી જો ફરજ ન પડે તો આવા સમૂહોને ખાસ અધિકારો આપવાની તરફેણમાં રાજ્ય સામાન્ય રીતે હોતું નથી. મહત્ત્વની બાબત એ છે કે રાજ્યને હંમેશાં સામાજિક અને સાંસ્કૃતિક સમરૂપતાવાળા આધારની જરૂર રહી છે એટલે સામાન્ય રીતે તેણે સમાજને તે પ્રમાણે આકૃત કરવાનો કે ઘડવાનો પ્રયત્ન કર્યો છે. આને કારણે આપણે આજે મહદ્ અંશે એકતાને સમરૂપતા અને સમાનતાને સરખાપણા સાથે જોડવાનો પ્રયત્ન કરીએ છીએ.

**યુરોપનો અનુભવ**

છેલ્લાં પંદર વર્ષમાં યુરોપ પોતાની સમાજવ્યવસ્થા અને તેનું સંચાલન કરતાં મૂલ્યોની દૃષ્ટિએ કદાચ એક નવા જ સંક્રાંતિકાળમાંથી પસાર થઈ રહ્યું છે. વીસમી સદીના ઉત્તરાર્ધમાં બિનસંસ્થાનવાદીકરણ (decolonisation) ની પ્રક્રિયા પૂરી થઈ ગયા પછી જુદા જ પ્રકારની પરિસ્થિતિનો સામનો કરવાનો યુરોપનો વારો આવ્યો છે. મોટાભાગનાં પૂર્વ સંસ્થાનોની પ્રજામાં રોજગારીની તકો અને આર્થિક પ્રગતિ માટેની તીવ્ર ઝંખનાના ભાગરૂપે પશ્ચિમી દેશોમાં વસવાટની પ્રક્રિયા શરૂ થઈ. આમાં એશિયનો ઉપરાંત ઉત્તર આફ્રિકાના મુસ્લિમ દેશો અને મધ્યપૂર્વના વસાહતીઓનો મહદ્ અંશે સમાવેશ થાય છે. આ પ્રક્રિયા છેલ્લાં લગભગ સો વર્ષોથી ચાલે છે અને વિશેષતઃ છેલ્લા ત્રણેક દાયકામાં યુરોપમાં એશિયા અને આફ્રિકામાંથી સ્થળાંતર કરી સ્થાયી થયેલા લોકોની સંખ્યામાં અનેકગણો વધારો થયો છે. વૈશ્વિકીકરણે તેને માટે નવા રસ્તાઓ ખુલ્લા કર્યા અને નવી ગતિ પૂરી પાડી અને તેને કારણે પશ્ચિમી સમાજો અને એમાં ય ખાસ કરીને ઉપખંડીય યુરોપીય દેશોમાં વસાહતી પ્રજાઓની વસ્તીના પ્રમાણમાં મોટો વધારો થયો છે.

આથી પશ્ચિમી સમાજોનું સામાજિક અને સાંસ્કૃતિક પોત ઝડપથી બદલાઈ રહ્યું છે, જેની વિશિષ્ટ અસર તેના રાજકારણ, ધર્મકારણ, અર્થકારણ અને સમાજકારણ પર હવે દેખાવા માંડી છે.

મહત્ત્વનો મુદ્દો એ છે કે સાંસ્કૃતિક (ધર્મ, વંશ, ભાષા વગેરે) રીતે સમરૂપ સમાજ જ વાસ્તવિકતા તરીકે પશ્ચિમનો પ્રજા તરીકેનો ઐતિહાસિક અનુભવ મહદ્ અંશે રહ્યો છે (ખાસ કરીને યુરોપને આ વિશેષ લાગુ પડે છે). ઐતિહાસિક રીતે જોતાં રાજકીય સત્તામાં ભાગીદારીનો દાવો કરતી કોઈપણ વંશીય કે ધાર્મિક લઘુમતી સાથે તેને ભાગ્યે જ રહેવાનો પ્રસંગ આવ્યો છે. આથી કાયદો, શાસન, રાજ્ય, વ્યક્તિ અને તેની સ્વાયત્તતા વગેરે વિશેના ખ્યાલો અને વિભાવનાઓ પર પણ તેની અસર વર્તાય છે અને જેનું પશ્ચિમને જ્ઞાનપ્રકાશયુગીન આધુનિકતા અન્વયે મળેલા વારસા તરીકે વિશેષ ગૌરવ છે. બીજી બાજુ ઐતિહાસિક અને આર્થિક કારણો તેમ જ વૈશ્વિકીકરણની પરિણતિરૂપે પશ્ચિમી સમાજોનો સાંસ્કૃતિક અને વસ્તીલક્ષી નકશો ઝડપથી બદલાઈ રહ્યો છે અને યુરોપીય સમાજોનું સમરૂપ સમાજોમાંથી કોઈને કોઈ પ્રકારના બહુસાંસ્કૃતિક સમાજો તરફ સંક્રમણ શરૂ થઈ ચૂક્યું છે. આના ફલિતાર્થરૂપે સમાજ અને સિસ્ટમને ચાલના આપનારા રાજકીય, શાસકીય અને પ્રશાસકીય સિદ્ધાંતો વિશે પુનઃવિચારણા કરવી પડે તેવી પરિસ્થિતિ ઊભી થઈ રહી છે. આથી સાંસ્કૃતિક દૃષ્ટિએ પશ્ચિમ માટે પ્રશ્ન અને પડકાર એ છે કે એક તરફ વધતી જતી બહુસાંસ્કૃતિકતાને કારણે વધતી જતી બહુલતાપરક (Plural) ઓળખો, માન્યતા-પ્રથાઓ અને તકાજાઓ અને પશ્ચિમનાં ઉદારમતવાદી મૂલ્યોથી વિસંગત એવી ધાર્મિક માન્યતાઓમાંથી નિષ્પન્ન થતાં નિરપેક્ષ મૂલ્યોમાં માનતા સમૂહો અને બીજી તરફ સેક્યુલર મૂલ્યો અને આદર્શો પ્રેરિત, પ્રમાણિત અને સંચાલિત સામાજિક અને રાજકીય વ્યવસ્થા વચ્ચે સમન્વય કેવી રીતે સાધવો.

આ પરિસ્થિતિ માટે ઔતિહાસિક કારણોમાં સામ્યવાદી શાસનપ્રથાઓના પતન પછી મુખ્યત્વે કરીને વૈશ્વિક રાજકારણમાં આવેલા વળાંકો, સેક્યુલર વિચારધારાઓ વચ્ચેના સંઘર્ષની સમાપ્તિ, પુનરુત્થાન પામી રહેલો કટ્ટર અને ઉગ્રવાદી ઈસ્લામ, આતંકવાદ, વૈશ્વિકીકરણ વગેરે જેવાં અનેક પરિબળો જવાબદાર છે. આનું એક સીધું પરિણામ 'ઓળખના રાજકારણ' અને ધર્મ-આધારિત ઓળખના assertion માં આવ્યું છે અને યુરોપીય સમાજોની અંદર તે તનાવનો મુદ્દો બન્યો છે. આથી મોટાભાગના યુરોપીય સમાજો અને સરકારોને અનેક બાબતો વિશે નવેસરથી વિચાર કરવાની ફરજ પડી છે. તેમાં સૌથી મોટો પડકાર એ છે કે સેક્યુલર મૂલ્યો અને આદર્શોના ઐતિહાસિક વારસા અને પરંપરા સાથે મૂળભૂત રીતે બાંધછોડ કર્યા વગર આ વસાહતી સમાજોને યુરોપીય નાગરિક સમાજોમાં કેવી રીતે સમાવવા જેથી કરીને સેક્યુલર મૂલ્યોનાં ફ્રેઈમવર્કમાં રહીને તેમની અસ્મિતા અને અધિકારોનું રક્ષણ થાય અને સામાજિક સંવાદિતા અને શાંતિનું પણ જતન થાય.

અહીં એક બીજી બાબતની પણ નોંધ લેવી જોઈએ. પશ્ચિમી બુદ્ધિજીવીઓમાં બહુસાંસ્કૃતિકતા અંગે તીવ્ર મતભેદો પ્રવર્તે છે. આ મતભેદો ખાસ કરીને 9/11 ના વિશ્વવ્યાપારકેન્દ્ર પરના હુમલા પછી વધુ તીવ્ર બન્યા છે. જેમને ઉદારવાદી સમાનતાવાદીઓ તરીકે ઓળખવામાં આવે છે તેમની મુખ્ય દલીલ એ છે કે કોઈપણ સંસ્થાઓ કે વ્યવહારો પોતે જ પોતાની ન્યાયોચિતતા હોઈ શકે નહિ. તેમણે બુદ્ધિનિષ્ઠા (reason) ની કસોટીએ ચડવું પડે અને પોતાની ન્યાયોચિતતા સાબિત કરવી પડે. એનો અર્થ એવો થાય કે તેમણે સમતા, સમાનતા અને જાહેર સુખાકારી જેવા સર્વસામાન્ય સિદ્ધાંતોના સંદર્ભમાં પોતાને વાજબી ઠેરવવા પડે કે મૂલવવા પડે. આ ઉદારતાવાદી સમાનતાવાદીઓ બહુસાંસ્કૃતિકતાને ઉદારવાદી લોકશાહી સામેનું મોટું જોખમ માને છે અને એવી દલીલ કરે છે કે લઘુમતી સાંસ્કૃતિક જૂથો પર નિયંત્રણો લાદવાં જોઈએ, તેમને જરૂર પડે તો બળજબરીપૂર્વક બહુમતી સંસ્કૃતિમાં ભેળવી

દેવા જોઈએ અને તેમની પ્રવૃત્તિ પર સતત દેખરેખ રાખવી જોઈએ. બહુસાંસ્કૃતિકતાના ટીકાકારો સ્પષ્ટપણે માને છે કે પશ્ચિમનાં સેક્યુલર મૂલ્યો અને મુખ્યત્વે ઈસ્લામિક વસાહતીઓના ધર્મ-આધારિત નૈતિક નિરપેક્ષો (moral absolutes) વચ્ચે સેતુ શક્ય નથી કેમકે બન્ને તેમના મતે પરસ્પર વિરોધી છે અને નૈતિક નિરપેક્ષોમાં રહેલી મૂળભૂત જડતાને કારણે સહઅસ્તિત્વને બદલે ઉત્તરોત્તર તનાવ જ વધે અને એમાં સરવાળે પશ્ચિમી સમાજો અને સેક્યુલર મૂલ્યો માટે જોખમ જ જોખમ છે. અલબત, યુરોપીય સરકારો તરફથી આ વસાહતીઓને સમાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે તે નિર્વિવાદ બાબત છે પરંતુ આ સમગ્ર પ્રક્રિયા લાંબી અને પ્રમાણમાં કંટાળાજનક પુરવાર થઈ રહી છે. એક તરફ પશ્ચિમી આધુનિકતા સાથે સંકળાયેલાં મૂલ્યો અને આદર્શોના ચડિયાતાપણાના દાવાઓ અને બીજી બાજુ આ વસાહતી ઈસ્લામિક સમાજોની ઈસ્લામ સ્વયં-પર્યાપ્ત હોવાની દૃઢ માન્યતા એક પ્રકારના ટકરામણની સ્થિતિ જન્માવે છે. બીજી બાજુ, બહુસાંસ્કૃતિકતાના સિદ્ધાંતકારો એવી દલીલ કરે છે કે ઉદારવાદી સમાનતાનો ખ્યાલ સંસ્કૃતિની ભૂમિકા અને જૂથલક્ષી ઓળખ અને માન્યતા સાથે સંકળાયેલા પ્રશ્નો ધ્યાનમાં લેતો નથી જેને કારણે જાણે અજાણે જુદા જ પ્રકારના અન્યાયોનું નિર્માણ થાય છે. કારણ કે ઉદારવાદી સમાનતાવાદીઓ સાંસ્કૃતિક ઓળખને કારણે ઊભા થતા અન્યાયોની સંભાવનાને તટસ્થભાવે જુએ છે. બીજા શબ્દોમાં, બહુસાંસ્કૃતિકતાવાદીઓ ઉદારવાદ અન્વયે ઊભા થયેલા ન્યાય વિશેના સિદ્ધાંતોના મોટા આલોચકો છે અને પશ્ચિમમાં આ અંગેનો વિવાદ આજે પણ શમ્યો નથી.

**ભારત અને સંમિશ્ર સંસ્કૃતિ**

તુલનાની દૃષ્ટિએ અહીં એક બાબતનો ઉલ્લેખ કરી શકાય. ભારતમાં ઈસ્લામનો લાંબો શાસનકાળ રહ્યા છતાં એક પ્રકારની સંમિશ્ર સંસ્કૃતિ ઊભી થઈ જેની ઘેરી અસર આપણા સામાજિક અને સાંસ્કૃતિક જીવન પર વર્તાય છે. વાસ્તવમાં ભારતીય ઈસ્લામને જુદી રીતે જોઈ શકાતો હોય તો એમ કહી શકાય કે ભારતીય ઈસ્લામ એ ઘણી બધી રીતે syncretic Islam છે. એટલે કે એવો ઈસ્લામ જેના પર હિંદુ સંસ્કૃતિની પણ અસરો જોવા મળતી હોય. એ અર્થમાં કદાચ તાલિબાની ઈસ્લામ કે મધ્યપૂર્વના ઈસ્લામથી ભારતીય ઈસ્લામ જુદો પડે છે - ખાસ કરીને અન્ય ધર્મો પ્રત્યે સહિષ્ણુતાના સંદર્ભમાં. તે ઉપરાંત રોજિંદા જીવાતા જીવનમાં આર્થિક, વ્યાવસાયિક અને સાંસ્કૃતિક પરસ્પરાવલંબનના તાણાવાણાને કારણે સામાન્ય હિંદુ કે મુસ્લિમ પોતાને 'ઘૃણિત ઈતર' ના સંદર્ભમાં જોતો નથી. અલબત્ત બાબરીના ધ્વંસ પછી અને ધર્મનું રાજકારણ થયા પછી પરિસ્થિતિ બદલાઈ રહી છે. તેમ છતાં બહુસાંસ્કૃતિકતાની લેજિટિમસી ઓછી થઈ હોય કે સંમિશ્ર સંસ્કૃતિનું મોટા પાયા પર ધોવાણ થયું હોય તેવી છાપ ઊભી થતી નથી. બીજી બાજુ મોટાભાગના પશ્ચિમી સમાજો વત્તેઓછે અંશે બહુસાંસ્કૃતિક સમાજ-વ્યવસ્થા તરફ જઈ રહ્યા છે પરંતુ કંઈક અંશે બ્રિટનને બાદ કરતાં જે પ્રકારનું સંમિશ્રપણું સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે આપણે ત્યાં જોવા મળે છે તેટલે અંશે ત્યાં કદાચ જોવા મળતું નથી. તેને બદલે બહુસાંસ્કૃતિકતા અને એકતાના તકાજાઓને પરસ્પર વિરોધી મૂલ્યો તરીકે જોવાનું વલણ કદાચ વિશેષ જોવા મળે છે. યુરોપના પોતાના સમરૂપ સમાજ તરીકેના અનુભવના સંદર્ભમાં સંમિશ્રપણું અને બહુસાંસ્કૃતિકતા તદ્દન નવાં મૂલ્યો અને વાસ્તવિકતા છે. જ્યાં બહુસાંસ્કૃતિકતાની વાસ્તવિકતા નથી સ્વીકારવામાં આવી ત્યાં વિઘટનકારી પરિણામો આવ્યાં છે. સોવિયેટ યુનિઅનમાં વિચારધારાકીય સમરૂપીકરણ અને અનુરૂપતાને નામે, યુગોસ્લાવિયામાં ધર્મ તેમ જ જાતિને નામે અને રવાન્ડા-બુરુન્ડીમાં જાતિને નામે થયેલી કત્લેઆમ વીસમી સદીના ઉત્તરાર્ધનાં આ પ્રકારનાં વિઘટનકારી પરિણામોનાં ઉત્તમ ઉદાહરણો છે. તેથી ઊલટું, જ્યાં તે સ્વીકારવામાં આવી છે - જેમકે કેનેડા - ત્યાં એકતા અને બહુસાંસ્કૃતિકતા બન્ને જળવાઈ રહ્યાં છે. (યુગોસ્લાવિયાની બાબતમાં એક વિદ્વાનના મતે છ

પ્રદેશો - સર્બિયા, ક્રોએશિયા, સ્લોવેનિયા, હર્ઝેગોવિના, બોસ્નિયા અને કોસોવો) પાંચ પ્રજાઓ (સર્બ, આલ્બેનિઅન, મોન્ટેનેગ્રિન, હન્ગેરિઅન અને સ્લાવિક મુસ્લિમ) ચાર ભાષાઓ (સર્બિઅન, ક્રોએશિઅન, સ્લોવેનિઅન અને મેસેડોનિઅન), ત્રણ ધર્મો (ઑર્થોડોક્સ ચર્ચ, ખ્રિસ્તી ધર્મ અને ઈસ્લામ), બે આલ્ફાબેટ (લૅટિન અને સિરિલિક - Cyrillic) અને એક જ સાચો યુગોસ્લાવ - યોસિપ બ્રોઝ ટીટો હતા. આ ઉપરાંત પણ અનેક કારણો આ પરિસ્થિતિ માટે જવાબદાર છે પણ તે જુદી ચર્ચાનો વિષય છે. પરંતુ એટલું ચોક્કસ કહી શકાય કે આ પરિસ્થિતિને કારણે જ્યારે ગહન અને પ્રતિરોધક વૈવિધ્યનો સામનો કરવાનો આવે ત્યારે એક પ્રકારનું moral and emotional disorientation ઊભું થાય છે.

આના સંદર્ભમાં બહુસાંસ્કૃતિકતા સામે મુખ્યત્વે ત્રણ પ્રકારની દલીલ કરવામાં આવે છેઃ

(૧) કેટલીક સંસ્કૃતિઓ અન્ય સંસ્કૃતિઓ કરતાં વધારે ઝડપથી વિકાસ કે પ્રગતિ કરી શકે છે. ખાસ કરીને ઈસ્લામ વિશે આ માન્યતા બહુ જ પ્રચલિત છે જે મુજબ તે સંસ્કૃતિમાં મૂળભૂત રીતે જ કેટલીક મર્યાદાઓ હોવાને કારણે તેમાં જો વિકાસ શક્ય હોય તો પણ અમુક હદથી વધારે કે અમુક પ્રકારનો વિકાસ કે પ્રગતિ શક્ય નથી.

(૨) સાંસ્કૃતિક વૈવિધ્ય અનિવાર્યપણે મૂલ્યોના સંઘર્ષ ભણી લઈ જાય છે. સૅમ્યુઅલ હન્ટીંગટનની Civilizational faultlines ના અસ્તિત્વની અને બાટ યેઓરની ''યુરેબિયા''ની થિસિસ આ સંદર્ભમાં જાણીતી છે.

(૩) સાંસ્કૃતિક વૈવિધ્ય મૂળભૂત રીતે વિકાસનું અવરોધક છે.

વાસ્તવમાં મોટાભાગના દેશોએ સાંસ્કૃતિક નીતિઓ અંગે કોઈ ચોક્કસ પગલાં ભર્યાં નથી બલ્કે તેનો વિરોધ કર્યો છે. કેટલાક સમાજશાસ્ત્રીઓએ એવી પણ દલીલ કરી છે કે બહુસાંસ્કૃતિકતા અને માનવ-અધિકારો એકબીજા સાથે સુસંગત નથી. આ અંગેનું એક કારણ કંઈક અંશે બહુમતવાદી રાજકારણની વાસ્તવિકતાઓ પણ છે. નીતિ ઘડનારાઓના મનમાં આવી નીતિની અસરકારકતા અંગે પ્રશ્નો અને શંકાઓ પણ છે જેમાંથી સૂર એવો નીકળે છે કે સાંસ્કૃતિક સ્વાતંત્ર્ય એ એક પ્રકારની ''સાહ્યબી'' છે; તે સારી બાબત છે પરંતુ તેની ''કિંમત'' ઘણી મોંઘી છે !

અલબત્ત, આનો અર્થ એવો નથી કે સમાજને એકતાની જરૂર નથી. તેનાં કારણો સ્વયંસ્પષ્ટ છે. જો સમાજ એક અને સુશ્લિષ્ટ ન હોય તો તે સામૂહિક રીતે બંધનકર્તા નિર્ણયો લઈ શકે નહિ અને તેનાં ઘટકો વચ્ચેનાં ઘર્ષણોનું નિવારણ થઈ શકે નહિ. દરેક સમાજને અસ્તિત્વ ટકાવી રાખવા માટે સાંસ્કૃતિક લઘુતમ સાધારણ અવયવની જરૂર પડે છે તે ઉપરાંત સામૂહિક ચેતના માટે પણ તેને ઐક્યની જરૂર પડે છે. જો આમ બને તો ત્યાગ અને સમર્પણની ભાવના ઊભી થાય અને સામાન્ય સુખાકારી માટે સમાધાન માટેની ભૂમિકા પણ ઊભી કરી શકાય. આથી કોઈપણ સમાજે ઐક્ય અને સુશ્લિષ્ટતા ઊભી કરવા માટે જે કરવું પડે તે કરવું જોઈએ પરંતુ વૈવિધ્યના તકાદાને અવગણીને નહિ. તેનાં ત્રણ સંભવિત કારણો હોઈ શકે :

પહેલું કારણ એ હોઈ શકે કે સાંસ્કૃતિક વૈવિધ્ય વ્યક્તિની ઓળખ ઊભી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આથી વ્યક્તિને માત્ર empirical and autonomous self તરીકે ઓળખી શકાય નહિ કેમકે તે એક કલ્ચરની પણ સભ્ય છે અને તેની સાથે તેના આત્મગૌરવનો ખ્યાલ જોડાયેલો છે.

બીજું કારણ હોઈ શકે કે વ્યાખ્યાગત રીતે વૈવિધ્ય એ આધુનિક બહુસાંસ્કૃતિક સમાજજીવનની વાસ્તવિકતા છે. તેને તોડી નાખવાનો કે દબાવવાનો કે પ્રભાવક સંસ્કૃતિના અંગભૂત અંશ તરીકે સમાવી લેવાનો પ્રયત્ન કરવામાં આવે તો તેનાં પૂર્વાનુમાનિત ન હોય તેવાં પરિણામ ભોગવવાનો વારો આવે. આવો પ્રયત્ન વિરોધ

જન્માવે, અસલામતી જન્માવે, સાંસ્કૃતિક જૂથો વચ્ચે શંકાકુશંકા વધારે અને તેથી તેમની વચ્ચેના આદાનપ્રદાનમાં એક પ્રકારનો અવરોધ ઊભો થાય વગેરે. એ ઉપરાંત જ્યારે કોઈ એક સાંસ્કૃતિક સમૂહને કોઈપણ પ્રકારનું જોખમ લાગે ત્યારે તેનામાં ગભરાટ ફેલાય, તે self-obsession નો ભોગ બને, આંતરિક તફાવતો કે વિરોધને દબાવી દેવાનું વલણ વધે, બીજાં સાંસ્કૃતિક જૂથો સાથે સંપર્કો મર્યાદિત થાય અને તેમાંથી લાંબે ગાળે એક પ્રકારના ચુસ્ત કટ્ટરવાદને પ્રોત્સાહન મળે. આને કારણે સમાજમાં મોટાં તડાં કે તિરાડો પડે અને તેથી સરવાળે તેની એકતા અને સલામતી જોખમાય. આથી કોઈ એક સંસ્કૃતિએ એકતા, સમરૂપતા કે આધિપત્યને નામે અન્ય સંસ્કૃતિઓને ગૌણ સંસ્કૃતિ ગણીને તેને બળજબરીપૂર્વક પોતાનામાં સમાવી લેવાના કે તેને નીચા દરજ્જાની સંસ્કૃતિ તરીકે માનવાની માનસિકતાથી દૂર રહેવું જોઈએ એ બહુસાંસ્કૃતિકતા સાથે સંકળાયેલો મહત્ત્વનો વિચાર છે.

ત્રીજું, સામાન્ય માન્યતા એ છે કે સાંસ્કૃતિક વૈવિધ્ય સમાજને પણ સમૃદ્ધ કરે છે. તે સામૂહિક જીવનને વધુ ધબકતું બનાવે છે અને તેથી ઈચ્છનીય બાબત છે તેવો એક વ્યાપક મત પણ છે.

સૌથી મહત્ત્વની બાબત એ છે કે તેને કારણે critical self-reflection ઊભું થાય છે જે કદાચ જે તે સંસ્કૃતિને આપખુદ (absolutist) થતી અટકાવવામાં મદદ કરે છે.

મુદ્દો એ છે કે બહુસાંસ્કૃતિકતા અને એકતા એ બન્નેના પોતાના આગવા તકાદાઓ છે અને તેમની ઉપેક્ષા થઈ શકે નહિ. અલબત્ત, બહુસાંસ્કૃતિકતાનું કોઈ મૉડલ નથી. તે માત્ર એક પ્રકારનો navigational device છે જે સંભવતઃ સમાજને સાચી અને વાસ્તવિક પસંદગીઓ કરવાની દિશા શોધવામાં મદદ કરે છે. એકતા અને વૈવિધ્ય સરખું મહત્ત્વ ધરાવે છે અને એકને ભોગે બીજાને સાધવાનાં જોખમો સ્વયંસ્પષ્ટ છે. આ ઉપરાંત સમાજમાં જેટલું વૈવિધ્ય વધારે તેટલી જ એકતા અને સુશ્લિષ્ટતાની જરૂર પડે છે. એનો અર્થ એ થાય કે આવા સમાજના સભ્યો વચ્ચે પારસ્પરિક પ્રતિબદ્ધતા અને sense of belonging ની ભાવના હોવી જોઈએ.

**બહુસાંસ્કૃતિકતા અને રાજ્ય**

બહુસાંસ્કૃતિકતાના સંદર્ભમાં રાજ્યનો મુદ્દો વિશેષ મહત્ત્વ ધારણ કરે છે. રાજ્ય અને તેની સંસ્થાઓ sense of belonging ઊભી કરવામાં અત્યંત મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. રાજ્યની તટસ્થતા જેટલી ધર્મના સંદર્ભમાં મહત્ત્વની છે તેટલી જ સાંસ્કૃતિક રીતે સમરૂપ સમાજ કરતાં સાંસ્કૃતિક વૈવિધ્ય ધરાવતા સમાજમાં કદાચ વધારે મહત્ત્વની છે. વાસ્તવમાં રાષ્ટ્ર-રાજ્ય સાથે જે કેટલાક મહત્ત્વના ખ્યાલો સંકળાયેલા છે તેમાંનો એક ખ્યાલ એ છે સંસ્થા તરીકે રાજ્ય સામાજિક રીતે તટસ્થ અને સાંસ્કૃતિક રીતે તેની હદમાં આવતા બધા સમૂહોને અતિક્રમે છે. આથી રાજ્ય પર કોઈ એક સાંસ્કૃતિક સમૂહનું નિયંત્રણ કે કબજો થાય તો જે સમૂહો તે સંસ્કૃતિના નથી તેનું શું થાય તે મોટો પ્રશ્ન બની રહે. જો જુદા જુદા સમૂહોને રાજ્ય તરફથી સમયસર ન્યાય ન મળે તો તે કાયદો પોતાના હાથમાં લેવા પ્રેરાય. સત્તા સંસ્થા સાથે સંકળાયેલી છે જેની પાછળનું પીઠબળ બંધારણ છે પરંતુ લેજિટિમસી લોકોમાંથી અને તેમના ટેકામાંથી આવે છે. આથી જે સત્તારૂઢ છે તેમણે તટસ્થતા અને નિષ્પક્ષતાનો પુરાવો આપીને રોજેરોજ લેજિટિમસી પ્રાપ્ત કરવી પડે. જો રાજ્ય કોઈ એક જૂથ કે સમુદાયને ભોગે બીજા જૂથ કે સમુદાય તરફી બને ત્યારે તેની લેજિટિમસીના મોટા પ્રશ્નો ઊભા થાય.

આધુનિક રાજ્યના હાર્દમાં ચાર સંસ્થાઓ રહેલી છે : સિવિલ સર્વિસ, પોલિસ, લશ્કર અને અદાલતો અને આ બધી સંસ્થાઓ એક પ્રકારના કથિત વૈશ્વિક વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે અને રાજ્ય સાથે વૈશ્વિક સંસ્થા તરીકે જોડાયેલાં ધોરણો પ્રમાણે વર્તવાની તેની કાનૂની અને નૈતિક જવાબદારી બને છે. આથી એ જરૂરી છે કે

તેનું સંચાલન કરતી વ્યક્તિઓ તેને યોગ્ય હોય, તેની કામગીરી ચોક્કસ નિયમો પ્રમાણે થતી હોય, જેનાં ઍક્શન વિશે કોઈ શંકા ન હોય અને જેનું કથિત પક્ષપાતીપણું ટીકા અને સજાને પાત્ર હોય. આથી આપણે જ્યારે રાજ્ય-નિર્માણની વાત કરીએ છીએ ત્યારે વાસ્તવમાં એવા વ્યાવસાયિક વાતાવરણના નિર્માણની વાત કરીએ છીએ જેમાં રાજ્યની સંસ્થાઓ ધાર્મિક, વંશીય કે અન્ય પ્રકારના દબાણોથી મુક્ત રહીને કામ કરતી હોય.

**સમાપન :**

બહુસાંસ્કૃતિકતા એ કોઈ સુશ્લિષ્ટ વિચારધારા નથી. તેનો પોતાનો કોઈ નકશો નથી જેમાં મનુષ્ય, સમાજ કે વિશ્વની અંતિમ નિયતિની વાત હોય અને જેમાં સમાજ વિશેનું નિદાન હોય કે ભવિષ્ય ભાખેલું હોય. તેના પોતાના કોઈ આગવા ફિલૉસોફિકલ સિદ્ધાંતો નથી અને મનુષ્ય સ્વભાવ કે વર્તન કે વ્યવસ્થા વિશેના પાયાના સિદ્ધાંતો આપવાનો તેનો કોઈ દાવો પણ નથી. તેનો કોઈ કાર્યક્રમલક્ષી નક્કર અજેંડા પણ નથી. બહુસાંસ્કૃતિકતાનો ખ્યાલ એક એવી સ્થિતિ તરફ નિર્દેશ કરે છે કે જેની અંદર specificity of culture and universality of humanessence વચ્ચે સતત ઉત્ક્રાંત થતું સંતુલન જોવા મળતું હોય.

આના સંદર્ભમાં ત્રણ insights નો ઉલ્લેખ કરી શકાય : પહેલી બાબત એ છે કે બધા મનુષ્યોનાં કોઈને કોઈ સાંસ્કૃતિક મૂળ છે એટલે કે આપણે સૌ નિશ્ચિત સાંસ્કૃતિક માળખાવાળા વિશ્વમાં રહીએ છીએ અને આપણું જીવન, દૃષ્ટિ અને સામાજિક સંબંધો પાછળ કોઈને કોઈ સાંસ્કૃતિક મૂલ્યો પડેલાં છે જેને આધારે આપણે સમાજજીવન, વ્યવહારો, સંબંધો વગેરે અંગેનો અર્થ અને તેનું મહત્ત્વ નિશ્ચિત કરીએ છીએ. અલબત્ત, એનો અર્થ એવો નથી કે આપણી સમજ, દૃષ્ટિ અને અભિગમ કેવળ તેના દ્વારા જ નક્કી થાય છે.

બીજું, દરેક સાંસ્કૃતિમાં સુખ કે સુખી જીવન વિશેનું કોઈને કોઈ વિઝન પડેલું છે. આ વિઝન સંસ્કૃતિ સંસ્કૃતિએ જુદું હોય છે એટલે કે સુખી જીવન એટલે શું તે વિશે દરેક સંસ્કૃતિના આગવા ખ્યાલો હોય છે અને તેની સાથે એવી માન્યતા જોડાયેલી છે કે જે તે સંસ્કૃતિ સુખી જીવનના વિઝનને સાકાર કરવા માટે પર્યાપ્ત ફ્રેઈમવર્ક પૂરું પાડે છે.

ત્રીજું, દરેક સંસ્કૃતિ પોતાની પરંપરાઓ અને વિચારતંતુઓ સાથે એક પ્રકારનો સતત સંવાદ કરે છે જેને કારણે જે તે સંસ્કૃતિની અસ્મિતાનું ક્લેવર કે પોત બંધાતું અને બદલાતું રહે છે. આનો સંબંધ જે તે સંસ્કૃતિ જેને તે પોતાના ''વિશેષ ઇતર'' (significant other) તરીકે માને છે તેની સાથે છે.

બીજા શબ્દોમાં, આ ત્રણેય insights એકબીજાની પૂરક છે અને મનુષ્યો વચ્ચે રહેલા સાંસ્કૃતિક અંકોડા વચ્ચે ચાલતી સર્જનાત્મક આંતરક્રિયા સંસ્કૃતિઓની બહુત્વતા અને એક પ્રકારની અનિવાર્યતા તરફ નિર્દેશ કરે છે. એ દૃષ્ટિએ આજે કોઈપણ સંસ્કૃતિ સંપૂર્ણ રીતે અદ્વિતીય હોવાનો કે પોતાનામાં મનુષ્યજીવનની સંકુલતાઓ, ભાતીગળપણા કે ''રીચનેસ'' હોવાનો કે સર્વસમાવેશી હોવાનો દાવો કરી શકે તેમ નથી. આનો અર્થ એમ થાય કે બહુસાંસ્કૃતિકતા એક એવું પરિપ્રેક્ષ્ય છે જે એમ માને છે કે સાંસ્કૃતિક વૈવિધ્ય એ વ્યાખ્યાગત રીતે વિઘાતક પરિબળ નથી અને જે તે સામાજિક વ્યવસ્થા અને એકતા માટે ખતરારૂપ નથી. તેથી ય મહત્ત્વની બાબત એ છે કે બહુસાંસ્કૃતિકતા વૈવિધ્ય અને ભેદોને બિરદાવે છે, તેનો જાણે કે ઉત્સવ કરે છે. વૈવિધ્યને રોગિષ્ટ તત્ત્વ તરીકે જોવામાં આવતું નથી. આથી બહુસાંસ્કૃતિકતાની દૃષ્ટિએ કોઈ કલ્ચર ઊંચું કે નીચું નથી.

આ સંદર્ભમાં બીજી મહત્ત્વની બાબત એ છે કે સમાન નાગરિકત્વ હોવાનો ખ્યાલ પર્યાપ્ત નથી. કેમકે નાગરિકત્વનો સંબંધ હક્કો અને દરજ્જા સાથે છે. પરંતુ જેને sense of belonging કહેવામાં આવે છે તેનો

સંબંધ સામાજિક સ્વીકૃતિ સાથે છે, એક પ્રકારની આવકારની લાગણી સાથે છે, બૃહદ્ સમાજ સાથેના ઓળખલક્ષી તાદાત્મ્ય સાથે છે. અને આ બન્ને હંમેશાં સાથે જ જાય તેવું હોતું નથી. વ્યક્તિ કાનૂની-બંધારણીય અર્થમાં નાગરિક ગણાતી હોય પણ બૃહદ્ સમાજ માટે સાપેક્ષ અર્થમાં તે ''બહારની'' ગણાતી હોય (!) (ભારતમાં દલિતો, આદિવાસીઓ અને મુસ્લિમોની ઘણે બધે અંશે આવી સ્થિતિ છે તેવું તે વિશેના અભ્યાસો દર્શાવે છે.) આવી પરિસ્થિતિ વત્તે ઓછે અંશે ભારત સહિત અનેક દેશોમાં છે. એ અર્થમાં સક્રિય નાગરિકત્વનો ખ્યાલ વિશેષ મહત્ત્વ ધારણ કરે છે કારણ કે એ લોકશાહીનો તકાજો છે અને સમાજના સભ્યોને એક તાંતણે બાંધે છે.

આથી નાગરિક હોવું અને છતાં ય સામાજિક સ્વીકૃતિ ન હોવી એ સ્થિતિ સમજાવવી કે તેનું વિશ્લેષણ કરવું મુશ્કેલ છે અને તેનાથી પ્રભાવિત વ્યક્તિ કે સમૂહ માટે વાસ્તવિકતા તરીકે તે અત્યંત પીડાકારક અને ગુંગળાવનારી પરિસ્થિતિ છે. સરવાળે નાગરિકત્વ અને સામાજિક પ્રતિબદ્ધતા એમ બન્નેને નુકસાન પહોંચે છે અને જાહેરજીવનની બાબતોને મામલે એક પ્રકારની ઉદાસીનતા કે વિમુખતાની લાગણી થાય છે.

આથી બહુસાંસ્કૃતિકતાના પુરસ્કર્તાઓ દૃઢપણે માને છે કે બહુસાંસ્કૃતિક સમાજમાં બહુસાંસ્કૃતિક શિક્ષણ હોવું જોઈએ અને તેનો હેતુ ભેદ-સહિષ્ણુ અને self-critical identity ઊભી કરવાનો હોવો જોઈએ. જો આ ન થઈ શકે તો મોટા તનાવની સંભાવનાઓ વધે જેમકે આરબ સુદાન વિરુદ્ધ આફ્રિકન સુદાન, ખ્રિસ્તી લબનોન વિરુદ્ધ મુસ્લિમ લબનોન, હિંદુ ભારત વિરુદ્ધ ભારતીય ભારત વગેરે.

અંતમાં, Human Development Report 2004 પ્રમાણે વિશ્વના ૧૫૦ થી વધુ દેશોમાં ધાર્મિક કે વંશીય લઘુમતી જૂથો છે જે જે તે દેશની કુલ વસતિનો ૧૦% ભાગ છે. વિશ્વની કુલ વસતિમાંથી ૩૦ કરોડ લોકો સ્થાનિક છે અને તેમનામાં ૪૦૦૦ જેટલી ભાષાઓ કે બોલીઓ બોલાય છે. ૧૯૭૦થી સ્થળાંતર કરીને ગયેલા લોકોનો આંકડો લગભગ ૧૭.૫ કરોડ જેટલો થાય છે. યુનિવર્સિટી ઑફ મૅરીલૅન્ડના minority Risk Data માં આપેલી માહિતી અનુસાર લગભગ ૯૦ કરોડ લોકો - એટલે કે દર સાત માણસે એક માણસ એવા જૂથનો સભ્ય છે જેની સામે તેની અમુક ઓળખને કારણે સાંસ્કૃતિક, રાજકીય કે આર્થિક ભેદભાવ આચરવામાં આવે છે જેમાં તેણે મુખ્યત્વે બે પ્રકારના ભેદભાવોનો સામનો કરવો પડે છે : ભાગીદારી અને જીવનશૈલી. રિપોર્ટમાં આ સંદર્ભમાં પાંચ નીતિવિષયક ક્ષેત્રો દર્શાવવામાં આવ્યાં છે જેમાં ધર્મ, ભાષા, વંશ, સહેલાઈથી ન્યાય મળવો તેમ જ વિકાસ માટે આર્થિક અને સામાજિક અને સામાજિક તકોનો સમાવેશ થાય છે.

આથી બહુસાંસ્કૃતિકતાના ખ્યાલને અમલી બનાવવા માટે ચાર બાબતનો ઉલ્લેખ કરી શકાય : (૧) ભેદ અથવા difference પ્રત્યે સંવેદનશીલતા, સહિષ્ણુતા અને તેના વાજબીપણાનો સ્વીકાર (૨) પરિવર્તન પ્રત્યે ખુલ્લાપણું (૩) સમાનતા પ્રત્યે અચલ પ્રતિબદ્ધતા અને (૪) ઈતરમાં અથવા ''બીજા''માં પોતાની પરિચિતતા જોવાની કે ઓળખવાની ક્ષમતા અને તૈયારી.

email ID : profmankad@gmail.com
(M) 9727818644

સન ૧૯૭૨થી દર વર્ષે પાંચમી જૂનને સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા વૈશ્વિક સ્તરે પર્યાવરણની જાળવણી તથા એ અંગે જાગૃતિ ફેલાવવાના પ્રયાસરૂપે 'પર્યાવરણ દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. આ વર્ષનું સૂત્ર રાખવામાં આવ્યું છે : Think, EAT, SAVE અર્થાત્ વિચારીને ખાઓ, બગાડ અટકાવો અને પર્યાવરણ બચાવો. UNEP (યુનાઇટેડ નેશન્સ એન્વાયરોન્મેન્ટ પ્રોગ્રામ) દ્વારા આ વાત મૂકીને દુનિયાના બધાં રાષ્ટ્રોની જનતાને આ મુદ્દે સક્રિય થવા જણાવાયું છે.

# મૂળસોતાં ઉખડેલાં : પંચ મહાલના નાયક આદિવાસીઓના વિસ્થાપનની સંઘર્ષ કથા

- શ્રી અરુણ વાઘેલા

**પ્રસ્તાવના :**

સ્થળાંતર, વિસ્થાપન, ડાયસ્પોરા વગેરે શબ્દો અને પ્રક્રિયાઓ સૈકાઓ જૂની છે, તેનો ચોક્કસ ઐતિહાસિક સંદર્ભ છે. તેના વગર આ પ્રક્રિયા કે પ્રવૃત્તિઓનું સંશોધન પાંગળું બની રહે છે. સ્થળાંતરિત વિસ્થાપિત થનારા માનવસમૂહોમાં આદિવાસીઓ અગ્રિમ પંક્તિમાં છે, આથી આજે પણ આદિવાસીઓના સંદર્ભમાં પ્રસ્તુત મુદ્દાઓનો વિચાર કરીએ ત્યારે તેમના ઈતિહાસને ચાતરીને સાંપ્રત સ્થિતિ વિશે આગળ ન વધી શકાય.

ગુજરાતના આદિવાસીઓના વિસ્થાપનના ઈતિહાસમાં ૧૮મી અને ૧૯ મી સદી મહત્ત્વનો સમયગાળો છે. અર્થાત્ ભારતમાં બ્રિટિશ શાસન. સાંસ્થાનિક બ્રિટને મૂડીવાદી રીતરસમો થકી ભારતનાં શહેરોથી લઈ ગામડાંઓ પર લોખંડી અંકુશ જમાવ્યો હતો, જે આદિવાસીઓ જેવા પરંપરાગત સમુદાયોને માફક આવ્યો ન હતો. ઉદા. તરીકે વસ્તુવિનિમયને બદલે રોકડપ્રથા, જમીન ખરીદ વેચાણની વસ્તુ બનાવવી, જંગલકાયદાનું અસ્તિત્વ પરંપરાગત કાયદો વ્યવસ્થાની સંસ્થાઓને બદલે જડ અદાલતોનું સર્જન વગેરે. બ્રિટિશ સત્તા પ્રેરિત ઉક્ત પ્રવૃત્તિઓની પ્રતિક્રિયારૂપે ૧૯મા અને ૨૦મા સૈકામાં આદિવાસીઓએ શ્રેણીબદ્ધ વિદ્રોહો કર્યા હતા, જેમાં ગુજરાત કક્ષાએ જોઈએ તો, ૧૮૩૮ થી ૧૮૬૮ પંચમહાલનું નાયક આંદોલન, ૧૮૮૫માં ભરૂચના તળાવિયાઓનો બળવો, ૧૮૨૫ થી ૧૯૧૪ વચ્ચે ડાંગી ભીલ રાજાઓના વિદ્રોહો, ૧૯૦૫ થી ૧૯૩૧ ગોવિંદગુરુનું ભગત આંદોલન, ૧૯૨૨-૨૩ મોતીલાલ તેજાવતનું એકી આંદોલન જેવાં અંદાજે ૧૫ જેટલાં આદિવાસી આંદોલનોનો ઈતિહાસ ઉપલબ્ધ છે.[૧] ઉપરોક્ત આંદોલનો પછી બ્રિટિશ શાસન અને તેમના પિઠ્ઠુઓ જેવાં રજવાડાંઓએ આદિવાસીઓને વિસ્થાપિત, મૂળસોતાં ઉખેડવાનું શરૂ કર્યું હતું. ૧૮ થી ૨૦ મા સૈકાનો આદિવાસી વિસ્થાપનનો અભ્યાસ સમાજશાસ્ત્રીઓ માટે અનેક મહાનિબંધોનાં શીર્ષકો બની શકે તેમ છે. અત્રે સંશોધનના દાયરાને સીમિત રાખવા માટે પંચમહાલના નાયક આદિવાસીઓની સંઘર્ષકથાને આદિવાસીઓના વિસ્થાપનના ઈતિહાસના પ્રતીકરૂપે રાખી ચર્ચા કરવામાં આવી છે. પ્રસ્તુત લેખને ત્રણ વિભાગમાં વહેંચ્યો છે.

(૧) પંચમહાલના નાયક આદિવાસીઓ : પરિચય

(૨) ૧૯ મા સૈકાની નાયક ચળવળો અને તેમનું વિસ્થાપન.

(૩) વિસ્થાપનને પરિણામે તેમની સાંપ્રત સ્થિતિ.

પ્રસ્તુત લેખ મુખ્યત્વે દફતરીય સ્રોતો અને ક્ષેત્રકાર્ય પર આધારિત છે.

### (૧) પંચમહાલના નાયક આદિવાસીઓ :

પંચમહાલ અને સમગ્રતયા ગુજરાતના નાયક આદિવાસીઓ પર પર્યાપ્ત સંશોધન થયું હોવાનું જણાતું નથી. અપવાદરૂપે માનવવંશશાસ્ત્રી પી. જી. શાહ Naika - Naikas, 60 m---- 1959), Gazatter of the bombay presidency, vol III kaira and Panchmahal) (1879, 60 mbus), Vol VI (Relakantha, Surat, Cambay and Narukot, bombay, 1880) ને મૂકી શકાય. (આર. ઈ. એન્થોવન મોટેભાગે ગેઝેટિયર્સના સહારે ચાલે છે.) છતાં ઉપરોક્ત સંશોધનોમાં નાયકાઓનું જીવન ભીતર - બહારથી પ્રગટ્યું હોય તેમ જણાતું નથી.

પંચમહાલના નાયકાઓ ઈતિહાસપ્રસિદ્ધ આદિજાતિ રહી છે. પંચમહાલ સિવાય તેમની વસતિ ડાંગ, નવસારી, વડોદરા, સુરતમાં પણ છે. ૧૯૫૧માં પંચમહાલ જિલ્લામાં તેમની વસતિ અંદાજે ૪૭ જેટલી

હતી[૨] જે આજે ૭૦ હજાર હોવાનો અંદાજ છે.[૩] નાયકાઓનું મૂળ ચાંપાનેરમાં હોવાનું એન્થોવન માને છે. તેમણે નોંધ્યું છે કે તેમના પૂર્વજો ચાંપાનેરના મુસ્લિમ અમીરો અને વેપારીઓને ત્યાં અશ્વપાળ તરીકે કામ કરતા હતા, મુસ્લિમ સત્તાના પતન પછી તેઓ બેરોજગાર બન્યા હતા. બીજી એક નોંધ પ્રમાણે તેઓ ચાંપાનેર રાજ્યમાં વળાવિયા તરીકે કામ કરનારાઓના વંશમાંથી ઊતરી આવ્યા હતા[૪]. આથી ભિન્ન મત ડૉ. પી.જી. શાહે વ્યક્ત કર્યો છે. તેમના મતે નાયકાઓ ઈતિહાસના કોઈ તબક્કે ભારતના વિવિધ ભાગોમાંથી સ્થળાંતરિત થઈ અહીં સ્થાયી થયા હતા[૫]. આમ તેમના મૂળનિવાસ બાબતે નૃ-વંશશાસ્ત્રીઓમાં એકમતિ નથી.

નાયકાઓમાં ઊંચા, નીચા અને ચોળીવાળા એમ ત્રણ પેટાજૂથો હતા. ૧૯મા સૌકામાં તેમનું સામાજિક ધાર્મિક જીવન આદિમ અવસ્થાનું હતું. આદિવાસીઓના સામાજિક કોટિક્રમમાં પણ તેઓ નિમ્ન સ્તરે હતા. તો પછી ભદ્રવર્ગીય દૃષ્ટિકોણથી તો પૂછવું જ શું ? નાયકાઓ પછાત જરૂર હતા. પણ ઈતિહાસનિર્માણની ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં ૧૯મા સૈકામાં ગુજરાતની કોઈપણ જાતિ તેમની તોલે ઊભી રહી શકે તેમ ન હતી. નાયકાઓ વિશેની પ્રાથમિક જાણકારી પછી તેમના વિસ્થાપનનો ઈતિહાસ તપાસીએ.

**(૨) ૧૯ મા સૈકાની નાયક ચળવળો અને તેમનું વિસ્થાપન :**

ઈ.સ. ૧૮૧૮માં બ્રિટિશ વિજયયાત્રા ગુજરાત આવી પહોંચી હતી. ગુજરાત કક્ષાએ સાંસ્થાનિક સત્તાનો સૌ પ્રથમ વિરોધ આદિવાસીઓએ કર્યો હતો. જેમાં માત્ર નાયક આદિવાસીઓના જ ચાર આંદોલનોના ઉલ્લેખો ઉપલબ્ધ છે, જે માત્ર આદિવાસી ઈતિહાસ જ નહીં, સમગ્ર ગુજરાતના ઈતિહાસનું સુવર્ણ પૃષ્ઠ છે. પરંતુ આપણે ત્યાં તો કેવું તમારો હમદર્દ વર્ગ કેટલો ? તમારા ઈતિહાસને શોધાવનારો દાતા વર્ગ ખરો ? વગેરે પર જાતિ, સ્થળ કે વ્યક્તિવિશેષની ઐતિહાસિકતાનો આધાર છે. બધા ઈતિહાસકારો થોડા ડેવિડ હાર્ડીમેનના રસ્તે ચાલી શકે ?

ભારતમાં બ્રિટિશ શાસન પૂર્વેના કોઈપણ રાજ્યશાસન કરતાં સર્વથા નોખું અને આઘાતજનક હતું. સંસ્થાનવાદી બ્રિટને પરાધીન ભારતને મૂડીવાદી ઢાંચામાં ઢાળવાના ઉદ્દેશથી દેશનું અર્થતંત્ર, સામાજિક વ્યવસ્થાતંત્ર બદલવાનું શરૂ કર્યું હતું. જેણે સૌથી વિશેષ આઘાત આદિવાસી સમાજજીવનને પહોંચાડ્યો હતો. બોર્ડર કોર્ટની રચના, જંગલ રક્ષણનો કાયદો, આદિવાસીઓને ગુન્હેગાર જાતિઓમાં ખપાવવી વગેરે જેવી અનેક બાબતોએ આદિવાસી જીવન સામે આઘાત-જનક સ્થિતિનું નિર્માણ કર્યું હતું. બ્રિટિશ પૂર્વે ભારત વર્ષના ઇતિહાસમાં અનેક આસમાની સુલતાની થઈ પરંતુ આદિવાસીઓએ આવી અસહ્ય ખલેલ અનુભવી હોય તેવું બન્યું ન હતું. રજવાડાઓ દ્વારા આદિવાસીઓના સ્વાયત્ત જીવનને મૂક બહાલી જેવી સ્થિતિ હતી. પરંતુ બ્રિટિશ શાસન પછી સ્થિતિ બદલાઈ, પરિણામે આદિવાસી પ્રતિકાર આવશ્યક બન્યો. પંચમહાલના નાયકાઓના સંદર્ભે તેની પ્રતિક્રિયા ૧૮૧૮થી શરૂ થઈ હતી પરંતુ તેના દસ્તાવેજી આધારો ૧૮૩૮ થી પ્રાપ્ત થયા છે. કેવળનાયક, દામાનાયક અને અમરા નાયક નામના સરદારોએ હિંસક પ્રવૃત્તિઓ દ્વારા દેવગઢ-બારીયાથી હાલોલ સુધીના વિસ્તારોમાં હાહાકાર મચાવી દીધો હતો.[૬] પરંતુ વ્યૂહાત્મક વ્યવસ્થાપનના અભાવે ૧૮૩૮નો એપિસોડ કોઈ જ ફલશ્રુતિ વગર પૂરો થઈ ગયો. નાયકા આંદોલનનો બીજો અધ્યાય ૧૮૫૭ના સંગ્રામ દરમિયાન આરંભાયો. આ સમયે રૂપસિંહ નાયક (૧૮૧૩-૧૮૬૮) નામનો જોરાવર નેતા અંગ્રેજ સત્તા અને રજવાડાઓ સામે મેદાને પડ્યો. તેણે જાગીરદારી હક્કો માટે ૧૮૫૭ની સમાંતર બે વર્ષ સુધી સંઘર્ષ ખેલ્યો.[૭] સત્તાવનના વિપ્લવકારીઓ સાથે તેનો અનુબંધ રચાયો હોવાની વાત પણ કેટલાક અતિરાષ્ટ્રવાદી લેખકો કરી રહ્યા છે. પરંતુ તેમાં દમ નથી. રૂપસિંહે ૧૮૫૭ના સંગ્રામમાં પોતાનો અસંતોષ ભેળવ્યો હતો, પરંતુ કુશળ વ્યવસ્થાતંત્રને અભાવે તે થાક્યો, હાર્યો અને સાંસ્થાનિક સત્તાને શરણે થયો હતો.

નાયક ચળવળનો ત્રીજો અને મહત્ત્વપૂર્ણ તબક્કો ઈ.સ. ૧૮૬૭ના વર્ષે આવ્યો હતો. આ વખતે નાયકાઓનો નેતા જોરીયો પરમેશ્વર (૧૮૪૬-૬૮) નામનો ૨૧ વર્ષનો નવયુવાન હતો. તેણે ચમત્કારિક કે દૈવી સંયોગથી નાયકાઓનું નેતૃત્વ હાંસલ કર્યું હોવાનું સ્થાનિક લોકમુખે ચર્ચાય છે. તદ્ઉપરાંત તેના જીવન અને કાર્યને લગતી અલૌકિક અનેક માન્યતાઓ પણ આદિવાસીઓમાં પ્રચલિત છે. તેની સાથે અગાઉનો નિષ્ફળ ક્રાંતિકારી રૂપસિંહ નાયક જોડાયો હતો. તેઓએ નાયકાઓમાં સમાજ ધર્મ સુધારણા કરવાના આશયથી મજબૂત સંગઠન ઊભું કર્યું હતું. જેમાં હજારો નાયક બિનનાયક લોકો જોડાયા હતા. આ સંઘબળના સથવારે તેણે 'નાયકીરાજ'નું સ્વપ્ન પણ સેવ્યું હતું. તેઓએ ડિસે.૧૮૬૭થી ૧૫ ફેબ્રુ. ૧૮૬૮ દરમિયાન હાલોલથી છોટાઉદેપુર સુધીના વિસ્તારમાં જબરદસ્ત પ્રભાવ ઊભો કર્યો હતો. આ સમયે સંબંધિત વિસ્તારમાં જોરીયા પરમેશ્વરની સમાંતર સરકાર જેવી સ્થિતિ હતી.[૮] તેણે સામાજિક અન્યાય અને આર્થિક શોષણના વિરોધમાં જીવન-મરણનો સંઘર્ષ કરનારો લડાયક અનુયાયી વર્ગ તૈયાર કર્યો હતો. જોરીયા પરમેશ્વરની સંગઠિત તાકાત બ્રિટિશ શાસન માટે કેટલી ખતરારૂપ હતી તેનો અંદાજ બ્રિટિશ પોલીટીકલ એજન્ટ હેનરી પ્રોફેટના નીચેના શબ્દોમાં આવે છે. '' જોરીયા પરમેશ્વર અને રૂપસિંહ નાયક દ્વારા સ્થાનિક લોકો પર ઊભો કરવામાં આવેલા પ્રભાવનું શબ્દોમાં વર્ણન થઈ શકે તેમ નથી. રાજગઢ, જાંબુઘોડા અને જેતપુર પરના સફળ હુમલાઓ પછી વડેક (જોરીયાની જન્મભૂમિ)થી ૨૦ માઈલના ઘેરાવામાં દરેક માણસ એવું માનતો થઈ ગયો હતો કે બ્રિટિશરાજનો અંત આવ્યો છે અને જોરીયા અને રૂપસિંહના શુકનિયાળ રાજ્યનો પ્રારંભ થઈ ચૂક્યો છે.''[૯] આવું મસમોટું વહીવટી પરિવર્તન ૧૯મા કે ૨૦મા સૈકામાં ગુજરાત કક્ષાએ જણાતું નથી. બેશક, નાયકાઓની આ ઐતિહાસિક સિદ્ધિ હતી.

૧૯મા સૈકામાં સામ, દામ, દંડ, ભેદની નીતિથી ભલભલા દેશી રજવાડાઓનું પાણી ઉતારી નાંખનાર બ્રિટિશ શાસન આદિવાસીઓની આવી ગુસ્તાખી તો ક્યાંથી સહન કરે ? પરિણામે શરૂ થઈ નાયકા ચળવળને નાથવાની લશ્કરી કવાયત. તેના ભાગરૂપે બ્રિટિશ ઉપરાંત ગાયકવાડ, દેવગઢબારીયા અને છોટાઉદેપુરના રજવાડાઓના સૈન્યે કીડી પર કટક દોડાવતા હોય તેમ નાયકાઓ પર લશ્કરી હુમલાઓ કર્યા. તેમની ગતિવિધિઓના મુખ્ય કેન્દ્ર સમાન જાંબુઘોડા રાજ્યના વડેક અને ડાંડિયાપુરા ગામોને ઘેરી લેવામાં આવ્યા ૧૬ ફેબ્રુ. ૧૮૬૮ના રોજ લડાયેલા આરપારના જંગમાં અનેક નાયક આદિવાસીઓ મરાયા કે ઘાયલ થયા. સેંકડોને પકડવામાં આવ્યા. આમ ઉદ્દામવાદી નાયક-ચળવળનો કરુણ અંજામ આવ્યો.[૧૦]

પકડાયેલા જોરીયા પરમેશ્વર અને રૂપસિંહ નાયક અને બીજાઓ પર કાનૂની કાર્યવાહી કરવા માટે જાંબુઘોડા ખાતે જ 'ખાસ અદાલત'ની રચના કરવામાં આવી. ખાસ અદાલત એ બ્રિટિશ કાનૂની ઈતિહાસનું ડરામણું પરિમાણ હતું. તેના બે ઉદ્દેશો હતા. (૧) ઘટના સ્થળે જ ગુન્હેગારો, સાક્ષીઓને તપાસી ત્વરિત ચુકાદો આપી શકાય.

(૨) ઘટના સ્થળે જ ચુકાદા દ્વારા બીજાઓને બ્રિટિશ શાસન સામે ન પડવા ચેતવી દેવા.

નાયકાઓના કિસ્સામાં ૧૬ એપ્રિલ ૧૮૬૮ના રોજ ખાસ કોર્ટે પાંચ નાયકાઓને ફાંસી આપી, ૨૩ વ્યક્તિઓને આજીવન કારાવાસની સજા કરી જ્યારે ૩૦ જણને ૩ વર્ષથી ૭ વર્ષ સુધીની સખત કેદની સજા ફટકારી. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે સજા પામનારાઓમાં મોટાભાગના ૧૮ થી ૩૦ વર્ષની વચ્ચેની વય ધરાવતા હતા. સેંકડો નાયકાઓને જાંબુઘોડાની આસપાસથી ખદેડી મૂકવામાં આવ્યા. ખદેડી મૂકાયેલાઓમાં મુખ્યત્વે વડેક અને ડાંડિયાપુરાના નાયકો હતા.[૧૧] ગુજરાતના બ્રિટિશકાલીન ઈતિહાસમાં કાનૂની રીતે આટલી કઠોરતા અન્યત્ર જણાતી નથી. બ્રિટિશ

સત્તાએ આવું વલણ કેમ અખત્યાર કર્યું તેના વિશે આગળના વિભાગમાં જોઈશું.

(૩) વિસ્થાપનનાં પરિણામો :- કાનૂની રીતે સજાઓ, બળજબરાઈથી વિસ્થાપન, જમીન - જાયદાદની જપ્તી વગેરે દ્વારા બ્રિટિશ શાસને નાયકા ચળવળને કચડી નાંખી ભઈજી બારીયા નામના નેતાની ૪૦૦ એકર જમીન જપ્ત કરવામાં આવી તો જોરીયા, રૂપસિંહ નાયકની જમીન સાથે મિલકતો પણ જપ્ત કરાઈ. આમ ચળવળના નેતાઓ વંશજો હાથેપગે થઈ ગયા. વિશેષમાં ૧૮૬૮ની નાયક ચળવળના કેન્દ્રબિંદુ સમાન વડેક અને ડાંડિયાપુરામાંથી વીણી વીણીને નાયકાઓને સ્થળાંતરિત કરાયા તેમને દેવગઢબારીયા, લુણાવાડા અને પાવાગઢ જેટલે દૂરના સ્થળોએ વસવાની ફરજ પાડવામાં આવી.[૧૨] તેની પાછળ બે કારણો હતાં.

(૧) ચળવળના કેન્દ્રબિંદુ સમાન ગામોમાંથી નાયકાઓને વિસ્થાપિત કરી ત્યાંથી ક્રાંતિની જ્યોતને બુઝાવી નાખવી.

(૨) સ્થાનિક આદિવાસીઓ, બિન આદિવાસીઓ તેના અલૌકિક કારણો પણ રજૂ કરે છે. એ મુજબ જાંબુઘોડાના રાજાને સતત ભય રહેતો હતો કે વડેક અને ડાંડિયાપુરામાંથી જ આંદોલનકારી આદિવાસીઓ પેદા થાય છે. અહીંના આદિવાસીઓ ચમત્કારિક શક્તિઓ પ્રાપ્ત કરી રજવાડાની સામે મેદાને પડે છે તેથી વડેક, ડાંડિયાપુરામાંથી નાયકાઓને નેસ્તનાબૂદ કરવા. બીજી તરફ સ્થાનિક નાયકાઓમાં ચાલતી લોકવાયકા મુજબ ઉપરોક્ત ગામોમાં નાયકાઓ વસે તો જીવતા નથી અને જીવે તો ચમત્કારિક શક્તિઓ પ્રાપ્ત કરે છે.૧૩

આવી પરસ્પર વિરોધી વાતોની વચ્ચે પણ એટલું તો ચોક્કસ છે કે આજે વડેક અને ડાંડિયાપુરામાં એક પણ નાયક આદિવાસી વસતો નથી. જે મારા વ્યાપક ક્ષેત્રકાર્ય દરમ્યાન પણ મેં જોયું છે.

૧૮૬૮માં સાંસ્થાનિક જોહુકમી અને સ્થાપિત હિતોના ખોફનો ભોગ બનેલા નાયકાઓ પંચમહાલ અને સરહદી જિલ્લાઓમાં વેરવિખેર થઈ ગયા. તેમાંનું એક જૂથ પાવાગઢ, રામેશરા પાસેના ડેસરમાં વસ્યું હતું. સરકારી ચોપડે આ ગામ ગુન્હેગાર ગામ છે. અહીં શાળા, પોલીસ સ્ટેશન, પોસ્ટ-ઓફિસ જેવી સરકારી સુવિધા નામમાત્રની છે. કારણ કે તેનો કોઈ ઉપયોગ સ્થાનિકો દ્વારા થતો નથી. આજે હાલોલ, વડોદરાની આજુબાજુ થતી ઘરફોડ ચોરી કે ધાડના બનાવના સગડ પોલીસતંત્ર મોટેભાગે ડેસરમાં જુએ છે. ૧૯૯૦ના દાયકામાં વેરસંગ ક્રાંતિ નામનો નાયક સરદાર તો કાયદો વ્યવસ્થાની સ્થિતિને રીતસર બાનમાં લેતો. જે એન્કાઉન્ટરમાં માર્યો ગયો.

ડેસર ગામનું આવું ગુનાહિત વર્તન એક સંશોધક તરીકે સતત મને તેના ઇતિહાસ સાથે જોડવા પ્રેરતું હતું, પરંતુ મારી પાસે તેના કોઈ નક્કર આધારો ન હતા. વર્ષ ૨૦૦૯, ૧૦-૧૧માં ચારેકવાર સબંધિત વિસ્તારોમાં જવાનું થયું. હું વ્યક્તિગત અને સામૂહિક રીતે સેંકડો નાયક આદિવાસીઓને મળ્યો, તેમની સામે મારો એક વેધક પ્રશ્ન કાયમ રહેતો કે ડેસરના નાયકાઓ અન્યોથી આક્રમક, ગુન્હેગારીમાં પ્રવૃત્ત કેમ ? કેટલાય નાયક વૃદ્ધોએ ડેસરની પ્રવૃત્તિઓનાં મૂળિયાં દબાતા અવાજે જોરીયા પરમેશ્વરની ૧૮૬૮ની ચળવળમાં દેખાડ્યાં હતાં. તેમનો સૂર એવો હતો કે આ સમયે મૂળ સોતા ઉખડેલા નાયકાઓ વિદ્રોહની આગમાં અહીં વસ્યા હતા, તેઓ પોતાને થયેલા અન્યાયની આગમાં સળગી રહ્યા હતા, બદલાવૃત્તિની તડપ તેઓમાં જીવંત રહી હતી. પરિણામે અંગ્રેજો, રજવાડાઓની સાથે તેઓએ સ્થાનિક ભદ્રવર્ગ વગેરે સામે બદલો લેવા પોતાની જાતને ગુનેગારીમાં જોતરી હતી. બદલાની વૃત્તિ ગુન્હેગારીને બળવત્તર બનાવતી ગઈ હતી. આજે આખું ગામ એક ટેકરી પર વસે છે, બહારના માણસોને જોતાં જ આખું ગામ ઢોળાવવાળી ઝાડીઓમાં સરકી જાય છે, લગભગ આદિમ અવસ્થામાં જીવે છે અને ગુનાહિત પ્રવૃતિઓ દ્વારા જીવનનિર્વાહ ચલાવે છે. આમ ભૂતકાળનો બદલો તેઓ વર્તમાન સાથે લઈ રહ્યા હોવાનો સાર ક્ષેત્રકાર્યમાંથી ઊપસી આવે છે.

નાયક આદિવાસીઓની આ વિસ્થાપન વેદના વાંચ્યા પછી પ્રશ્ન થાય કે પ્રસ્તુત ગામના આવા ગુનાહિત વલણને બદલવાના કે સુધારવાના વહીવટીતંત્ર દ્વારા કોઈ પ્રયત્ન નહીં થયા હોય ? તેનો જવાબ 'હા' છે. ભૂતકાળમાં પંચમહાલના ઘણા વહીવટકર્તાઓએ ડેસરના નાયકાઓને ગુનાહિત માર્ગેથી પાછા વાળી સમાજની મુખ્ય ધારામાં જોડવાના ઉમદા પ્રયત્નો કર્યા હતા. પરંતુ પરિણામ નાકામિયાબી. કારણ કે વહીવટીતંત્ર તેમની સાંપ્રત ગુન્હેગારી ને જ જોયા કરે છે, પરંતુ તેનાં કારણો કે ઈતિહાસમાં જવાની તો કોને ફુરસદ હોય ? અર્થાત્ આયુર્વેદિક સારવાર ઈચ્છતા રોગની સારવાર એલોપેથી પદ્ધતિથી. પોતાના ઈતિહાસમાં નાયકાઓએ પોતાના ક્રાંતિકારી નેતાઓ, જમીન - જાયદાદ અરે ! સર્વસ્વ ગુમાવ્યું હતું. જેનો સુખદ ઉકેલ લાવવાની સૂઝબૂઝ આઝાદી પછીના વહીવટકર્તાઓમાં ન હતી.

મેં ૨૦૧૨માં મારા સંશોધનના આધારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં 'વનબંધુઓની વતનવંદના' નામે એક કાર્યક્રમ જાંબુઘોડા ખાતે યોજાયો હતો. જ્યાં વડેકની પ્રાથમિક શાળાને જોરીયો પરમેશ્વર અને ડાંડિયાપુરાની પ્રાથમિક શાળાને રૂપસિંહ નાયક પ્રાથમિક શાળા નામ આપવાનું નક્કી થયું. પરંતુ મૂળ પ્રશ્ન ભૂતકાળમાં તેમણે ગુમાવેલી જમીન - જાયદાદનો હતો, અંગત રીતે મેં જિલ્લા વહીવટીતંત્રને તેનો ઉકેલ લાવવાની વિનંતિ કરી હતી. આમ થાય તો આદિવાસીઓને અંગ્રેજો અને આપણામાં ફેર લાગે, તેઓ સ્વતંત્રતાની અનુભૂતિ કરી શકે !

આમ પંચમહાલના નાયક આદિવાસીઓનું વિસ્થાપન તેમના ભૂતકાળ અને વર્તમાનને તો વ્યથિત કરી જ ચૂક્યું છે સાથે તેમના ભાવિ સામે પણ પ્રશ્નાર્થ પેદા કરે છે.

**: પાદટીપ :**

1. ૧૯મા સૈકાની આદિવાસી ચળવળોની વધુ વિગતો માટે જુઓ : લાઘાભાઈ પરમાર, રેવાકાંઠા ડિરેક્ટરી ભાગ-૨ રાજકોટ, ૧૯૦૩, પૃ.૭, ભાગ-૧, પૃ.૩૭૦ એચ (પરિશિષ્ટ), Jamse Campbell, Gazetteer of the bombay Presidency Vol 3 (kaira - Panchmahal), bombay, 1879, PP 254-258 and P.273., પ્રેમસિંહ કાંકરીયા, ભીલ ક્રાંતિ કે પ્રણેતા : મોતીલાલ તેજાવત, ઉદેપુર, ૧૯૮૫, Edlagi Dosalhai, History of Gujarat, અને અરુણ વાઘેલા, ઈતિહાસ દર્પણ (લેખ સંગ્રહ) અમદાવાદ, ૨૦૦૬, પ્રકરણ ૨,૩,૪
2. P. G. Shah, Naika - Naikdas, bombay, 1959, P.4
3. સોમાભાઈ નાયક (અખિલ ગુજરાત નાયક આદિવાસી મંડળના પ્રમુખ)ની મુલાકાતને આધારે
4. R.E. Enthoren, The Tribes and Castes of Bombay Vol-3 Bombay, 1997 (Re-Print) P.120.
5. P.G. Shah, P.2
6. રેવાકાંઠા ડિરેક્ટરી, પૃ.૭..
7. Jamse Campbell, op-cit, PP 254-58
8. Maharastra state archieves, political Dept (Special), File No. 621 of 1868, P. 70
9. Ibid, P.10
10. Ibid, P.33-34
11. Ibid, See-Jugement of Trial of Naika disturbance.
12. Ibid, અને પોયલી, વાવ, નિઝરન (જાંબુઘોડા)ના નાયક આદિવાસીઓ સાથે સાક્ષાત્કારના આધારે.
13. ભાવસિંહ નાયક (પોયલી, તા. દે. બારિયા), ડાહ્યાભાઈ નાયક (વાવ, તા. જાંબુઘોડા), મોહન વીરા બારીયા (વાવ, તા. જાંબુઘોડા)ની મુલાકાતને આધારે. ❑

# ગ્રાહક-સંસ્કૃતિના સંસ્થાન તરીકે ડેરી મિલ્કની જાહેરખબરનો અભ્યાસ - ડૉ. પુનિતા હર્ણે

**પ્રસ્તાવના :**

જાહેરખબર પ્રકૃતિગત અને આનુવંશિક રીતે જ વિવાદાસ્પદ છે. પ્રત્યાયનના અનેકવિધ પ્રકારોની વચ્ચે જાહેરખબર સાધન તરીકે વર્ષોથી સક્ષમ અને નિર્વિકલ્પનીય છે. જાહેરખબર સાથે જોડાયેલા અનેક વિવાદો અભ્યાસનો વિષય છે, હતા અને સ્વાભાવિકપણે અનેક વર્ષો સુધી રહેશે. તેના સીધા દેખીતાં કારણો એ કે, જાહેરખબર 'મન' સાથે કામ કરે છે. લેટિન ભાષામાંથી ઊતરી આવેલ શબ્દ 'advertere'નો અર્થ થાય છે 'turn the mind to-'આમ, 'મન'ને બદલવાના સાધન તરીકે સમાજમાં વર્ષોથી પ્રસ્થાપિત થયેલ જા.ખ.નો ઉપયોગ સમાજના ચોક્કસ વર્ગના લોકો નાણાં ખર્ચીને પોતાના ફાયદા માટે કરે તે સહજ છે. મૂડી-રોકાણ, ઉત્પાદન, વેચાણ, નફો અને મૂડીનું વ્યવસાય-વિસ્તરણ માટે પુનઃરોકાણ કરવાની પ્રક્રિયામાં જા.ખ. ઉદ્દીપક તરીકે કામ કરે છે અને મુક્ત અર્થતંત્રમાં જ્યાં રોકાણકાર પોતે જા.ખ.નો ઉપયોગ કરીને પોતે નિશ્ચિત કરેલા ધ્યેયને પહોંચી વળવા માનવમનને પોતાના ઉત્પાદન, વિચાર કે સેવા તરફ કેન્દ્રિત કરવાના પ્રયત્નો કરે છે, ત્યાં એક ત્રિભેટે આર્થિક, સામાજિક અને માનસિક ગતિવિધિ થાય છે.

(૧)

માનવમનને એક ચોક્કસ ઉત્પાદન તરફ આકૃષ્ટ કરીને જે તે ઉત્પાદન વાપરવાને કારણે તેની સામાજિક સ્થિતિ (સ્ટેટ્સનો ખ્યાલ) કેવી ઉંચકાશે તેનો ચિતાર ઊભો કરીને તેની મૂડીમાંથી કેટલોક હિસ્સો ખર્ચમાં પરિવર્તિત કરતી જા.ખ.ની પ્રક્રિયા ઘણી જટિલ અને સટીક છે. જા.ખ. નો થોડો જાડો અર્થ (broadly speaking) જોઈએ તો, 'આ એક નાણાં ખર્ચીને મેળવેલું માધ્યમ છે, જે બિન-અંગત છે અને તેનો ઉપયોગ ઉત્પાદન, વિચાર, સેવા અંગે અસરકારક રજૂઆત કરીને લોકોને પોતાના તરફ વાળવાનો છે.'

આર્થિક પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, જા. ખ. માર્કેટિંગનું સાધન છે, જે વિપુલ માત્રામાં ઉત્પાદન, સેવા કે સૂચનાનું આદાનપ્રદાન કરે છે, જેમાં ઉત્પાદન કિંમત, ઉપયોગો અને ફાયદાઓ અંગે દાવા અને વાદા (વાયદા) કરવામાં આવતા હોય છે.

સમૂહમાધ્યમોના માલિકો, સંચાલકો, સંવાહકો, કાર્યકર્તા, પ્રચારકો, કર્મચારીઓ અને ભાવકો જુદા જુદા હોય છે. ઘણું કરીને ઉત્પાદક વર્ગ જાતે જા. ખ. બનાવતો નથી અને જા. ખ. બનાવનાર વર્ગ ઉત્પાદક હોતો નથી. આમ, ઉત્પાદકથી ગ્રાહક સુધી વસ્તુના પહોંચવાની લાંબી પ્રક્રિયામાં અનેક સામાજિક અવરોધો આવે છે. આથી અસરકારક જા. ખ. બનાવવા માટે અને આર્થિક હિતને નુકસાન ન પહોંચે તે માટે સમાજશાસ્ત્રીય રીતે વપરાશકારોનો અભ્યાસ કરવામાં આવે તો, બજારમાં કઈ જગ્યાએ અવકાશ છે તે શોધી શકાય છે અને ઉત્પાદકના વ્યાપારના ઉદ્દેશને, નફાની ગણતરીને હકીકતમાં ફેરવી શકાય છે. વળી, સમૂહમાધ્યમોના વપરાશકાર અનેક છે. તેમની ઓળખ જટિલ અને અનેકવિધ સ્તરોમાં વહેંચાયેલી છે. સમૂહમાધ્યમોનો માહિતી મનોરંજન મેળવવા માટે ઉપયોગ કરનારો વર્ગ તેની તમામ માહિતી, મનોરંજન - જા.ખ. તસવીરોને ગંભીરતાથી લે, તે જરૂરી નથી. સમૂહમાધ્યમોની કુલ પ્રણાલિઓ (Total Mass Communication System) અને સમૂહમાધ્યમોના કુલ વપરાશકારો (Total users of Mss Communication Systems)ની સંખ્યા, તેની પ્રકૃતિ, ગમા-અણગમાની સંખ્યા અત્યંત મોટી છે અને એને સમજવું એટલું જ જટિલ છે. સમૂહમાધ્યમો કેટલીયે માહિતી વાહિકાઓ (information channels)ના વાહક છે. તેમને પોતાનો આંતર માધ્યમ સંઘર્ષ છે અને તેનાં ઉત્પાદનો (News, Views, Songs, Daily soaps, ads)ને પણ પોતાનો વ્યક્તિગત અને પારસ્પરિક અસ્તિત્વ સંઘર્ષ છે. આ તમામની સાથે કે પાછળ કોઈના નાણાં રોકાયેલાં છે, જે વળતરની ઊંચી અપેક્ષા કે ઊંચા વળતરની અપેક્ષા રાખીને બેઠા હોય છે.

આમ, માનવમન પર અસર કરીને તેને વ્યક્તિમાંથી ગ્રાહક બનાવવાની, ગ્રાહકની જેમ વર્તવાની, Tempt buyerથી માંડીને attempt buyer બનાવવાની પ્રક્રિયામાં સમૂહમાધ્યમો માત્ર દ્રષ્ટા ન બની રહેતાં, કામગીરીનો ભાગ બને છે. જા.ખ. કે કોઈપણ ઉત્પાદનમાંથી મળતી આવક તેના અસ્તિત્વ માટે જરૂરી હોય છે.

સમૂહમાધ્યમો (રેડિયો, ટી.વી., મુદ્રિત માધ્યમો, ફિલ્મો) પ્રસારણના મુદ્દે બિનપક્ષપાતી હોય છે. વર્ગ, નાત, જાત, ધર્મ અને ધરતી પર આંકેલા વાડા, સીમાડા તેને લાગુ પડતા નથી. તેથી જ પ્રસારિત થતી, છપાતી, બોલાતી તમામ માહિતી લેખ, ગીત કે જા.ખ. જો ગ્રહણ કરનારનાં સાધનો ઉપયોગમાં લેવાતાં હોય - તો તેના સુધી પહોંચે જ છે. જા.ખ. નાં પ્રસારણોએ હવે તમામ પરંપરાગત અને આધુનિક, અત્યાધુનિક માધ્યમોને હસ્તગત કરી લીધાં છે. પ્રિન્ટથી માંડીને ઈલેક્ટ્રોનિકને ત્યાંથી વેબ સુધી - બ્રોડકાસ્ટથી માંડીને ડાયરેક્ટ મેઈલને ત્યાંથી ઈમેઈલ સુધી કે મેસેજ (સંદેશા) મારફતે ઉત્પાદકો પોતાની તમામ વિગતો બધે જ પહોંચાડે છે. આથી જા.ખ. મારફતે વ્યક્તિને ગ્રાહકમાં પરિવર્તિત કરવાની પ્રક્રિયામાં ઉત્પાદન અંગેની વિગતો અને વિકલ્પોની વિસ્તૃત માહિતી અપાય છે.

ઉદાર મૂડીવાદી આર્થિક-સામાજિક વ્યવસ્થામાં વિગતોની પારદર્શિતા, પ્રાપ્તિ અને વિકલ્પોની સંભાવના અંગેની તમામ વિગતો મળવી જરૂરી છે. અમેરિકન માર્કેટિંગ એસોસીએશને આપેલી વ્યાખ્યામાં 'જાણીતો-ઓળખીતો પ્રાયોજક' શબ્દનો અર્થ પણ અહીં સમજવો જરૂરી છે. વ્યાખ્યા આ મુજબ છેઃ

"Advertising is any paid form of non personal presentation and promotion of ideas, goods and services by an identificd Sponsor."
'જા.ખ. નાણાં ખર્ચીને ખરીદાતું બિનવૈયક્તિક રજૂઆત અને વિસ્તાર માટેનું માધ્યમ છે. તેમાં વિચાર, વસ્તુ અને સેવાની રજૂઆત અને વિસ્તરણ માટે જાણીતા અને ઓળખ પ્રાપ્ય હોય તેવા પ્રયોજક હોય છે.'

માધ્યમોની સંખ્યા અને પ્રસારમાં જે રીતે વધારો થઈ રહ્યો છે તેનાથી એક બાજુ જ્યાં માહિતી અને મનોરંજન સમાજના બહુ મોટા સમુદાય સુધી પહોંચવાનો પ્રયાસ કરે છે અને એ જ માર્ગે જા.ખ. પણ લોકો સુધી પહોંચે છે, ત્યારે જા.ખ. ના સ્વરૂપમાં એક 'ગ્રાહક સંસ્કૃતિ'ના નિર્માણની પ્રક્રિયા ઘરેઘર સુધી પહોંચે છે.

જા.ખ. ને જોનાર દરેક વ્યક્તિ તેનો ઉપભોક્તા નથી અને જોનાર દરેક ખરીદનાર કે નિર્ણય કરનાર કે કમાનાર પણ નથી. આમ, જા.ખ. ની અસર જુદા જુદા જોનાર પર જુદી જુદી રીતે થાય છે. 'કન્ઝૂમર કલ્ચર'માં 'Cult'નું નિર્માણ થવું અર્થાત્ સતત ખરીદતા થવું, ખરીદવામાં જ શાતા મળવી અને ખરીદી ન કરીએ ત્યાં સુધી ચેન ન પડે તેવા સંપ્રદાયના અનુયાયી થવું- એવી આ સરળ છતાં જટિલ સામાજિક-માનસિક-આર્થિક કસરતના પરિણામે જ બજારમાં ગતિશીલતા રહે છે, રોકાણકારને નફો થાય છે, રૂપિયો ફરતો રહે છે અને સમાજ અને વ્યક્તિ એવા ખ્યાલમાં રાચતા રહે છે કે, 'ચોક્કસ' ઉત્પાદન ખરીદવાથી કે વાપરવાથી તેનો વિકાસ થયો છે અને તેનું જીવનધોરણ સુધર્યું છે અને સમાજના એક ચોક્કસ વર્ગમાં તેનો અધિકૃત પ્રવેશ થઈ ગયો છે.

આમ, ઉત્પાદનોના વપરાશની ટેવોને લીધે, ઉત્પાદનો સુધી પહોંચવાના પ્રયત્નોને લીધે, તે માટે આર્થિક ક્ષમતા વધારવાને માટે, પરંપરાગત ટેવો બદલવા માટે, નવી આદતો સ્વીકારવા માટે શારીરિક, માનસિક, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક રીતે તૈયાર રહેતો માનવસમુદાય 'ગ્રાહક સંસ્કૃતિ'નું નિર્માણ કરે છે.

**જાહેરખબર 'કંઈક'નું નિર્માણ કરે છે :**

ગ્રાહક તરીકે તમે જે 'કંઈક' વાપરો છો તે તમારું સ્તર નક્કી કરે છે. સમાજના ક્યા સ્તરમાં હોવું અને એ સ્તરમાંથી ઊઠીને આગળ જવું એ જો સમાજ/વ્યક્તિના વિકાસનું પરિણામ ગણાતું હોય તો, જા. ખ. તે માટેની ભૂમિકા રચે છે. જા.ખ. સમાજના સ્તરીકરણના નિર્માણમાં અને વિવિધ સામાજિક સ્તરના આંતરિક આવાગમનમાં મહત્ત્વની કામગીરી કરે છે.

વપરાશકાર તરીકે ગ્રાહક જે ઉત્પાદન વાપરતો હોય તેનાં સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક કારણો હોય છે. જા.ખ. એક સાથે બેવડી કામગીરી કરે છે.

એક તરફ જ્યાં તે વિદ્યમાન સામાજિક સાંસ્કૃતિક ચિહ્નોને ગુપ્ત સમજાવટકાર (hidden persuader) તરીકે સંભાળે છે, કાર્યરત રાખે છે. તો બીજી બાજુ તે સમાજ માટે નવાં સાંસ્કૃતિક મૂલ્યોનું, ચિહ્નોનું નિર્માણ કરવાના સહેતુક પ્રયત્નો કરે છે. આ સહેતુક પ્રયત્નો સ્વાભાવિક રીતે જ પ્રાયોજિત હોય છે. આમ, જાહેરખબર બહુ જ સૂક્ષ્મ અને શાંત રીતે સંદેશાને લાદે છે, મૂલ્યોને પુનઃ-સ્થાપિત કરે છે અને નવાઈ પમાડે તેવી હકીકત એ છે કે, પ્રકૃતિગત અને ઉત્પાદકીય રીતે જા.ખ. તદ્દન બિનવૈયક્તિક છે અને તેથી જ કોઈની પાસે તેના પર સીધા આરોપ ઘડવા માટે હાથમાં કશું જ આવતું નથી ને છતાં જે દેખાય છે તે પણ દરેક વખતે સાચું હોતું નથી.

**જા.ખ.અને તેની સમાજશાસ્ત્રીય સંદર્ભે ઓળખ :**

સમાજશાસ્ત્રના જનક ઑગષ્ટ કોમ્ત કહે છે, ''સામાજિક ઘટનાઓ ચોક્કસ નિયમોને આધીન છે. આ નિયમો માનવસમાજોની અનિવાર્યતાઓની ઉત્ક્રાંતિના રૂપમાં સંચાલિત થાય છે... આ રીતે ગતિ કરતા સમાજનાં વિવિધ ઘટકો વચ્ચેના આંતરસંબંધોના નિયમો અને માનવ-સમાજની પ્રગતિ અંગેના નિયમો એ નવા વિજ્ઞાનનું વસ્તુ બને છે. (જોષી, ૧૯૮૪) સ્પેન્સર સામાજિક ઉત્ક્રાંતિના નિયમો તરીકે તેને ચકાસે છે. મેકાઈવર તેને સામાજિક સંબંધોના વિજ્ઞાન તરીકે જણાવે છે. જોહ્નસને તેમાં સામાજિક જૂથોનો અભ્યાસ કરતું શાસ્ત્ર જણાય છે, ગ્રીન તેને તમામ માનવસંબંધો વિશે વ્યાપક અને સુગ્રથનાત્મક અભ્યાસ કરનારું વિજ્ઞાન કહે છે. (જોષી, ૨૦૦૪) તો જોષી વિદ્યુત તેને અનેક ચલ પર અવલંબિત છતાં સમાજની સામાજિકતાનું જતન કરતાં ધોરણો, સંસ્કારમૂલ્યો, એમાં આવતાં પરિવર્તનો વગેરેને સમજવા અને સમજાવવાનો પ્રયાસ કરતા શાસ્ત્ર તરીકે જણાવે છે. તેમના મતે, સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રની જેમ એકાદ પાસાનો જ અભ્યાસ કરવાને બદલે, સર્વ પાસાંને વિવિધ અંગો ગણીને સમાજસંગઠનને તેની અખિલાઈમાં સમજાવવાનો પ્રયાસ કરે છે.''

અહીં જાહેરખબરને એક સામાજિક સાધન તરીકે ચકાસીએ તો, જા.ખ. ને તેના સ્પષ્ટ આર્થિક હિત છે, તે માટે તે સાંસ્કૃતિક મૂલ્યો, ટેવો, વાતાવરણ અને સર્વમાન્ય પરિસ્થિતિનો આધાર લે છે, તે એક Material Cultureનું નિર્માણ કરે છે, તે માટે તે Institational Culture - સામુદાયિક સંસ્કૃતિ અને Intellectual normative and artistic culture બૌદ્ધિક-નૈતિક અને સૌન્દર્યલક્ષી - રસલક્ષી કલ્પના તેમ જ ઊર્મિની અભિવ્યક્તિ કરતાં સર્જનો વચ્ચેના પરસ્પર સંબંધો અને કાર્યોનો સમસ્ત સામાજિક માળખાના સંદર્ભમાં ઉપયોગ કરે છે અને તેને પરિણામે એક નવી ગ્રાહક સંસ્કૃતિનું નિર્માણ થાય છે. (જોષી, ૨૦૦૪ : ૮-૯ના આધારે)

આમ, જાહેરખબરનું Social positioning વિચારીએ તો, 'વિવિધ પ્રસાર-માધ્યમો મારફતે તેના ઘણુંખરું અજાણ્યા લક્ષિતો સુધી પહોંચતું, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક સ્થિતિનો અભ્યાસ કરી તેના સાધારણીકરણ (Generalization) ના આધારે બનેલ એક Print, audio કે audiovisual પ્રકારનું આ એક ઉત્પાદન છે - જે કોઈ એક વ્યક્તિનું સર્જન, સાધન કે હથિયાર ન બની રહેતાં સામાજિક ઉત્ક્રાંતિની પ્રક્રિયાનું એક ઘટક બને છે અને તે પોતે પણ અનેક પરિવર્તનોને ઝીલીને પોતાનામાં પરિવર્તન લાવીને જે તે સમાજવિશેષમાં પોતાનું સ્થાન જાળવી રાખે છે.'

(૨)

જા.ખ.ની સમાજશાસ્ત્રીય સંદર્ભે ક્ષમતાઓની ચર્ચાના આધારે પ્રસ્તુત અભ્યાસમાં કેડબરી કંપનીની ડેરી મિલ્ક ચોકલેટની ટી.વી. પર પ્રસારિત થતી જા.ખ. નો અભ્યાસ કરવામાં આવ્યો છે અને જુદા જુદા તબક્કાઓમાં તેણે કરેલી કામગીરી જોવાનો પ્રયાસ કર્યો છે. કેડબરી ડેરી મિલ્ક (કેડેમિ) ચૉકલેટ ભારતમાં ૧૯૪૮ પછી આવી છે. તેની અધિકૃત વેબસાઈટમાં તેણે પોતાની Product વિશે લખ્યું છે કે, 'CDM encapsulates, enormous breath of emotions, it has shared value as to gatherness, to the personal values of individual enjoyment. It stands for goodness. CDM is a moment of pure magic.'

આનંદના સહવાસની અમૂલ્ય મૂડીના ભાગીદાર બન્યાની એ લાગણીસભર અઢળક ક્ષણોની સાક્ષી કેડબરી, ડેરીમિલ્ક બને છે. સહૃદયતા માટે એ હંમેશાં તમારી સાથે છે. કેડબરી મિલ્ક સંપૂર્ણ શુદ્ધ સંજ્ઞાસૂચક જાદુ છે.

કેડેમિના વિવિધ સ્ટેક હોલ્ડર (વપરાશકારો) છે - તેનાથી જુદું કહીએ તો સમાજના વિવિધ વયજૂથમાં કેડેમિ વિવિધ સ્લોગન અને થીમ સાથે અસ્તિત્વ ધરાવે છે. લોકો જ્યારે જા.ખ. જુએ છે ત્યારે તે એક Casual Viewing હોતું નથી. એ માટે તેઓ ખાસ સમય ફાળવતા હોય અને કદાચ ચેનલ પણ બદલી દેતા હોય - પણ CDMની જા.ખ. માં લોકોને વપરાશકારને તેના Sentiments-traitsનો ઉપયોગ કરીને તેને જા.ખ. તરફ પકડી રખાય છે. અહીં CDMની જે જા.ખ. નો અભ્યાસ હાથ ધરાયો તેનો ક્રમશઃ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(૧) કુછ ખાસ હૈ જીંદગીમેં... આ જા.ખ. ૮૦ ના દાયકાનાં શરૂઆતનાં વર્ષોમાં આવતી હતી. ક્રિકેટનું મેદાન, છેલ્લો બોલ, નવ્વાણું રન, બોલને ઊંચે ઉછાળવો, કેચ થવાની સંભાવના, ફિલ્ડર ચૂકે, ૧૦૦ રન થાય - ક્રિકેટરની ફેન કે પ્રેયસી વોચમેનના હાથ નીચેથી દોડીને મેદાનમાં જતી રહે. સ્લોગન - 'અસલી સ્વાદ જિંદગી કા' CDM આ જા.ખ. માં સ્ટેક હોલ્ડર યુથ (યુવાનો) છે અને 'અસલી સ્વાદ જિંદગી કા' નામની અપીલ સાથે 'ફન' fun centric approachથી બનેલી છે. યુવતીનું મેદાનમાં ઘુસી જવું અને ક્રિકેટરનું શરમાવું એ દશ્ય એ દિવસોમાં અનેકને યાદ રહ્યું હશે. સમાજના સંપન્ન વર્ગના લોકોની પ્રોડક્ટ્સ તરીકે રજૂ થયેલી CDM દરેક કેમ્પેઈનમાં નવી વાત મૂકે છે.

Normal - ચૉકલેટ નહીં CDM ખાવાથી મેદાનમાં ઘુસી જવાની હિંમત આવી જાય છે. Have CDM.be bold. આ સંદેશ સાથે વારંવાર પ્રસારિત થતી આ જા.ખ. ને એ સમયે ઘણી લોકપ્રિયતા મળી હતી અને પ્રોડક્ટ પણ પ્રચલિત થઈ હતી.

(૨) એક યુવતીનું લગ્ન છે. મેંદી લગાવી છે. પોતાના બેડરૂમમાં આંટો મારવા આવે છે. CDM જુએ છે. બે હાથમાં મહેંદી લાગેલી છે. મોઢાથી CDM ખોલીને ખાય છે અને આનંદમાં મુઠ્ઠીઓવાળી દે છે. મહેંદી બગડી જાય છે. પોતાના લગ્નની સૌથી મહત્ત્વની વાત - તેની મહેંદી પણ કેડબરી સામે ભૂલી જવાય છે. આમ, ડેરી મિલ્કની દિવાનગી કઈ હદ સુધીની છે એ વાત સ્પષ્ટ થાય છે.

CDM ખાવા માટેનો ડેસ્પરેટ મુડ - desperate mood - અહીં વ્યક્ત થાય છે. લગ્નની મહેંદી જેવી અમૂલ્ય વાત પણ CDM પર ન્યોછાવર કરી શકાય એ સંદેશ મારફતે ડેરીમિલ્ક માટેની લગન વ્યક્ત થાય છે. લગ્ન માટેની મહેંદી કરતાં ડેરી મિલ્ક માટેની લગન વધુ મહત્ત્વની સિદ્ધ થાય છે.

Moral : For CDM - You when forget to take care of your Mehndi.

એ પછી એ જ શૃંખલામાં ઘણી જા.ખ. આવે છે અને ચૉકલેટ એટલે CDM એવું દઢીકરણ થયા કરે છે. ઉપરોક્ત તમામ જાહેરખબરમાં યુવાનોને લક્ષિત કરાયા છે.

(૩) 'પપ્પુ પાસ હો ગયા' થી અમિતાભ બચ્ચન 'ધ બચ્ચન' આ પ્રોડક્ટ સાથે જોડાય છે. Fun centric mood ની આ જા.ખ.માં ૪૦ વર્ષે પપ્પુ ૧૨મા ધોરણમાં પાસ થાય એ મોટી ઘટના છે જે ઊજવવા માટે CDM વહેંચાય છે. પૈસે કોન દેગા ? 'પૈસા પપ્પુ દેગા'.

ભારતીય પરંપરા મુજબ કોઈ પાસ થાય તો પેંડા વહેંચવાની રસમ અહીં કેડબરી ડેરી મિલ્ક દ્વારા Replace થવાની શરૂઆત થાય છે.

ભારતીય જા. ખ. વિશ્વમાં અમિતાભ બચ્ચનનું આગમન અને કેડબરી ડેરીમિલ્ક તમામ અવરોધો વળોટીને 'પાસ થાઓ તો CDM' આપવી પડે એવું વલણ અને વાતાવરણ સ્થાપિત કરવામાં સફળ થાય છે. યુવાનો અને વયસ્કોને સંબોધીને બનાવેલી આ હળવી શૈલીની જા. ખ. નો સંદેશો સ્પષ્ટ છે કે, મીઠાઈ-પેંડા ગયા જમાનાની વાત છે. જ્યારે વહેંચવા માટે તમારી પાસે ડેરીમિલ્ક હોય. મીઠાઈ ખાવાને બદલે કેડેમિ માટે ભૂત બનીને યુવતીના શરીર મારફતે પણ CDM ખાતો

અમિતાભ સમાજમાં 'કુછ મીઠા હો જાય' તરીકે કેડેમિને સ્થાપિત કરી દે છે.

(૪) મધ્યમવર્ગના બજેટમાં ચૉકલેટ, પિપરમીન્ટનું સ્થાન ચોક્કસ હતું જ પણ ખોટા ખર્ચ ન પરવડે એવી માન્યતાઓની સામે 'પહેલી તારીખ'નો કન્સેપ્ટ લાવીને 'પહેલી તારીખે થોડો આમ તેમ ખર્ચ કરાય' એ baseline 'ખુશ હૈ જમાના આજ પહેલી તારીખ હૈ - મીઠા હૈ ખાના આજ પહેલી તારીખ હૈ' વાળી જાહેર ખબરથી કેડબરી ડેરી મિલ્ક ભારતીય મધ્યમવર્ગમાં 5 Rs. Segmentમાં પહોંચે છે અને ફિલ્મ જોવી, ફરવું, કેડેમિ ખાવી એ બધું પહેલી તારીખે તો થઈ જ શકે એ વાતને પાકી કરે છે. જુદી જુદી અનેક જાહેરાતો મારફતે આ મુદ્દો નક્કી થાય છે. અહીં લગ્ન કરેલ નવદંપતીને મોડેલ તરીકે લેવાયા છે. કેડેમિ માટે ઘરખર્ચમાં જગ્યા કરીને પણ લાવવી જોઈએ, ખાવી જોઈએ જેવો Concept અને 70ની fashion ના મોડેલ સાથે Indian traits ભારતીય લક્ષણો (બચત, ગળ્યું ખાવું, પહેલી તારીખનું મહત્ત્વ-પગારનો દિવસ) નો ઉપયોગ કરીને કેડબરી ડેરી મિલ્ક (કેડેમિ). સમાજના એક અન્ય સ્તરમાં પ્રવેશ કરે છે.

(૫) 'ખાનેવાલોં કો ખાને કા બહાના ચાહિયે' વાળી જા.ખ.માં થાળીમાં મીઠાઈને બદલે 5Rs./-ની કેડેમિ - ભારતીય ગળી વાનગીઓ, મીઠાઈઓને Replace કરવા અને પછી wipe off કરવા આવી ગઈ હોય એવું પ્રતીત થાય છે. આમ, પહેલાં ધીમે રહીને ભારતીય મીઠાઈઓની જગ્યાએ અવેજીમાં આવવું અને પછી મીઠાઈઓને હડસેલીને ફેંકી દઈને ત્યાં પોતાનું સ્થાન જમાવવું. આ પ્રકારનું કામ કેડેમિ કરે છે. આ જા.ખ.માં સ્ટેક હોલ્ડર તરીકે સમાજના નવસંપન્ન, નવ અભિજાત વર્ગના લોકોને આ જા.ખ. માં સમાજના ટ્રેન્ડ સેટર / ચેઈન્જ એજન્ટ તરીકે રજૂ કરાયા છે.

વળી જો તમને પરવડે તો કેડેમિ તમે મીઠાઈને બદલે વહેંચી શકો છો એવો આહ્વાનભર્યો સંદેશો લોકોને ઉશ્કેરવા માટે પૂરતો છે.

(૬) (૨૦૧૦) શુભારંભ કેમ્પેઈનમાં કેડેમિ ટીનએજર યુવાનો, કૉલેજ જતા વિદ્યાર્થીઓ મધ્યમ ઉંમરના દંપતીઓને સાંકળવાની કોશિશ કરે છે.

૧. ''માઁને કહા હૈ કુછ અચ્છા કરને સે પહલે કુછ મીઠા ખાના ચાહિયે'' આ જા.ખ.માં બસસ્ટેન્ડ પર ઊભેલી કિશોર વયની છોકરીને એક છોકરો પૂછે છે 'ક્યા આપ અપની ચૉકલેટ સે મુઝે એક ટુકડા દે સકતી હો ?' 'છોકરી પૂછે છે, ક્યા મૈં આપકો જાનતી હું ?' 'માં કહેતી હૈ કુછ અચ્છા કામ કરને સે પહલે મીઠા ખાના ચાહિયે.' છોકરી ચૉકલેટનો એક ટુકડો આપે છે. છોકરો પૂછે છે, 'ક્યા મૈં આપકો ઘર છોડ દૂં.'

૨. Jeans and me ?

મધ્યવયસ્ક દંપતીમાં પત્ની પહેલીવાર જીન્સનું પેન્ટ પહેરવા આનાકાની કરે છે અને પછી જીન્સનું પેન્ટ પતિના કહેવાથી પહેરીને ઘરની બહાર નીકળે છે. અને સૌની પ્રશંસા પામે છે. આવા અનેક 'શુભારંભ' કેમ્પેઈનમાં નવાં નવાં કારણો શોધીને તેને 'કેડેમિ' ખાવા સાથે જોડવામાં આવ્યાં છે જેને આપણે સકારણ ઈચ્છાઓના નિર્માણની પ્રક્રિયા કહી શકીએ જેને ઉત્પાદકો જા.ખ.ના માધ્યમ દ્વારા સમાજમાં કરવા ઈચ્છે છે.

''તુમને મુઝે લાસ્ટ મૈં I love u કબ બોલા ?'' આ જા.ખ. માં યુવતી યુવકને આજુબાજુનો સીધો પ્રશ્ન કરે છે. ઊભો થઈને કેડબરી ડેરી મિલ્ક આપે છે. યુવતી ફરી પ્રશ્ન કરે છે. યુવક કહે છે 'અભી'. યુવતી કહે છે 'વો તો તુમ મુઝે રોજ...' બોલતાં અટકી જાય છે. જા.ખ.માં સેન્ટીમૅન્ટ્સ છવાઈ જાય છે. અને જા.ખ.ની સિગ્નેચર ટ્યૂન વાગે છે. આ જાહેર ખબર અનેક વાતોને ધીમે ધીમે ખોલે છે. જેમ કે આઈ લવ યુ. એ સતત કહેતા રહેવું પડે એવી જરૂરિયાત બની ગઈ છે. એની અનુભૂતિ સતત થાય એ માટે એવું કહેવું અનિવાર્ય છે. અહીં યુવકે પણ કહેવાને બદલે નવો માર્ગ શોધ્યો છે. દરેક વખતે લાગણીના ચડાવ-ઉતારમાં ફેર પડે તો પ્રશ્ન થાય એના કરતાં બોલવાને બદલે 'કેડબરી ડેરી મિલ્ક'ને તેના પર્યાય તરીકે ઉપયોગમાં લે છે - અર્થાત્ તમે જે કહેવું છે એ કહેવા માટે કેડબરી ડેરી મિલ્કનો સહારો લો છો. અથવા

'જે કહેવું છે એ બોલવું ન પડે અને સમજાઈ જાય' એ માટે કેડબરી ડેરી મિલ્કનો ઉપયોગ કરો છો.

આવી અનેક જા. ખ. મારફતે ભારતીય પરંપરામાં શુભારંભે ખવાતો ગોળ કે દહીં ખાંડ - ને Replace કરીને, કે દહીં ખાવું કે ગોળધાણા ખાવા એ જૂનવાણી - દેશી વલણ છે એવું સ્થાપિત થાય એ હદ સુધી 'શુભારંભ' કેડેમિ કેમ્પેઈન કામ કરી ગયું છે.

કેડબરી ડેરી મિલ્ક અધિકૃત વેબસાઈટ મુજબ,

"2010 Shubharambh campaign was launched, drawing lines from the traditional Indian custom of having something sweet before embarking on something new"

2011-12માં આવ્યું - 'ખાને મેં ક્યા હૈ ?' લોકી, કરેલા, લોકી કે કોફતે, કલ કી લોકી 'મીઠે મેં ક્યા હૈ ?' કેડબરી ડેરી મિલ્ક,

આ જા.ખ.માં ભારતીય પરંપરામાં 'મધુરેણ સમાપયેત્'ની પ્રથા મુજબ ભોજનના અંતે ગળ્યું ખાવાની પ્રથાને બદલવાનો પ્રયાસ થયો છે. મીઠાઈની જગ્યાએ કેડેમિ અમલમાં લાવવાનો અને પછી સ્થાપિત કરવાનો પ્રયાસ થયો, જે બહુ ઝડપથી ઉચ્ચ મધ્યમવર્ગીય ભારતીય ઘરોમાં સ્થાપિત થતો જાય છે.

સમાજમાં મધ્યમવર્ગથી આગળ વધીને Rs. 2/- માત્ર બે રૂપિયાના સેગમેન્ટમાં કેડેમિ પહોંચી ગયું છે. તે માટે મનોવિજ્ઞાનની કરામતોનો ઉપયોગ કરીને 'Catch them young'ને અતિક્રમીને Catch them too young ને અમલમાં મૂકવામાં આવ્યું છે.

ભારતમાં લાડુ બધે જ બનતા હોય છે, પણ બે રૂપિયામાં મળતા નથી. ભારતીયોની લાડુ સાથે વિશિષ્ટ સંવેદનાઓ જોડાયેલી છે. શુભ પ્રસંગે અવશ્ય બનતી વાનગીમાં તેનું સ્થાન છે. તેની સાથે વિવિધ ભાષા અને સંસ્કૃતિમાં પણ અનેકવિધ કહેવતો અને રૂઢિપ્રયોગો જોડાયેલા છે જેમ કે, 'મનહી મનમેં લડ્ડુ ફૂટે,' 'દોનોં હાથ મેં લડ્ડુ હોના'. પારકે ભાણે મોટો લાડુ. લડ્ડુ અહીં લાભના અર્થમાં અને આંતરિક અદમ્ય આનંદના અર્થમાં છે. આ સંવેદના અને ભાવને કેડબરી ડેરી મિલ્કના ૨ રૂપિયાના લાડુ સાથે જોડીને બનાવવામાં આવેલી જા.ખ.માં 'મન મેં લડ્ડુ ફૂટા... દૂસરા લડ્ડુ ફૂટા'... વાળી જા.ખ. ભારતીય બજારમાં ઘણી જ અસરકારક સાબિત થઈ. દરેકની પહોંચ બની શકે એ સ્તર / સેગમેન્ટમાં પહોંચી ગયેલ પ્રોડક્ટ બોક્સ પેકીંગમાં મિત્રો સાથે બેસીને વહેંચીને ખાઈ શકાય તે માટે એક ફિલ્મના ડાયરેક્ટર અને કાસ્ટિંગ ઈન્ચાર્જ વચ્ચેના ડાયલોગ્સથી અસરકારક બની છે. જેમાં 'ગાલ પર તિલવાળી છોકરી, વાળમાં આંગળીઓ ફેરવતી છોકરી - અન્ય બે ટ્વીન્સ - આ તમામની શોધમાં નીકળેલા કાસ્ટીંગ નિર્દેશકના મનમાં એક પછી એક કેવી રીતે લડ્ડુ ફૂટે છે તેનું આકર્ષક નિર્દેશન છે જેણે પ્રોડક્ટને એક કેઝ્યુઅલી યુઝ્ડ પ્રોડક્ટ સેગ્મેન્ટમાં સ્થિર કરી છે.'

સમાજના તમામ લોકો સુધી પહોંચ્યા બાદ અને લડ્ડુને 2 Rsમાં આપ્યા બાદ કેડેમિ વળી પાછું સામાજિક સ્તર રચે છે અને કેડેમિ સિલ્કને બજારમાં લાવે છે.

થોડી મોંઘી, લીસી - (વધુ સોફ્ટ) કેડેમિ સિલ્ક ઉત્તેજક જા.ખ. સાથે સમાજમાં ઈચ્છાઓને (Desire) જન્મ આપનારી જા.ખ. બની રહે છે.

'Have you felt silk lately' જેવી erotic punch line સાથે - 'Kiss me, close your eyes and miss mc...' જેવી જીંગલ સાથે introduce થતી આ Productની જા.ખ.માં એવો દાવો કરાયો છે કે "you have to forgive them who are having CDMS, as they are lost in indulging and savouring CDMS and they are so innocent and busy in unabashed joy and unmindful of their surroundings" (website)

CDMની આ ખાસ પ્રોડક્ટની અનેક જાહેરખબરો CDMના બંધાણીઓને to opt for Silk, to have it and for that to ask for it from (parents, friends-etc)નું વલણ ગતિશીલ બની ગયું છે. Mkt. mover - CDMSને અને Premium productsને સમાજમાં એટલી જ ઝડપથી establish કરી રહ્યા છે.

(૩)

પ્રસ્તુત અભ્યાસ અવલોકનોના આધારે છે. તેની આગવી મર્યાદાઓ છે. તેમ છતાં આ પ્રકારનો આ ક્ષેત્રનો આ પ્રથમ પ્રયાસ છે.

ભારતીય પરંપરાનાં લક્ષણોનો ઉપયોગ કરીને (મીઠાઈ, તહેવારો, કપડાં રિવાજો) CDM દ્વારા આ બધે જ ઠેકાણે પહોંચવાનો અને સ્થાપિત થવાનો સહેતુક પ્રયાસ જા.ખ. મારફત સિદ્ધ થયો છે.

૧. રક્ષાબંધનમાં ભાઈ બહેનને CDMનું પેકેટ આપે તો જ બહેન ખુશ થઈને રાખડી બાંધે ત્યાંથી માંડીને

૨. પોસ્ટમેન એકબીજાની ચીઠ્ઠી એકબીજાને ઘેર નાંખીને સૌને ભેગાં કરે અને બધાં CDM ખાય એ તમામ જા.ખ. મારફતે

'નવાં સાંસ્કૃતિક મૂલ્યો અને ચિહ્નોનું નિર્માણ થાય છે.'

જાહેરખબર પોતે અનેક મર્યાદાઓ અને વૈવિધ્યોની વિટંબણાઓ (dilemas of diversities) વચ્ચે સર્જાયેલી Product છે. તે પ્રણાલી તરીકે કામ કરે છે અને તેના રોકાણકારોના હિતને વફાદાર રહીને માનવસમાજની ટેવોને બદલે છે અને અનભિજ્ઞ સમાજ તેને માનવ સભ્યતાની ઉત્ક્રાંતિના એક ચરણ તરીકે સ્વીકારી પણ લે છે. કારણ કે 'મૂલ્યો કે પરંપરાનું સંવર્ધન કરવાના પ્રયાસો પણ જૂનવાણી કે રૂઢિવાદી પ્રયાસો ગણાય છે અને તે માટે સમાજ પણ તૈયાર (ઘણા કિસ્સામાં) હોતો નથી. જા.ખ. ની વિષયવસ્તુ સારામાં સારી લખાવવી, પ્રોડક્ટ અંગેનું રિસર્ચ કરવું, નવાં આર્થિક સામાજિક હિતને નજર સામે રાખી, ઉત્પાદક, રોકાણકાર, બજારની તરાહ અને આંતરરાષ્ટ્રીય કંપનીઓનાં લક્ષ્યાંકોને અને સૂચનાઓને ધ્યાનમાં રાખીને જા.ખ. બનાવવામાં આવે છે. આમ આ વિશિષ્ટ રીતે રચાતી અને પ્રસારિત થતી જા.ખ. પોતે સાંસ્કૃતિક સંસ્થાનવાદની સામે સંસ્કૃતિનાં જ મૂલ્યોનો ઉપયોગ કરી આગવી ગ્રાહક સંસ્કૃતિનું નિર્માણ કરે છે જે દરમ્યાન વ્યક્તિ ભાગ્યે જ પોતાના વ્યક્તિ તરીકેના હિતને જોઈ શકે છે. વ્યક્તિમાંથી ગ્રાહક બનવાની પ્રક્રિયામાં વ્યક્તિ અને ક્રમશઃ સમાજ પણ એ મૂલ્યોને નિર્વિરોધ અપનાવી લે છે અને આધુનિક હોવાના આભાસી ખ્યાલમાં રાચતા રહીને એજ બદલાયેલા સાંસ્કૃતિક મૂલ્યોને પોતાનાં, આગવા મૂલ્યોનું સ્થાન આપી તેના સંવર્ધનમાં વ્યસ્ત રહે છે, આમ, પ્રણાલિમાં આવી ગયા બાદ તેનો વિરોધ કરી બહાર આવવાને બદલે બૃહદ્ સમાજ તેનો ભાગ બની રહેવાના આનંદમાં રાચે છે એવું આ અભ્યાસમાં અંતે સ્ફુટ થાય છે. જે અંતિમ નથી પણ હાલ પૂરતું તો તદ્દન મૌલિક અને છેવટનું છે.

**: References :**


1. Ahuja Ram Indian Social System, 1993, Rawat Publication, Jaipur.
2. Bhanawat sanjiv Jansampark avam Vigyapan, 2002 Rajasthan Vishwavidyalay Press, Jaipur.
3. Hovland Roxaanne and Wolburge joyce Advertising, Society and Consumer Culture 2011 M E Sharpe, New York, 10504 U.S.A.

   http.//www.cadburyindia.com/in/en/brands/chocolate/csmkuchmeethahojaaye.aspx

   http://en.wikipedia.org/wiki/Cadbury_Dairy_ Milk

   http://www.youtube.com/watch?v =7R_jncE-01A

   http://www.youtube.com/watch?feature =endscreen&NR=1&v=vucEwflDfkg

   http://www.youtube.com/watch?feature=feature-endscreen&v =NheJiVVlgzk&NR=1

   http://www.youtube.com/watch?v =AAzcnlcvcak

   http://www.youtube.com/watch?v=xs-r6wJ7k0c
4. Joshi Vidyut Sahitya ane samaj 2004 Parswa Publication, Ahmedabad.


❑

# નર્મદા જિલ્લાના દરેક આદિવાસી કુટુંબનું સર્વેક્ષણ

-ડૉ. ધનજી બી. પટેલ
શ્રી પરેશ ચૌહાણ

**પ્રસ્તાવના :**

વિશ્વમાં વિભિન્ન આદિવાસી સમુદાયો નિવાસ કરતા જોવા મળે છે. અમેરિકા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા અને ભારતમાં તેનું પ્રમાણ સવિશેષ છે. વિવિધ દેશોની સરખામણીમાં આફ્રિકાને બાદ કરતાં ભારતનો ક્રમ આદિવાસીની વસતિની દૃષ્ટિએ વિશ્વમાં બીજો આવે છે. ભારતમાં આદિવાસી વસતિ વિશેની આંકડાકીય માહિતી માટે જુદા જુદા આધારોનો ઉપયોગ કરવામાં આવે છે. ભારતમાં ૨૦૦૧ની વસતિગણતરી મુજબ કુલ વસતિ એક અરબ બે કરોડ સત્યાસી લાખ સાડત્રીસ હજાર ચારસો છત્રીસ (૧,૦૨૮,૭૩૭,૪૩૬) લોકોની છે, જેમાં આઠ કરોડ તેંતાલીસ લાખ છવ્વીસ હજાર બસ્સો ચાલીસ (૮,૪૩,૨૬,૨૪૦) લોકો અનુસૂચિત જનજાતિના છે. ગુજરાતમાં ૨૫ અનુસૂચિત જનજાતિઓ છે, જેમાં મુખ્યત્વે ભીલ, હળપતિ, પટેલીયા, ઢોડિયા, ચૌધરી, કોંકણા, વારલી, રાઠવા, ધાનકા, નાયકા, નાયકડાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કોટવાલિયા, કોલધા. કાથોડી, પઢાર અને સીદ્દી જેવી અત્યંત પછાત આદિમજાતિઓ પણ વસે છે. જુદા જુદા રાજ્ય પ્રમાણે પરિસ્થિતિ જોઈએ તો ગુજરાત આદિવાસીઓની વસતિની દૃષ્ટિએ મધ્યપ્રદેશ, ઓરિસ્સા અને મહારાષ્ટ્ર પછી ચોથા ક્રમે આવે છે. ૨૦૦૧ની વસતિગણતરી મુજબ ગુજરાત રાજ્યમાં ચુંમોતેર લાખ એકયાસી હજાર એકસો સાઈઠ (૭૪,૮૧,૧૬૦) લોકો અનુસૂચિત જનજાતિના છે. આ આદિવાસીની વસતિ રાજ્યની કુલ વસતિના ૧૪.૭૬ ટકા છે, જે રાજ્યના ખૂબ જ પછાત એવા વિસ્તારોમાં વસે છે. રાજ્યના ૧૨ જિલ્લાઓમાં આદિવાસીઓની વસતિ નોંધપાત્ર પ્રમાણમાં છે. આ જિલ્લાઓ બનાસકાંઠા, ડાંગ, વલસાડ, નવસારી સુરત, તાપી, ભરૂચ અને પંચમહાલમાં આદિવાસીઓની ટકાવારી જિલ્લાઓની કુલ વસતિના અનુક્રમે ૯૩.૯૬, ૫૪.૩૫, ૩૬.૦૫, ૪૫.૫૩ અને ૪૧.૧૯ ટકા છે.

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગે આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે અલગ-અલગ યોજનાઓની જાહેરાત કરેલ છે. આ યોજનાઓથી નર્મદા જિલ્લાના આદિવાસી કુટુંબોમાં કેવા પ્રકારનું સામાજિક-આર્થિક પરિવર્તન આવ્યું છે તે જોવા માટે નર્મદા જિલ્લાના દરેક આદિવાસી કુટુંબનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. સર્વેક્ષણ કરવાની કામગીરી આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠને મળેલ હતું જે કામ તાલીમ રીસર્ચ ફાઉન્ડેશનને સોંપવામાં આવેલ હતું.

ભરૂચ જિલ્લામાંથી નાંદોદ, ડેડિયાપાડા, સાગબારા એમ ત્રણ તાલુકાઓ તથા વડોદરા જિલ્લાનો તિલકવાડા તાલુકો ભેગા કરી તા.૨-૧૦-૧૯૯૭ ના રોજથી નર્મદા જિલ્લાની રચના કરવામાં આવી છે. આમ કુલ ચાર તાલુકાઓ આ નર્મદા જિલ્લામાં આવેલા છે. આ જિલ્લાના કુલ ૬૧૨ ગામોમાંથી ૫૫૫ રહેવાસી ગામો છે.

આ જિલ્લાના મુખ્ય પાકો જુવાર, મકાઈ, તુવેર, હા. કપાસ, શેરડી, કેળ અને કઠોળ છે. જિલ્લાની કુલ વસતિ ૫૧૪૦૮૩ છે. નર્મદા જિલ્લામાં નર્મદા નદી તથા કરજણ નદી એ બે મુખ્ય નદીઓ આવેલી છે. નર્મદા નદી ઉપર નવાગામે સરદાર સરોવર યોજના હેઠળ ડેમ બાંધવામાં આવેલ છે. તે જ રીતે કરજણ નદી ઉપર કરજણ ડેમ બાંધવામાં આવેલ છે. જિલ્લાનો સરેરાશ વરસાદ ૮૦૦ થી ૧૦૦૦ મી. મી. રહે છે. જિલ્લાની મોટાભાગની વસતિ ખેતી અને ખેતમજૂરી ઉપર જીવે છે. જિલ્લાની મુખ્ય આદિવાસી વસતિમાં વસાવા, ડુંગરાભીલ, તડવી, ભીલ, કોટવાળિયા, કાથોડીયા અને રાઠવા જનજાતિ વસવાટ કરે છે.

અભ્યાસના વિસ્તારમાં નર્મદા જિલ્લામાં જળ, જમીન, નદીઓ, ડેમ, પહાડો વગેરે કુદરતી સંસાધનો

હજારો વર્ષોથી આવેલ છે અને આઝાદી પછી સરકારી યોજનાઓનો અમલ ઘણા વખતથી શરૂ થયેલો છે. સમગ્ર અભ્યાસમાં દરેક ગામમાં વસવાટ કરતા આદિવાસી કુટુંબોનાં વિવિધ પાસાંઓને આવરી લઈને તેની ચર્ચા કરવામાં આવી છે.

આ અભ્યાસ નીચે જણાવેલ હેતુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છેઃ

**અભ્યાસના હેતુઓ :**

આ અભ્યાસનો મુખ્ય હેતુ નર્મદા જિલ્લાના દરેક આદિવાસી કુટુંબનું સર્વેક્ષણ કરવાનો હોઈ નીચેની પાંચ બાબતોને ધ્યાનમાં રાખવામાં આવી છેઃ

૧. દરેક કુટુંબનો સામાજિક આર્થિક અભ્યાસ કરવો.

૨. કુટુંબની વિકાસલક્ષી યોજનાઓ અંગેની માહિતી અને કેટલો લાભ મળ્યો છે તેની તપાસ કરવી.

૩. કુટુંબને જંગલ અધિનિયમ ધારો (ફોરેસ્ટ રાઈટ એક્ટ) ૨૦૦૬ દ્વારા મળેલ વ્યક્તિગત અને સામુદાયિક લાભો મેળવવામાં અનુભવેલી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.

૪. કુટુંબોના વિકાસલક્ષી યોજનામાં લાભ પ્રાપ્ત કરવા માટેનાં અવરોધક પરિબળોનો અભ્યાસ કરવો.

૫. કુટુંબના સર્વાંગી વિકાસ માટેના તેમની દૃષ્ટિએ સૂચનોનો અભ્યાસ કરવો.

આમ અભ્યાસનો મુખ્ય હેતુ દરેક આદિવાસી કુટુંબનું સર્વેક્ષણ કરવાનો હોઈ તેમના કુટુંબની વિવિધ બાબતોને ધ્યાનમાં રાખી પ્રસ્તુત અભ્યાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**સંશોધન-પદ્ધતિ અને પ્રક્રિયા :**

આ અભ્યાસનો વિષય જટિલ છે માટે સામાજિક સર્વેક્ષણ પદ્ધતિ તથા વધુ ગહન અને ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરવા માટે માનવશાસ્ત્રની ક્ષેત્રકાર્ય પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. આ અભ્યાસમાં આદિવાસી કુટુંબની પરિમાણાત્મક માહિતી મેળવવા માટે અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેને અમે કુટુંબપત્રક નામ આપ્યું હતું, જે કુલ ૧૪ ભાગોમાં વહેંચવામાં આવ્યું હતું જેમાં કુટુંબની પ્રાથમિક માહિતી, કુટુંબના સભ્યોની વિગત, ભૌતિક સંસ્કૃતિ, આર્થિકજીવન (જમીન-ખેતી, દેવું) ખેતીવાડીનાં સાધનો, વ્યવસાય, પશુપાલન, શિક્ષણ, આરોગ્ય, તાલીમ, યોજનાકીય માહિતી, વન અધિકાર ૨૦૦૬નો લાભ વિસ્થાપિતો/પુનઃ વસવાટ અને મુખ્ય પ્રશ્નો અને ઉકેલો તેમની દૃષ્ટિએ-જેવી બાબતોને કુટુંબ પત્રકમાં આવરી લેવામાં આવી હતી. આ સિવાય ગામની માળખાકીય સુવિધાઓની માહિતી એકઠી કરવા માટે ગ્રામપત્રક બનાવવામાં આવ્યું હતું જેમાં ગામની પ્રાથમિક માહિતી, ગામની માળખાકીય સુવિધાઓ, પીવાના પાણીની વ્યવસ્થા, ખેતી માટે સિંચાઈની વ્યવસ્થા, વીજળીકરણ, ગામની મુખ્ય ત્રણ સમસ્યાઓ, સમસ્યાઓના નિરાકરણ માટે મંતવ્યો/સલાહ સૂચનો વગેરે બાબતોને ગ્રામપત્રકમાં આવરી લેવામાં આવી હતી.

**અભ્યાસમાં આવરી લેવાયેલ ગામો અને કુટુંબો તાલુકા પ્રમાણે :**

| ક્રમ | તાલુકા | રહેવાસી ગામો | કુટુંબોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | તિલકવાડા | ૯૭ | ૭૦૨૦ |
| ૨ | નાંદોદ | ૧૯૮ | ૩૬૧૪૦ |
| ૩ | ડેડિયાપાડા | ૧૬૭ | ૩૩૯૨૨ |
| ૪ | સાગબારા | ૯૩ | ૧૯૧૪૫ |
| | **કુલ** | **૫૫૫** | **૯૬૨૨૭** |

આમ ઉપરોક્ત ૫૫૫ ગામોમાંથી દરેક આદિવાસી કુટુંબની સંપૂર્ણ માહિતી એકઠી કરવામાં આવી હતી. આ અભ્યાસમાં જાન્યુઆરી-૨૦૧૧ થી જૂન-૨૦૧૧ સુધી કુલ ૧૨૮ દિવસ સુધી ક્ષેત્રકાર્ય કરવામાં આવેલ હતું.

**ડેટાએન્ટ્રી અને એનાલિસિસ :**

ડેટા એન્ટ્રી માટે એક સોફ્ટવેર ડેવલપ કરવામાં આવ્યું હતું. જેનામાં લોજીકલ ચેક અને રેન્જએરર મૂકવામાં આવી હતી, જેનાથી ફોર્મમાં કોઈપણ પ્રકારની ડેટા એરર પકડી શકાય અને તે એરર દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવતો હતો.

દરેક ગામની અને કુટુંબપત્રકની ડેટાએન્ટ્રી અને ડેટા વેરીફિકેશન થયા પછી તાલુકા પ્રમાણે યુનિવેરીયટ એનાલિસિસ કરવામાં આવ્યું હતું.

**માહિતીનું એકત્રીકરણ :**

આ સંશોધન અભ્યાસમાં નર્મદા જિલ્લાના દરેક આદિવાસી કુટુંબનું સર્વેક્ષણ કરવાનું હોઈ નીચે પ્રમાણેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને માહિતી એકઠી કરવામાં આવી હતી.

● કુટુંબપત્રકની માહિતી કુટુંબના વડા પાસેથી લેવામાં આવી હતી.

● કુટુંબના વડા સર્વેના સમયે ઘરે હાજર ના હોય ત્યારે તે જ કુટુંબના ૧૮ વર્ષથી ઉપરના પુખ્તવયના પુરુષ કે મહિલા પાસેથી માહિતી એકઠી કરવામાં આવી હતી.

● સર્વેના સમયે કોઈ આખું ઘર જ મજૂરીના અર્થે સ્થળાંતર કરેલ હોય તેવા સંજોગોમાં તેમના આજુબાજુના ઘરના વડીલ કે સગા-સંબંધી પાસેથી માહિતી એકઠી કરવામાં આવી હતી.

● ગ્રામપત્રકની માહિતી એકઠી કરવા માટે તે જ ગામના સરપંચ, તલાટી, શિક્ષક, ગામના મુખી કે ગામના નેતા કે જે ગામ વિષેની માહિતીથી પૂરેપૂરા વાકેફ હોય તેમની પાસેથી માહિતી લેવામાં આવી હતી જેથી કરીને આ પત્રકની માહિતી ચોકસાઈવાળી હતી.

**અભ્યાસનું સમાજશાસ્ત્રીય મહત્ત્વ :**

નર્મદા જિલ્લાના દરેક આદિવાસી કુટુંબનું આ સર્વેક્ષણ સમાજશાસ્ત્રના શૈક્ષણિક ક્ષેત્રમાં પરિણામો પૂરાં પાડશે. ખાસ કરીને આદિવાસી સમાજમાં સામાજિક ગતિશાસ્ત્ર વધુ ઝડપી બન્યું છે. કોઈપણ સમાજનો વિકાસ કરવા માટે તેનો આર્થિક વિકાસ કરવો હોય તો સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માણસ સુધી પહોંચવો જરૂરી છે. આ વિષયમાં આદિવાસી સમાજનું સામાજિક, આર્થિક અને રાજનીતિક મહત્ત્વ રહેલું છે. આદિવાસી સમુદાય માટે નીતિ ઘડવામાં આ અભ્યાસ મહત્ત્વનો બની રહેશે. બીજું કે બ્રિટિશશાસનમાં પણ આદિવાસી વિકાસને નજર અંદાજ કરવામાં આવેલ અને આદિવાસી વિકાસનાં કાર્યો નહિવત્ પ્રમાણમાં કરેલ અને તે જોતાં આજ દિન સુધી આદિવાસી સમાજ પછાત રહ્યો છે તેમનું પછાતપણું દૂર કરવા માટે વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકવામાં આવી. આ સામાજિક, આર્થિક યોજનાઓ અને સેવાઓના માધ્યમથી તેમનો સામાજિક વિકાસ અને સામાજિક પરિવર્તન કેટલું થયું છે તે જાણવાનું મહત્ત્વનું હતું.

**અભ્યાસનાં મુખ્ય તારણો :**

આ અભ્યાસના આધારે સંશોધનકર્તાએ નીચે જણાવેલ મુખ્ય તારણો તારવેલાં છે :

**સામાજિક, આર્થિક અને ધાર્મિક જીવન :**

આદિવાસી કુટુંબમાંથી જેની પાસેથી માહિતી એકઠી કરવામાં આવી હતી તે ઉત્તરદાતા મોટેભાગે પુરુષો હતા. ઉંમરની દૃષ્ટિએ જોઈએ તો બધા જ ઉત્તરદાતામાંથી ચોથા ભાગના ઉત્તરદાતાઓ પર વર્ષથી ઉપરના છે. ૧૮ વર્ષથી નીચેની વ્યક્તિનો ઉત્તરદાતા તરીકે સમાવેશ કરેલ નથી. સમગ્ર ઉત્તરદાતા હિન્દુ આદિવાસી છે. સાત દશાંશ જેટલા (૭૦.૪%) ઉત્તરદાતાઓ વસાવા જાતિના છે. સમગ્ર આદિવાસી કુટુંબોના પોણાભાગથી ઓછા (૭૩.૨%) કુટુંબો બી.પી.એલ. કાર્ડ ધારક છે. મોટાભાગના (૯૯.૪%) કુટુંબોનો પ્રકાર વિભક્ત કુટુંબનો જોવા મળ્યો છે. તે પરથી જાણવા મળે છે કે આદિજાતિમાં છોકરાના લગ્ન થયા પછી અલગ રહેતા હોય છે.

**કુટુંબના સભ્યોની માહિતી :**

જિલ્લાના કુટુંબના સભ્યો અંગેની માહિતી જોઈએ તો ચોથા ભાગથી થોડા વધુ (૨૭.૫%) સભ્યોની ઉંમર ૨૫ થી ૪૦ વર્ષની છે કુટુંબના કુલ સભ્યોમાં અડધાથી વધુ (૫૧.૧%) પુરુષો છે. આ જિલ્લાનું લિંગ પ્રમાણ પ્રતિ હજાર પુરુષોએ ૯૫૬ સ્ત્રીઓનું છે. કુટુંબના સભ્યોમાંથી ત્રણ દશાંશ જેટલા (૩૦.૨%) સભ્યો અભણ છે જે સૌથી વધુ છે. અભ્યાસમાં કુટુંબનું સરેરાશ કદ ૪.૬ સભ્યોનું જોવા મળે છે.

**મકાન અને તેની સવલતો :**

જિલ્લાના બે તૃતીયાંશથી થોડા વધુ (૬૮.૭%) કુટુંબોનાં મકાનો કાચાં છે. ઘરમાં રસોઈ બનાવવા બળતણ તરીકે મુખ્ય લાકડાં અને છાણાંનો ઉપયોગ કરનાર ૯૮% કુટુંબો છે. ઘરની અંદર પીવાના પાણીની મુખ્ય વ્યવસ્થામાં સાત દશાંશ જેટલા (૬૯.૫%) કુટુંબો

હેન્ડપંપનો ઉપયોગ કરે છે. ૯૧.૫% કુટુંબો શૌચાલય માટે ખુલ્લા ખેતર તેમ જ કોતરોનો ઉપયોગ કરે છે. ઘરમાં વીજજોડાણ જોઈએ તો ૭૦.૫% કુટુંબોના ઘરમાં કાયદેસરના મિટરવાળા વીજ-જોડાણ છે.

**જમીન, વ્યવસાય, આવક, ખર્ચ, બચત અને દેવું :**

નર્મદા જિલ્લામાં છ દશાંશ જેટલા (૬૦.૬%) કુટુંબો પાસે જમીન છે. ૩૨.૦% ટકા કુટુંબોની જમીન કુટુંબના વડાના નામે છે. મોટાભાગનાં (૪૨.૯%) કુટુંબોની જમીનની વારસાઈ કરાવવાની બાકી છે.

ખેતી કરનાર બધાં જ કુટુંબો મુખ્યત્વે અનાજનું ઉત્પાદન કરે છે. તે ઉપરાંત તુવેર (૮૬.૧%), કપાસ (૪૬.૨%) જેવા રોકડીયા પાકો પણ વાવે છે.

કુટુંબો એક થી વધુ ક્ષેત્રોમાં આવક મેળવે છે. જેમાં ખેતમજૂરી, નાની-મોટી નોકરી, ધંધો કરતા હોય છે. લગભગ અડધા ભાગ જેટલા (૪૫.૫%) કુટુંબોની વાર્ષિક આવક ૧૨૦૦૧ થી ૨૪૦૦૦ સુધીની છે જેનું પ્રમાણ સૌથી વધુ છે.

મોટા ભાગનાં (૯૮.૮%) કુટુંબો પોતાનો વાર્ષિક ખર્ચ કરિયાણા, અનાજ કે ખાધાખોરાકી પાછળ કરે છે. જિલ્લાના આદિવાસીઓનો સરેરાશ અંદાજિત વાર્ષિક ખર્ચ ૨૫૦૩૮ રૂપિયા છે.

જિલ્લાના લગભગ અડધા ભાગના જેટલા (૪૫.૧%) આદિવાસી કુટુંબો બચત કરે છે. ઘરમાં બચત કરવાનું પ્રમાણ સૌથી વધુ છે. જિલ્લાના ૨૨% કુટુંબોએ દેવું કે ધિરાણ લીધેલ છે. આ દેવું ઘરખર્ચ માટે કરેલું જોવા મળે છે.

**આદિવાસી કુટુંબની સમસ્યાઓ :**

આ અભ્યાસના આદિવાસીઓની મુખ્ય સમસ્યાઓમાં કુટુંબના શિક્ષણ, આરોગ્ય, આર્થિક, વિસ્થાપિતો અને કુટુંબના મુખ્ય પ્રશ્નો વગેરે સમસ્યાઓ જોવા મળે છે. મોટાભાગના એટલે કે છ દશાંશથી ઓછા (૫૮.૨%) કુટુંબોને સસ્તા અનાજની દુકાનમાં મળતી વસ્તુઓથી સંતોષ છે.

**શિક્ષણ :**

જિલ્લાના મોટાભાગના (૫૭.૦%) કુટુંબોમાં બાળકોનો અભ્યાસ હાલમાં ચાલુ છે. જ્યારે ખૂબ ઓછા (ફક્ત ૦.૪%) કુટુંબોનાં બાળકો શિક્ષકના ડરના કારણે અભ્યાસ છોડી દીધેલ છે તેમ જણાવ્યું હતું.

**આરોગ્ય :**

નર્મદા જિલ્લામાં મોટાભાગનાં (૯૬.૩%) કુટુંબોમાં કોઈ જ પ્રકારની ગંભીર માંદગી ન હતી.

**સ્થળાંતર :**

જિલ્લામાં ચાર દશાંશથી ઓછાં (૩૮%) કુટુંબોમાંથી પૂરેપૂરું કુટુંબ અથવા તો કુટુંબના એકાદ બે સભ્યો પોતાના કુટુંબના જીવનનિર્વાહ માટે સ્થળાંતર કરે છે. જે લોકો સ્થળાંતર કરે છે તેમનું સ્થળાંતર કરવાનું મુખ્ય કારણ કુટુંબનું ભરણપોષણ છે, જેનું ૮૩.૪% પ્રમાણ જોવા મળે છે.

**વિસ્થાપિતો / પુનઃવસવાટ :**

જિલ્લામાં ખૂબજ ઓછાં એટલે કે ૩.૬% કુટુંબો વિસ્થાપિત છે. જે કુટુંબોને પુનઃવસવાટ કરવાની ફરજ પડી તેવાં કુટુંબોને સરકાર દ્વારા નક્કી કરેલ જોગવાઈ અનુસાર સુવિધાઓ આપવામાં આવી હતી.

જે કુટુંબોની જમીન ડૂબમાં ગઈ છે તેમની ૬ થી ૧૦ એકર સુધીની ડૂબમાં ગયેલ જમીન ધરાવનારાં બે દશાંશ (૨૦.૨%) કુટુંબો છે જેનું પ્રમાણ વધુ છે. મોટાભાગે એક દશાંશ (૯.૬%) કુટુંબોની ૨ થી ૩ એકર જમીન હાલમાં મૂળ વતનમાં છે તેઓ અવારનવાર મૂળ વતનની જમીનમાં ખેતી કરવા કે દેખરેખ રાખવા માટે જાય છે.

**કુટુંબની મુખ્ય સમસ્યાઓ :**

કુટુંબની મુખ્ય સમસ્યા આજે પણ સ્થાનિક રોજગારી છે. જેનું પ્રમાણ પોણાભાગ જેટલું (૭૧.૨%) જોવા મળે છે. આ ઉપરાંત આવાસની સમસ્યા બીજા નંબરે છે. જે (૫૭.૪%) છે. ત્રીજા નંબરની સમસ્યા સરકારી યોજનાની પૂરતી માહિતી મળતી નથી તેના કારણે આ વિસ્તારના આદિવાસીઓ બીજા અન્ય વિસ્તાર કરતાં પછાત ગરીબ જોવા મળે છે.

**સમસ્યાનો ઉકેલ :**

આદિવાસી કુટુંબના વિકાસને અવરોધક ઘણી બધી

સમસ્યાઓ તેમના દ્વારા જાણી, તે સમસ્યાના ઉકેલો પણ તેમણે જ બતાવેલા છે. તે જોઈએ તો ૭૧.૧% ઉત્તરદાતાઓના મત પ્રમાણે સમસ્યાનો મુખ્ય ઉકેલ સ્થાનિક રોજગારી ઊભી કરવાનો છે. બીજા નંબરનો ઉકેલ આવાસ બનાવી આપવા જોઈએ તેવું જણાવનાર ૫૭.૧% છે. ત્રીજા નંબરનો ઉકેલ સરકારી યોજનાની પૂરેપૂરી જાણકારી આપવી જોઈએ જેનું પ્રમાણ ૪૪.૪% છે. આ ત્રણે ઉકેલો સૌથી અગત્યના અને બીજા ઉકેલો કરતાં વધારે પ્રમાણમાં જોવા મળે છે. આ ઉપરથી કહી શકાય કે તેમણે બતાવેલા ઉકેલ પૂરા કરવામાં આવે તો કોઈ સમસ્યા ના રહે ?

**આદિજાતિના વિકાસનાં અવરોધક પરિબળો :**

ઉપર આપણે તેમના કુટુંબના વિકાસ કે સમસ્યાની ચર્ચા કરી હવે આદિજાતિના વિકાસને અવરોધક પરિબળો વિશે જોઈએ તો મોટાભાગે સ્થાનિક રોજગારીનો અભાવ છે જેનું પ્રમાણ પોણા ભાગથી ઓછું (૭૧.૪%) છે.

**આવાસ :**

નર્મદા જિલ્લાના આદિવાસી કુટુંબોમાંથી માત્ર ચોથા ભાગનાં (૨૪.૭%) કુટુંબોને આવાસયોજનાનો લાભ મળેલ છે એટલે કે હજુ પણ પોણા ભાગનાં કુટુંબોને આવાસયોજનાનો લાભ પહોંચ્યો નથી.

**ખેતીવાડીનાં સાધનો સહાય :**

મોટાભાગનાં એટલે ૮૭.0% જમીન ધરાવતાં કુટુંબોને ખેતીવાડી માટેની કોઈ સહાય મળેલ નથી. મોટાભાગે કૃષિમહોત્સવમાં ખેતીવાડીનાં સાધનો / ઓજારો ખરીદવા માટેની નાણાંકીય સહાય કે મદદ મળેલ છે જેનું પ્રમાણ ૬૪.૯% જોવા મળે છે. ગરીબ કલ્યાણ મેળાથી જિલ્લાનાં માત્ર ૧.૧% કુટુંબોને લાભ મળ્યો છે.

**પશુપાલન :**

અભ્યાસના વિસ્તારમાંથી લગભગ અડધાથી થોડાં ઓછાં ૪૨.૧% કુટુંબો પશુપાલનનો વ્યવસાય કરે છે. જે કુટુંબોએ પશુપાલન યોજનાનો લાભ લીધો છે તેના ૭૧.૭% કુટુંબોને પશુપાલન યોજનાથી ફાયદો થયો છે.

**શિક્ષણ :**

કુટુંબનાં બાળકોનું હાલમાં શિક્ષણ ચાલુ છે અને તેમને શિક્ષાસંબંધે જે લાભ મળ્યો છે તે જોતાં મોટાભાગે (૮૦.૮%) અભ્યાસ કરતાં બાળકોને સ્કોલરશીપનો લાભ મળે છે.

**આરોગ્ય :**

આરોગ્યસંબંધી ક્યા પ્રકારનો લાભ આદિવાસી કુટુંબોએ લીધો છે તે જોતાં મોટાભાગનાં (૬૪.૪%) કુટુંબોને કુટુંબના તમામ સભ્યોનું રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનું સ્માર્ટ કાર્ડ જોવા મળેલ છે.

ઘણાંજ ઓછાં કુટુંબોએ (૨૯.૭%) આરોગ્યલક્ષી રસીઓ (ખાસ બાળકો, સગર્ભા, ધાત્રી માતાઓના સંદર્ભમાં) મુકાવી છે.

જિલ્લાનાં ૧૩.૭% કુટુંબોએ બીમાર પડતાં કે અકસ્માત દરમ્યાન ૧૦૮ની તાત્કાલિક સેવાનો લાભ મેળવેલ છે.

**અંધ/અપંગ, વિધવા, વૃદ્ધ યોજના :**

કુટુંબમાંથી અંધ/અપંગ હોય તેમને મળેલા લાભ વિશે જોઈએ તો મોટાભાગનાં (૭૨.૫%)કુટુંબોની અંધ/ અપંગ વ્યક્તિને કોઈ જ લાભ મળેલ નથી. જે કુટુંબોમાં અશક્ત/વૃદ્ધ વ્યક્તિઓ છે તેમાંથી માત્ર ૧૯.૪% ને જ આ યોજનાનો લાભ મળેલ છે.

જે કુટુંબોમાં વિધવા છે તેમને વિધવા સહાયના લાભની વિગત જોઈએ તો ૭૮.૮% કુટુંબમાં વિધવા સહાયની કોઈ જ સહાય મળેલ નથી.

**ન.રે.ગા. (રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી અધિનિયમ) :**

૮૨.૧% કુટુંબોને નરેગાનું જોબકાર્ડ મળેલ છે.

**વનબંધુ કલ્યાણ યોજના :**

માત્ર ૨૬.3% કુટુંબોને જ વનબંધુ કલ્યાણ યોજનાની જાણકારી છે. વનબંધુ કલ્યાણ યોજના હેઠળ મોટાભાગનાં (૪૮.૧%) કુટુંબોને રોજગારલક્ષી કાર્યક્રમનો

લાભ વધુ મળેલ છે. ટૂંકમાં જિલ્લાના આદિવાસી કુટુંબોને દસ મુદ્દાના કાર્યક્રમનો કોઈ ને કોઈ લાભ મળેલ છે.

**વન અધિકાર અધિનિયમ FRA ૨૦૦૬ :**

વન અધિકાર વિશે જાણકારી હોય કે ના હોય, જંગલ જમીન વર્ષોથી ખેડતાં હોય કે ન હોય તેવાં કુટુંબોમાંથી જંગલ જમીન પાછી મેળવવા માટે આ અધિનિયમ હેઠળ ૧૧.૦% કુટુંબોએ દાવા અરજી કરી હતી તેમાંથી માત્ર ૧૪.૮% કુટુંબોને FRA લાભ મળેલ છે.

આમ, આદિવાસી કુટુંબને મળતી મુખ્ય મુખ્ય યોજનાઓની ચર્ચા કરવામાં આવી છે.

**વિકાસ અંગેનાં સૂચનો :**

૧. આદિવાસી વિકાસ યોજનાઓનો અમલ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા થાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

૨. આદિવાસીઓની જમીનનો વિકાસ થાય, પિયતની સગવડ વધે અને નવી ટેકનોલોજીનો ઉપયોગ કરે તેવા સઘન પ્રયાસો હાથ ધરવા જોઈએ. આ માટે આદિવાસી ખેડૂતોને યોગ્ય તાલીમ આપવાની વ્યવસ્થા કરવી જોઈએ.

૩. જે આદિવાસીઓ પાસે જમીન છે તેમને પોતાની ઊપજનું પૂરતું વળતર મળે તેવાં ખરીદ / વેચાણ કેન્દ્રો સ્થાપવાં જોઈએ.

૪. આદિવાસી વિસ્તારોમાં આરોગ્યની સમસ્યાઓ જટિલ છે રોગોનું પ્રમાણ વધારે છે. આ હકીકતને ધ્યાનમાં લઈને આરોગ્ય કાર્યકરોએ વધારે કાર્યરત રહેવું જોઈએ.

આ સૂચનોની યાદી છેવટની ન ગણતાં તે ઉપરાંત બીજાં કેટલાંક સૂચનોનો સમાવેશ કરવાની સંભાવના થઈ શકે તેમ છે.

**: સંદર્ભનોંધ :**


| ક્રમ | લેખકનું નામ | પુસ્તકનું નામ | પ્રકાશન - વર્ષ |
|---|---|---|---|
| ૧ | જોષી વિદ્યુત | આદિવાસી વિકાસ દર્શન | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪, વર્ષ-૨૦૦૯ |
| ૨ | દવે હર્ષિદા એચ. | માનવશાસ્ત્ર | યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, વર્ષ - ૨૦૦૫ |
| ૩ | નાયક ઠાકોરભાઈ<br>ઉપાધ્યાય ચંદ્રકાંત<br>પરમાર દિલીપ | ગુજરાત રાજ્યમાં વસતા છૂટાછવાયા આદિવાસીઓનો સામાજિક-આર્થિક અભ્યાસ અને તેમને માટેનું આયોજન | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, વર્ષ - ૧૯૯૨ |
| ૪ | પટેલ અંબાલાલ મો. | ભીલનો ઈતિહાસ | ડૉ. અંબાલાલ મો. પટેલ, ૧૩, મહાર એપાર્ટમેન્ટ, સ્વાતિ સોસા. સામે, અમદાવાદ. વર્ષ-૨૦૦૦ |
| ૫ | બાવીસા, ઉમેશભાઈ | ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ (સુરત જિલ્લો) | માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, વર્ષ - ૨૦૦૬ |
| ૬ | ભટ્ટ, અરવિંદ | ગુજરાતના આદિવાસીઓની પિતૃપૂજા | ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ-૧૪,વર્ષ-૧૯૭૩ |
| ૭ | શાહ એ.જી.,દવે જે.કે. | સામાજિક સંશોધનની પદ્ધતિઓ | અનડા પ્રકાશન, અમદાવાદ, વર્ષ-૧૯૮૨-૦૩ |
| ૮ | ડિસ્ટ્રીક્ટ સેન્સસ હેન્ડબુક | ગુજરાત વસતિ ગણતરી અહેવાલ ૨૦૦૧ (હિન્દી બેન્ડબુક) | ભારત સરકાર |
| ૯ | ડિસ્ટ્રીક્ટ સેન્સસ હેન્ડબુક | નર્મદા જિલ્લાનો વસતિગણતરી અહેવાલ-૨૦૦૧ (અંગ્રેજી હેન્ડબુક) | ભારત સરકાર |


❑

# પુસ્તક-પરિચય : સમકાલીન ગુજરાતી સમાજ★

- રમેશ બી. શાહ

ગુજરાતના સમાજનાં વિવિધ પાસાંનો શાસ્ત્રીય અભ્યાસ પર આધારિત લેખોના આ સંચયનું આયોજન બે રીતે થયું છે. એક, સામાજિક સેવામંડળે ૨૦૧૨માં તારાબહેન પટેલની સ્મૃતિમાં 'ગુજરાતના સમાજનાં ૫૦ વર્ષ' એ વિષય પર એક પરિસંવાદનું આયોજન કર્યું હતું. તેમાં ૧૯૬૦માં ગુજરાતનું અલગ રાજ્ય રચાયું એ પછીનાં ૫૦ વર્ષો દરમિયાન ગુજરાતના સમાજનાં વિવિધ પાસાં, તેના વિવિધ જ્ઞાતિસમૂહો અને વર્ગો તેમ જ તેના અર્થકારણ અને રાજકારણમાં આવેલાં પરિવર્તનોનો પરિચય તેમ જ તેની સમીક્ષા અપેક્ષિત હતી. પ્રસ્તુત પરિસંવાદમાં લેખિત સ્વરૂપે પૂરતા નિબંધો ન મળવાથી સંપાદક દ્વારા કેટલાક અભ્યાસીઓ પાસેથી તેમના અભ્યાસના ક્ષેત્રને સ્પર્શતા લેખો મેળવવામાં આવ્યા. સંપાદક ૧૯ લેખો મેળવી શક્યા તે તેમની ગુજરાતના સંદર્ભમાં સિદ્ધિ ગણાય. આ સમગ્ર ઉપક્રમનો હેતુ સંપાદક વિદ્યુત જોષીએ તેમની પ્રસ્તાવનામાં નીચેના શબ્દોમાં રજૂ કર્યો છે :

''ગુજરાત હવે જાપાનની હરીફાઈ કરે છે, દેશનું ચાલીસ ટકા શેરબજારનું રોકાણ ગુજરાતીઓનું છે, ગુજરાત ઔદ્યોગિકીકરણના માર્ગે ગતિ કરી રહ્યું છે, વગેરે વાતો સાથે, હવે ગુજરાતી જાગ્યો છે, હવે તે 'શાંતિભાઈ' કે 'દાળભાતીઓ' નથી વગેરે અનેક વાતો આજે મીડિયા દ્વારા જાહેરમાં આવતી જાય છે. આ બધા શોરબકોર વચ્ચે, ગુજરાત રાજ્યની સ્થાપના પછીનું એટલે કે સમકાલીન ગુજરાત વાસ્તવમાં કેવું છે તેનો ચિતાર આપવાનો પ્રયાસ વિવિધ સમાજવિજ્ઞાનીઓ કરતા રહ્યા છે. આ પુસ્તક આવા વિવિધ સમાજ-વિજ્ઞાનીઓએ જનજીવનનાં વિવિધ પાસાં પર કરેલાં સંશોધનોને આધારે સમકાલીન ગુજરાતી સમાજનો વૈજ્ઞાનિક ચિતાર આપે છે.''

આમ આ પુસ્તકના આયોજનનો ઉદ્દેશ ગુજરાતના સમાજ વિશેની લોકપ્રિય માન્યતાઓને વૈજ્ઞાનિક આધાર પર તપાસીને ગુજરાતનું સાચું ચિત્ર કેવું છે તે શોધવાનો છે. સંપાદકશ્રીએ તેમની પ્રસ્તાવનામાં સ્પષ્ટ કર્યું છે તેમ ''આ તમામ લેખો સંખ્યાત્મક અને ગુણાત્મક હકીકતોના આધારે લખાયા છે, કોઈ પૂર્વગ્રહને આધારે નહિ.'' ટૂંકમાં સમકાલીન ગુજરાતી સમાજને તપાસવાનો આ એક શાસ્ત્રીય પ્રયાસ છે.

ગુજરાતના સમાજનો આવો અભ્યાસ બે અભિગમથી થઈ શકે. એક અભિગમ તુલનાત્મક છે. વીસમી સદીના ઉત્તરાર્ધમાં દેશનાં અન્ય રાજ્યોના સમાજોમાં પણ પરિવર્તનો આવ્યાં જ છે, તેથી દેશનાં અન્ય રાજ્યોના સમાજોના મુકાબલે ગુજરાતના સમાજનાં વિવિધ પાસાંમાં ક્યાં અને કેવાં પરિવર્તનો આવ્યાં છે તે તપાસનો વિષય હોઈ શકે. દા.ત., અન્ય રાજ્યોના આદિવાસીઓની તુલનામાં ગુજરાતના આદિવાસીઓએ શિક્ષણ, આરોગ્ય, કૃષિ વગેરે બાબતોમાં કેવો વિકાસ સાધ્યો છે ? તુલનાત્મક રીતે તેમની જીવનશૈલીની બાબતમાં કેવો બદલાવ આવ્યો છે ? આવો જ તુલનાત્મક અભ્યાસ સ્ત્રીઓ, દલિતો, અન્ય પછાત વર્ગો વગેરેની બાબતમાં થઈ શકે. એ જ રીતે શિક્ષણ, આરોગ્ય, ખેતી, ઉદ્યોગો વગેરે ક્ષેત્રોમાં સધાયેલા વિકાસનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે.

ગુજરાતના (કે અન્ય કોઈ પણ પ્રદેશના) સમાજના અભ્યાસનો બીજો અભિગમ પ્રદેશકેન્દ્રી હોઈ શકે. તે પ્રમાણે ચોક્કસ સમયગાળા દરમિયાન પ્રદેશ (અહીં ગુજરાત)ના સમાજજીવનના પ્રવાહો અભ્યાસનો વિષય બને છે. પણ ગુજરાત કોઈ એક 'વ્યક્તિ' નથી. એ વિવિધ સમૂહોમાં વહેંચાયેલું છે. તેમાં સ્ત્રીઓ અને

★ શ્રસમકાલીન ગુજરાતી સમાજ, સંપા. વિદ્યુત જોષી, પ્રકા. ગુજરાત સામાજિક સેવામંડળ વતી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પ્ર.આ. જાન્યુ. ૧૯૧૩, પૃ.૨૨૮, કિ.રૂ.૨૨૫

પુરુષો, સવર્ણો, દલિતો, આદિવાસીઓ અને અન્ય પછાત વર્ગો છે. એ પ્રત્યેક લોકસમૂહો તેમની જીવનશૈલી, તેમની આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ અને પ્રગતિ વગેરે બાબતોમાં એકમેકથી નોખા પડે છે; એટલું જ નહિ, ગુજરાતમાં આદિવાસીઓની બાબતમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના આદિવાસીઓને અલગ એકમ ગણીને તપાસવા પડે એવા નોંધપાત્ર તફાવતો એમની વચ્ચે છે. આની સાથે સમગ્ર ગુજરાતને એક એકમ ગણીને કેટલાંક ક્ષેત્રોનો અભ્યાસ થઈ શકે, જેમ કે ગુજરાતમાં શહેરીકરણ, સહકારી પ્રવૃત્તિ, આર્થિક વિકાસ વગેરે આ ગ્રંથમાં આ ગુજરાતલક્ષી અભિગમથી લખાયેલા લેખો વાંચવા મળે છે. આમાં પણ બે-ત્રણ લેખો અપવાદરૂપ છે. તેમાં જે તે ક્ષેત્રની ચર્ચા સર્વસામાન્ય રીતે, એટલે કે દેશનાં બધાં રાજ્યોને સ્પર્શે એ રીતે કરવામાં આવી છે.

સંગ્રહમાં કુલ ૧૯ લેખો છે તે પૈકી સમાજશાસ્ત્રીય પાસાં પર લખાયેલા લેખોની સંખ્યા અપેક્ષા રાખી શકાય તે પ્રમાણે મોટી છે. દસ લેખો સામાજિક સાંસ્કૃતિક પાસાં પર છે. તેમાંના એક લેખમાં આદિવાસીઓમાં આવેલા બદલાવની ચર્ચા કરવામાં આવી છે; એક લેખમાં સૌરાષ્ટ્રના અન્ય પછાત વર્ગોમાં સમાવિષ્ટ જ્ઞાતિઓનો પરિચય કરાવવામાં આવ્યો છે. સ્ત્રીઓ પર બે લેખો છે, જેમાં એકમાં ગુજરાતમાં સ્ત્રીઓ પર આચરવામાં આવતી હિંસાનાં કેટલાંક પાસાંની ચર્ચા કરવામાં આવી છે. બીજા લેખમાં ગુજરાતમાં સ્ત્રીઓના આરોગ્યનો ચિતાર આપવામાં આવ્યો છે. દલિતોને સ્પર્શતા બે લેખો પૈકી એક લેખનો વિષય દલિત સાહિત્ય છે અને બીજો લેખ દલિતોએ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે સાધેલી પ્રગતિનો ખ્યાલ આપે છે. ગુજરાતને સર્વસામાન્ય રીતે સ્પર્શતા સમાજશાસ્ત્રીય લેખોમાં 'ગુજરાતની મૂલ્યસૃષ્ટિ', 'ગુજરાતમાં વિકાસનો સાંસ્કૃતિક સંદર્ભ', 'ગુજરાતમાં જ્ઞાતિ અને જ્ઞાતિજનો વગેરે ચાર લેખોનો સમાવેશ થાય છે.

ગુજરાતના રાજકીય પાસાને સ્પર્શતા બે લેખો છે. તેમાંનો એક લેખ 'ગુજરાતની બદલાતી રાજકીય સંસ્કૃતિ એવા શીર્ષક નીચે લખાયો છે, જેમાં ગુજરાતનાં કેટલાંક રાજકીય પાસાંની ચર્ચા કરવામાં આવી છે. બીજા લેખમાં ગુજરાતમાં કોમી અથવા સાંપ્રદાયિક સંબંધોની ચર્ચા કરવામાં આવી છે, જેને ગુજરાતની બદલાતી સંસ્કૃતિનું એક પાસું ગણી શકાય.

ગુજરાતના શહેરીકરણના સામાજિક અને નગર-આયોજનના મુદ્દાઓ એક લેખનો વિષય છે. ઝડપથી શહેરીકરણ પામી રહેલા ગુજરાતના સમાજના એક મહત્ત્વના પાસાની આ લેખમાં ઝીણવટથી ચર્ચા કરવામાં આવી છે. ગુજરાત દેશનું એક ઔદ્યોગિક રાજ્ય છે. એના સંદર્ભમાં ગુજરાતના ઔદ્યોગિક કામદારોને સ્પર્શતો એક લેખ છે તે નોંધપાત્ર બાબત છે.

ગુજરાતનો આર્થિક વિકાસ ૨૧ મી સદીના આરંભથી રાજકીય પ્રચારનો મુદ્દો બન્યો છે. તેના સંદર્ભમાં ગુજરાતના વિકાસને સ્પર્શતા બે લેખો સમીક્ષાત્મક બન્યા છે. એક લેખમાં ગુજરાતની આર્થિક વૃદ્ધિનાં વલણો તપાસવામાં આવ્યાં છે. તેનું એક તારણ એવું છે કે ૧૯૮૧થી ૯૪ના સમયગાળામાં ગુજરાતનો વૃદ્ધિદર ૧૪ થી ૧૭ ટકા જેટલો હતો, જેની તુલનામાં ૨૦૦૧ થી ૨૦૧૧ના વર્ષોમાં તે ૯-૧૦ ટકા જેટલો હતો. બીજા એક લેખમાં ગુજરાતના પાંચ દસકાના આર્થિક અને માનવવિકાસનું સરવૈયું કાઢવામાં આવ્યું છે. ત્રીજા લેખનું શીર્ષક છે : 'ગૌરવ સાથે વિકાસ : આર્થિક પરિપ્રેક્ષ્ય આ લેખ સીધી રીતે ગુજરાતના વિકાસને સ્પર્શતો નથી, પણ ગુજરાતમાં સધાયેલા વિકાસનું મૂલ્યાંકન કરવા માટેનો પરિપ્રેક્ષ્ય તો પૂરો પાડે છે.

ગુજરાત એનાં બિનસરકારી કે સ્વૈચ્છિક સંગઠનો માટે તેમજ સહકારી પ્રવૃત્તિ માટે જાણીતું છે. આ બંને ક્ષેત્રો માટે એક એક લેખ આ સંગ્રહમાં છે.

પુસ્તકમાં સમાવિષ્ટ લેખોની થોડી વર્ણનાત્મક સૂચિ રજૂ કરવાનાં મારા પ્રમોજનો સ્પષ્ટ કરું. એક, ગુજરાતના

સમાજને સ્પર્શતા અનેક પાસાંનો આમાં સમાવેશ થઈ શક્યો નથી, દા.ત., ગુજરાતમાં શૈક્ષણિક વિકાસ ગુજરાતમાં દલિતો પર થતા અત્યાચારો અને અસ્પૃશ્યતાનો પ્રશ્ન, અહિંસક ગણાતા ગુજરાતમાં લાંબા સમય માટે ચાલેલાં કોમી રમખાણો તથા નવનિર્માણ અને અનામતવિરોધી આંદોલનો વગેરે, મુદ્દો એ છે કે ગુજરાતનો અભ્યાસ કરવા માટે હજી અનેક ક્ષેત્રો વણખેડાયેલાં રહ્યાં છે.

બીજું, વિભિન્ન ક્ષેત્રોને સ્પર્શતા લેખોનો આ ગ્રંથમાં સમાવેશ થયો હોવાથી તેની સમગ્રપણે સમીક્ષા કોઈ એક અભ્યાસી અધિકારપૂર્વક કરી શકે નહિ. આમાંના પ્રત્યેક લેખની ચર્ચા જે તે ક્ષેત્રના તજજ્ઞ જ કરી શકે. મતલબ કે પ્રત્યેક લેખ સ્વતંત્ર ચર્ચાનો વિષય બનવો જોઈએ. આ મર્યાદા સ્વીકારીને મેં અહીં ગ્રંથની સમીક્ષા કરી નથી.

ત્રીજું, ઉપર નોંધ્યું છે તેમ ગુજરાતનો સમાજ વિભિન્ન સમુદાયો - વર્ગોમાં વહેંચાયેલો હોવાથી સમગ્ર ગુજરાતને સ્પર્શે એવી સમાજશાસ્ત્રીય સ્વરૂપની વ્યક્તિઓને મર્યાદિત અવકાશ છે. વિદ્યુત જોષીએ 'ગુજરાતની મૂલ્યસૃષ્ટિ'ની ચર્ચામાં પરોક્ષ રીતે આ મુદ્દો નોંધ્યો છે. તેમણે ગુજરાતની મહાજન સંસ્કૃતિનાં અહિંસા, શાકાહાર, જીવદયા, સમાધાનવૃત્તિ વગેરે મૂલ્યોની ચર્ચા કર્યા પછી નોંધ્યું છે. ''આ તો મહદ્ અંશે ગુજરાતની મહાજન સંસ્કૃતિની વાત થઈ. આ મહાજન પરંપરાનું પ્રચલન ત્રીસેક ટકાની આસપાસ હશે. બાકીની પરંપરાઓ (આદિવાસીઓ, કાંઠા વિસ્તારના લોકો, લઘુમતીઓ) વગેરેની મૂલ્યવ્યવસ્થા થોડી અલગ પડે... સૌરાષ્ટ્રની બિનમહાજન કોમોમાં સંઘર્ષ એ ઈચ્છિત મૂલ્ય ગણાતું.''

આ પ્રકારના અભ્યાસલેખો અને તેમને આવરી લેતા ગ્રંથોનું મહત્ત્વ શું છે ? દર્શકનિધિ દ્વારા ૨૦૦૧માં પ્રગટ થયેલા પુસ્તક 'ગુજરાતીઓ અને પૂર્વ આફ્રિકા, ૧૮૫૦-૧૯૫૦, ગુજરાતીપણાની શોધ ના આમુખમાં ભીખુ પારેખે વ્યક્ત કરેલો વિચાર આના સંદર્ભમાં નોંધવા જેવો છેઃ

''મહત્ત્વના દરેક ગ્રંથનું લક્ષણ હોય છે કે તે વાચકને પુનઃ વિચાર કરવા મજબૂર કરે, તેની સાથે અસંમત થવા પ્રેરે.'' એનું ઉદાહરણ આપતા હોય તેમ તેમણે આગળ ઉમેર્યું છે. ''મકરન્દભાઈનું પુસ્તક આમાં અપવાદ નથી. પુસ્તકના શીર્ષકે મને મૂંઝવણમાં મૂકી દીધો છે. 'ગુજરાતીપણું' કોને કહી શકાય, તે અંગે હું અસમંજસમાં છું. 'હિંદુત્વ' કે 'ભારતીયપણાની જેમ આ શબ્દ ગુજરાતીઓમાં અપરિવર્તનીય સત્ત્વ આરોપે છે જે એની મોટી મર્યાદા છે."

આ પુસ્તકમાં સમાવિષ્ટ લેખો આવા મતભેદો અને વિવાદો પ્રેરે તેમાં તેના પ્રકાશનની સાર્થકતા છે.

છેલ્લે એક વાત નોંધવી જોઈએ. ઉક્ત પરિસંવાદ યોજી શકાયો અને આ ગ્રંથનું પ્રકાશન કરી શકાયું તેનો યશ ડૉ. તારાબહેન નારણભાઈ ચેરિટેબલ ટ્રસ્ટ અને તેના ટ્રસ્ટીઓ, વિશેષે કરીને વિમલભાઈ શાહને જાય છે. તેમણે નાણાકીય સહાય આપીને આ શૈક્ષણિક કાર્યને પ્રોત્સાહન આપ્યું. અન્ય ટ્રસ્ટો પણ તેમને અનુસરીને આવી શૈક્ષણિક સંશોધનાત્મક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપશે એવી આશા રાખીએ. ગ્રંથના સંપાદક વિદ્યુતભાઈ ૧૯ જેટલા લેખો મેળવી શક્યા તે માટે તેઓ પણ અભિનંદનને પાત્ર છે.

(આ પુસ્તક ગુજરાત સામાજિક સેવામંડળ પાસેથી માત્ર રૂ. ૧૪૦/- માં મળી શકશે. એ માટે શ્રી ગૌરાંગભાઈ શાહ(મો.: ૯૮૨૫૬૧૫૦૪૯)નો સંપર્ક કરવો.

❑

## પ્રવૃત્તિ અહેવાલ :

## સી. યુ. શાહ આર્ટ્સ કોલેજ દ્વારા આયોજિત ત્રિદિવસીય જ્ઞાનસત્ર

- સારિકા દવે

ગુજરાત લૉ સોસાયટી સંચાલિત સી. યુ. શાહ આર્ટ્સ કૉલેજ દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓ માટે વિષયના અભ્યાસક્રમો ઉપરાંત સહ-અભ્યાસકીય કે અભ્યાસેતર વિષયક્ષેત્રોનું જ્ઞાન મળે તે હેતુથી જ્ઞાનસત્ર યોજવામાં આવે છે. આ વર્ષે તા. ૮-૯ ફેબ્રુઆરી ૨૦૧૩ ના બે દિવસ દરમ્યાન કૉલેજના કે. આર. સંત હૉલમાં જ્ઞાનસત્ર યોજવામાં આવ્યું. ''જ્ઞાન જેવું પવિત્ર કશું જ નથી.'' ભગવદ્‌ગીતાના આ શબ્દો પ્રસ્તુત જ્ઞાનસત્રના કેન્દ્રમાં હતા.

જ્ઞાનસત્રના પ્રથમ દિવસે પદ્મભૂષણથી સન્માનિત પત્રકાર શ્રી દેવેન્દ્રભાઈ પટેલે પત્રકારની સામાજિક નિષ્ઠા અંગે વિસ્તૃત અનુભવ-આધારિત રજૂઆત કરી. સમારંભના અધ્યક્ષ અને લૉ સોસાયટીના રજિસ્ટ્રાર ભાલચંદ્ર જોશી એ પત્રકાર પોતાની કલમ દ્વારા લોકોમાં કેવી સંવેદનાસભર ચેતના અને જાગૃતિ વિકસાવે છે તે જણાવ્યું.

જ્ઞાનસત્રના બીજા દિવસે જાણીતા ગુજરાતી સાહિત્યકાર શ્રી મણિલાલ હ. પટેલે સાહિત્ય દ્વારા સમાજશિક્ષણ અંગેનું ચિંતનાત્મક વક્તવ્ય આપ્યું. તેમણે જણાવ્યું કે સાહિત્ય દ્વારા સમાજજીવનને વાસ્તવિક રીતે સમજી શકાય છે. સાહિત્યથી વ્યક્તિમાં ડહાપણ, સમજણ અને શાણપણ વિકસે છે. તેમણે પોતાનાં જુદાં જુદાં કાવ્યો દ્વારા સમાજશિક્ષણની વાત કરી. અને અધ્યાપકો તેમ જ વિદ્યાર્થીઓને રસતરબોળ કરી દીધા હતા. સમારંભના અધ્યક્ષ અને સીટી કેમ્પસ કૉ.ઓર્ડીનેટર શ્રી વાડીભાઈ પટેલ સાહેબે જુદા જુદા ઐતિહાસિક સંદર્ભો આપીને સાહિત્ય દ્વારા સમાજશિક્ષણ કેવી રીતે મળે છે તે જણાવ્યું. કૉલેજની આ પ્રવૃત્તિને પટેલસાહેબે ખૂબ બિરદાવી હતી, અને સૌને અભિનંદન આપ્યાં હતાં.

જ્ઞાનસત્રના બંને દિવસોએ આચાર્યશ્રી ડૉ. સંજય વકીલ દ્વારા મહેમાનોનું સ્વાગત અને પરિચય આપવામાં આવ્યો. બંને દિવસનું સંચાલન પ્રા.ડી.વી. દાફડાએ અને પ્રા. સારિકાબહેન દવેએ કર્યું હતું.

❑

કુદરતમાં જે ચાલે છે, જેનો લાભ લઈ આપણે જીવીએ છીએ, ફૂલીફાલીએ છીએ એને કહે છે પ્રકૃતિ. (કુદરતની શક્તિ, સૂઝ અને ગોઠવણ એ બધું પ્રકૃતિમાં જ આવી જાય છે.) એમાં ફેરફાર કરવા જતાં માણસે જોયું કે કેટલાક ફેરફારો ગમે તેટલા મજાના લાગે તો પણ સરવાળે એ આપણને હિતકર નથી. આખું જીવન બગડી જાય એવા ફેરફાર શા કામના ? બીજા કેટલાક ફેરફારો માણસને બધી રીતે ફાવતા આવ્યા. કેમકે એ ફેરફારો દ્વારા માણસ પોતાની શક્તિ વધારી શક્યો, એની ઉંમર વધી, કુદરત ઉપરનો કાબૂ વધ્યો અને સૌથી વધારે એ પોતાના મન અને બુદ્ધિ ઉપર પણ કાબૂ મેળવી પોતાનું જીવન વધારે હિતકર બનાવી શક્યો. એટલે એણે નક્કી કર્યું કે જે પ્રવૃત્તિથી માણસને સરવાળે લાભ છે, ઉન્નતિ છે, ઉત્કર્ષ છે તે પ્રવૃતિને 'સંસ્કૃતિ' કહેવાય. આ રીતે માણસના જીવનમાં પ્રકૃતિ, વિકૃતિ અને સંસ્કૃતિની રમત ચાલ્યા કરે છે. એ છે સરવાળે મનુષ્ય-જીવન. માણસને મન એટલે એને વિચાર કરવાની ટેવ પડી. એને જ આપણે 'મનન' કહીએ છીએ. એ મન ઉપરથી જ 'મનુષ્ય' શબ્દ માણસે પોતાને માટે ચલાવી લીધો. (મનનાત્ મનુષ્યઃ)

**-કાકાસાહેબ કાલેલકર**

# પર્યાવરણ પરત્વે સમજ

જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે નિસર્ગનિર્મિત પર્યાવરણ બહુમૂલ્ય ખજાનો છે. આ ખજાનો ખાલી કરવાનું દુઃસાહસ ખુદ માણસને જ ભારે પડનાર છે. આ ખજાનાને કામધેનુની જેમ સાચવવો માનવના હિતમાં છે. કામધેનુના દોહન સાથે સાથે તેના નિર્વાહ માટે તેને નાગરવેલ નીરવાની જરૂર છે. માત્ર શોષણ કરવાથી ગમે તેવી કામધેનુ કે ખજાનાનો અંત આવે છે. જીવસૃષ્ટિ જેના ઉપર નિર્ભર છે તેવા પર્યાવરણનું મહત્ત્વ સમજી તેની માવજત અનિવાર્ય છે. માણસ તેની જીવનજરૂરિયાતો માટે પર્યાવરણીય ઘટકોનો ઉપયોગ કરે તે સ્વાભાવિક છે, પણ તે લોભ કે અવિવેક ન કરે તે જરૂરી છે. કારણ કે "Nature has enough to fulfill the needs of man, but nature does not have enough to fulfill the greed of man." Need અને Greed વચ્ચેનો ભેદ ભૂલીને માણસે છેલ્લા થોડાક દાયકાઓમાં કુદરતની તાસીર વિકૃત કરી નાખી છે. આથી માણસે પર્યાવરણ પરત્વે સમજ અને સાવધાની કેળવવાં જરૂરી છે.

નિરક્ષરતાથી માણસ મૂંઝવણ અનુભવે છે, પણ પર્યાવરણના નિયમોના ભંગથી માણસ ટપોટપ મરવા માંડે છે. એટલે પર્યાવરણની સુરક્ષા માટે સરકારોએ સંનિષ્ઠ પ્રયાસો કરવા પડશે. આદત મુજબ સરકારો આડી ફાટે ત્યારે ઉચ્ચ શિક્ષણ સાથે નિસબત ધરાવનાર સૌ કોઈએ પર્યાવરણના ભંગ બદલ સરકારના કાન પકડી, ન માને તો તગડી મૂકવાની તૈયારી રાખવી પડશે. તેથી પ્રત્યેક નાગરિક પર્યાવરણનું મહત્ત્વ સમજશે તો આ ક્ષેત્રે સરકારોને પ્રબુદ્ધ કરવામાં ઝાઝી મુશ્કેલી નહીં પડી.

**-પી. સી. પાંડે**

(દૃષ્ટિમાં આવેલા લેખને આધારે)

**લેખકોને...**

- સામાજિક સેવામંડળના ઉદ્દેશને અનુરૂપ ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલાં વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ કે સંશોધનો, સામાજિક, રાજકીય તેમજ આર્થિક પ્રશ્નોનો સમાવેશ થાય તેવા લેખો આવકાર્ય છે.
- વિવેચનાત્મક લેખો, ગ્રંથાવલોકનો, સમાજ પરિવર્તનના પ્રયત્નો સંબંધિત લખાણો તેમ જ સમાજ-વિજ્ઞાનોના શોધ-સમાચારો આવકાર્ય છે.
- લખાણ ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં લખી શકાશે અને લેખ માન્ય પદ્ધતિ મુજબ સંદર્ભસૂચિ સાથે હોય એ અપેક્ષિત છે.
- સમાજકારણમાં પ્રકાશિત થતા લેખો અંગેના અભિપ્રાયો મોકલવા માટે લેખકો તેમ જ વાચકોને આમંત્રણ છે.

ભવિષ્યમાં મનુષ્યનો વિકાસ થશે, તેની ચૈતનાનો વ્યાપ-વિસ્તાર અનેક દિશામાં થશે એથી તે આ જીવનસાગરને તેમજ સંવેદનશીલતાને જાણી લે કે જેનાથી આ આખું વિશ્વ બન્યું છે. મારા માટે તે સંવેદનશીલતા અને ચેતના, જેનાથી આ પૂર્ણ અસ્તિત્વ બન્યું છે, એ એક માત્ર ઈશ્વર છે - તેની પૂજા નથી કરવાની, (પણ) તેને પ્રેમ કરવાનો છે.

વધુ ને વધુ મિત્ર બનાવો; અને જેમ-જેમ તમારી મૈત્રી જુદા-જુદા વિસ્તારો/ક્ષેત્રોમાં ઊંડી ઊતરવા લાગશે, તેમ-તેમ તમને લાગશે કે તમે સમૃદ્ધ થી સમૃદ્ધતર થવા લાગ્યા છો, તમારી પોતાની બઢતી ઊંચાઈ પણ ગૌરીશંકરના શિખરને સ્પર્શ કરવા લાગી છે. તમારી પોતાની ગહનતા પ્રશાંત મહાસાગરના ઊંડાણ સાથે હોડમાં ઊતરવા લાગશે.

જેનું હું નિરંતર સ્વપ્ન જોયા કરું છું, તેવો નવો માનવ ઈશ્વરનો અસ્વીકાર કરશે અને સંસારનો સ્વીકાર કરશે. પરંતુ તેનો સંસાર ઐશ્વર્યથી ભર્યોભર્યો હશે. જૂનો માનવ મંદિરોમાં, મસ્જિદોમાં, ગિરિજાઘરોમાં જડમૃત ઈશ્વરને પૂજતો રહ્યો છે. નવો માનવ પોતાના જીવંત ઈશ્વરને વૃક્ષોમાં, પક્ષીઓમાં, નદીઓમાં, સાગરમાં, પર્વતોમાં અને તારાઓમાં મેળવશે. તે વિશ્વ આખાને મંદિરમાં પરિવર્તિત કરી દેશે.

**-'ઓશો'-રજનીશ**

## વિકાસ

આ જગતમાં પ્રત્યેક રાષ્ટ્ર, પ્રત્યેક મનુષ્યને વિકાસ અને ઉન્નતિનો સંપૂર્ણ અધિકાર છે. પરંતુ પ્રગતિ તેમજ લાભ આ ધરતી અને માનવીય જીવનની ઉપેક્ષા ન કરી શકે, વિકાસ સુંદર છે પરંતુ એ આપણી આ પ્યારી ધરતી અને તેના પર ખીલતા જીવન પ્રત્યે પ્રેમભર્યો હોય ત્યારે પ્રિય છે, અન્યથા એક ખૂબ મોટી ત્રાસદાયી સ્થિતિ આપણી રાહ જોઈ રહી છે.

## • સંપાદકીય •

સમાજકારણ ગુજરાત સામાજિક સેવામંડળનું મુખપત્ર છે. તેના દ્વારા સામાજિક પરિવર્તન અને સમાજના પ્રશ્નો પરત્વે વૈજ્ઞાનિક અભિગમ કેળવવાનો પ્રયત્ન કરવામાં આવે છે, આથી મહદ્-અંશે સંશોધન લેખોનો આગ્રહ સેવવામાં આવે છે. ૨૦૧૩ના વર્ષનો આ બીજો અંક નક્કી થયા મુજબ જૂન-જુલાઈ માસમાં પ્રકાશિત થઈ રહ્યોં છે તેનો આનંદ છે.

પ્રસ્તુત અંકમાં ગાંધીના આર્થિક વિચારો તેમજ સામાજિક શાસ્ત્રો અને વૈજ્ઞાનિક પદ્ધતિ, આદિવાસીઓ પરના, ઐતિહાસિક તેમજ ગ્રાહક સંસ્કૃતિના સંસ્થાન તરીકે જાહેર ખબર પરના અભ્યાસ લેખને સમાવ્યા છે. અલબત્ત સમાજકારણમાં તમામ સામાજિક વિજ્ઞાનોના સંશોધન તેમજ અભ્યાસલેખોને આવકારવામાં આવે છે. એ ઉપરાંત પુસ્તકસમીક્ષા, પુસ્તકપરિચય તેમ જ સામાજિક શાસ્ત્રોને અનુલક્ષીને થયેલી પરિષદ કે પરિસંવાદના અહેવાલોને પણ સમાવાય છે. આગામી અંકોમાં પણ સામાજિક વિજ્ઞાનોની પ્રવૃત્તિઓ અંગેના અહેવાલો મોકલવામાં આવશે તો સમાજકારણમાં છાપવામાં આવશે. આશા છે કે આ અંક પણ અગાઉની જેમ જ વાચકોનો આવકાર પામશે. વિદ્વાનો અને વાચકોનાં જરૂરી સૂચનો લેખકો માટે અને સંપાદનકાર્યમાં સામેલ સૌના માટે આવકારદાયક બની રહેશે.

સાંપ્રત સમયમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની અપેક્ષા અને જરૂર મુજબ અધ્યાપકો દ્વારા સંશોધન તેમજ લેખન-પ્રકાશન અનિવાર્ય બન્યું છે તેથી અધ્યાપકો સંશોધન અને લેખન-પ્રવૃત્તિ તરફ વળે અને ISSN No વાળા આ સામયિકમાં પ્રકાશિત કરવા પ્રમાણિત લેખો મોકલે તે આવકાર્ય છે. આ સામયિક પૂર્વસમીક્ષિત (referred) હોવાથી સમીક્ષકનો અભિપ્રાય આખર ગણાશે.

સુજ્ઞ વાચકોને વિદિત છે તે મુજબ આ અંક પણ ડૉ. તારાબહેન પટેલ ચેરિટેબલ ટ્રસ્ટની સહાયથી પ્રકાશિત થઈ રહ્યો છે. આ વિદ્યાકીય પ્રવૃત્તિને વિકસાવવા માટે સખાવત આવકાર્ય છે.